અમદાવાદથી પ્રકાશિત થતું ગુજરાતી દૈનિક

# ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત

25 JUNE-2026 THURSDAY | Vol. : 17 | Issue : 353 | Page: 08 | PRICE: 2-00/- | Ahmedabad

Ahmedabad

તંત્રીઃ પટેલ સુરેશ રમણલાલ

» ઓફિસ : 315, સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રો, વસ્ત્રાપુર, અમદાવાદ - 380015. » ટેલિફોન : 079-26765733 » E-Mail : cnngujarat@yahoo.com, cnngujarat@gmail.com » RNI Reg. No. GUJGUJ/2009/28886

3



દાવોઃ ટ્રમ્પ ટેરિફને લઈને કોમર્સ મિનિસ્ટર પર ભડક્યા હતાઃ કહ્યું- ભારત અમેરિકી સામાન પર 175% ટેરિફ લગાવે છે....

4



ચોમાસું અટકી ગયું : જૂન મહિનામાં 46 ટકા વરસાદની ઘટ

6



લગ્નની લાલચે શારીરિક શોષણ કરવાનો આરોપ, IPL રમનારા ભારતીય ખેલાડીની મુશ્કેલી વધી

7



સોના-ચાંદીના ભાવ તૂટ્યાંઃ ચાંદી 2 દિવસમાં 11 હજાર સસ્તી થઈ, સોનું આ મહિને 12,573 રૂપિયા સસ્તું થયું

# મસૂદ પેઝેશકિયને PM મોદીને ખામેનીના અંતિમ સંસ્કારમાં હાજરી આપવા આમંત્રણ મોકલ્યું

## અમેરિકી સેનેટમાં ઈરાન યુદ્ધ વિરુદ્ધ પ્રસ્તાવ પસાર, ટ્રમ્પને સૈન્ય કાર્યવાહી રોકવા કહ્યું

**તહેરાન, તા.24**

ઈરાનના રાષ્ટ્રપતિ મસૂદ પેઝેશકિયને વડાપ્રધાન નરેન્દ્ર મોદીને ઈરાનના સર્વોચ્ચ નેતા અયાતુલ્લાહ અલી ખામેનીના રાજકીય અંતિમ સંસ્કાર સમારોહમાં હાજરી આપવા માટે ઔપચારિક આમંત્રણ મોકલ્યું છે. ખામેનીનું ફેબ્રુઆરીમાં અમેરિકી-ઈઝરાયલી હવાઈ હુમલામાં મૃત્યુ થયું હતું.

તેમની અંતિમ વિદાય સંબંધિત કાર્યક્રમો 4 જુલાઈથી શરૂ થઈને 9 જુલાઈ સુધી ચાલશે. જોકે, હજુ એ નક્કી નથી થયું કે ભારત તરફથી PM મોદી જશે કે અન્ય કોઈ પ્રતિનિધિ હાજરી આપશે. ખામેનીના નિધન બાદ ભારત તરફથી વિદેશ સચિવ વિક્રમ મિસરીએ નવી દિલ્હી સ્થિત ઈરાની દૂતાવાસ જઈને શોક વ્યક્ત કર્યો હતો. તો બીજી તરફ, અમેરિકી સંસદના ઉપલા ગૃહ સેનેટે ઈરાન યુદ્ધ વિરુદ્ધ પ્રસ્તાવ પસાર કર્યો છે. 50-48 મતોથી મંજૂર થયેલા આ પ્રસ્તાવમાં અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પને ઈરાન વિરુદ્ધ સૈન્ય કાર્યવાહી રોકવા માટે કહેવામાં આવ્યું છે. આ પહેલા હાઉસ ઓફ રિપ્રેઝન્ટેટિવમાં પણ આ પ્રસ્તાવને મંજૂરી મળી ચૂકી છે.

1973ના વોર પાવર્સ એક્ટ પછી આ પહેલો પ્રસંગ છે, જ્યારે અમેરિકી કોંગ્રેસના બંને ગૃહોએ કોઈ રાષ્ટ્રપતિ પાસેથી યુદ્ધ જેવી કાર્યવાહી સમાપ્ત કરવાની માગ કરી છે. મતદાન દરમિયાન ચાર રિપબ્લિકન સાંસદોએ પણ ડેમોક્રેટ્સનો સાથ આપ્યો, જેનાથી ટ્રમ્પની પાર્ટીની અંદર વધતી બળવાખોરી પણ સામે આવી.

જોકે વ્હાઈટ હાઉસે કહ્યું છે કે આ પ્રસ્તાવની કોઈ કાનૂની અસર નહીં થાય અને અમેરિકી સૈન્ય કાર્યવાહી પહેલાથી જ સમાપ્ત થઈ ચૂકી છે. આ દરમિયાન અમેરિકી વિદેશ મંત્રી માર્કો રુબિયો UAE, બહેરીન અને કુવૈતની મુલાકાતે પહોંચ્યા છે. તેમનો હેતુ અમેરિકા-ઈરાન કરારને લઈને ખાડી દેશોની ચિંતાઓને દૂર કરવાનો છે. આ દેશોને આશંકા છે કે કરારથી હોર્મુઝ સ્ટ્રેટમાં ઈરાનનો પ્રભાવ વધી શકે છે. સાથે જ કરારમાં ઈરાનના મિસાઈલ કાર્યક્રમ પર કોઈ સ્પષ્ટ શરત ન હોવાથી પણ સવાલો ઉઠી રહ્યા છે. અમેરિકા અને ઈરાન વચ્ચે ચાલી રહેલી વાટાઘાટોમાં ઈરાનના પુનર્નિર્માણ માટે 300 અબજ ડોલરના સંભવિત ભંડોળ પર પણ ચર્ચા થઈ રહી છે. એવું માનવામાં આવે છે કે આમાં ખાડી દેશો પાસેથી આર્થિક સહયોગ માંગી શકાય છે. આવી સ્થિતિમાં, વોશિંગ્ટન તેના સહયોગી દેશોનો ટેકો મેળવવાનો પ્રયાસ કરી રહ્યું છે.



ઈરાનના રાષ્ટ્રપતિ પાકિસ્તાન પહોંચ્યાઃ ઈરાનના રાષ્ટ્રપતિ મસૂદ પજશકિયાન એક દિવસની યાત્રા પર પાકિસ્તાન પહોંચ્યા. આ દરમિયાન અમેરિકા અને ઈરાન વચ્ચે થયેલી પીસ ડીલ પર ચર્ચા થઈ. ભારત સાથે સંકળાયેલા 11 જહાજોએ હોર્મુઝ પાર કર્યુંઃ અમેરિકા-ઈરાન વચ્ચે 17 જૂને થયેલા કરાર બાદ અત્યાર સુધીમાં 11 જહાજો હોર્મુઝ પાર કરીને ભારત તરફ રવાના થઈ ચૂક્યા છે.

હોર્મુઝમાંથી 1.9 કરોડ બેરલ તેલ પસાર થયુંઃ અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે દાવો કર્યો કે સોમવારે હોર્મુઝમાંથી 1.9 કરોડ બેરલ તેલની અવરજવર થઈ, જે અત્યાર સુધીનો રેકોર્ડ છે.

ઈઝરાયલ પોતાના હથિયારો જાતે બનાવશેઃ ઈઝરાયલી PM એ કહ્યું કે ઈઝરાયલને પોતાની સુરક્ષા માટે અમેરિકા પર સૈન્ય નિર્ભરતા ઓછી કરવી પડશે અને જાતે હથિયારો બનાવતા શીખવું પડશે.

ટ્રમ્પે ઈરાનને ફરીથી ધમકી આપીઃ ટ્રમ્પે કહ્યું કે જો ઈરાન કરારનું પાલન નહીં કરે અથવા યોગ્ય રીતે વર્તન નહીં કરે, તો તેઓ ફરીથી કાર્યવાહી કરવા તૈયાર છે. ઈરાન યુદ્ધ શરૂ થયા પછી પહેલીવાર અમેરિકી ક્રૂડ ઓઈલની કિંમત 70 ડોલર પ્રતિ બેરલથી નીચે આવી ગઈ છે. બુધવારે અમેરિકી બેન્ચમાર્ક વેસ્ટ ટેક્સાસ ઈન્ટરમીડિયેટ (WTI)ની કિંમત 4.4% ઘટીને 70 ડોલરથી નીચે પહોંચી ગઈ. જ્યારે વૈશ્વિક બેન્ચમાર્ક બ્રેન્ટ ક્રૂડ પણ 4.6% ઘટીને 73.50 ડોલર પ્રતિ બેરલ પર આવી ગયું. આ પણ ઈરાન યુદ્ધ શરૂ થયા પછીનું સૌથી નીચું સ્તર છે. અમેરિકન રિસર્ચ સંસ્થા પ્યુ રિસર્ચ સેન્ટરના નવા રિપોર્ટ અનુસાર, ઈરાન યુદ્ધ દરમિયાન પાકિસ્તાન એકમાત્ર મુસ્લિમ-બહુલ દેશ રહ્યો જ્યાં અમેરિકા પ્રત્યે લોકોનો અભિપ્રાય સુધર્યો. રિપોર્ટમાં કહેવામાં આવ્યું છે કે અમેરિકા-ઈરાન વાટાઘાટોમાં મધ્યસ્થીની ભૂમિકા ભજવવાથી પાકિસ્તાનમાં અમેરિકાની છબી સુધરી. જોકે, તેનો અર્થ એ નથી કે પાકિસ્તાનીઓને ડોનાલ્ડ ટ્રમ્પ પર ભરોસો છે. સર્વેમાં 82% પાકિસ્તાનીઓએ કહ્યું કે તેમને ટ્રમ્પ પર ભરોસો નથી, જ્યારે માત્ર 12% લોકોએ તેમના પર વિશ્વાસ વ્યક્ત કર્યો. રિપોર્ટમાં એ પણ સામે આવ્યું કે 76% પાકિસ્તાનીઓ માને છે કે અમેરિકા તેમના દેશના આંતરિક મામલાઓમાં દખલગીરી કરે છે. એટલે કે, અમેરિકા પ્રત્યે સકારાત્મક વિચાર વધ્યો છે, પરંતુ તેના ઈરાદાઓ અને નેતૃત્વ પ્રત્યે શંકા હજુ પણ યથાવત છે. અમેરિકી રાષ્ટ્રપતિ ટ્રમ્પે કહ્યું છે કે તેમણે જસ્ટિસ ડિપાર્ટમેન્ટને ઓઈલ કંપનીઓની તપાસ કરવાનો આદેશ આપ્યો છે. ટ્રમ્પનો આરોપ છે કે ક્રૂડ ઓઈલના ભાવ ઝડપથી ઘટી રહ્યા છે.

# શિવસેના ઉદ્ધવ જૂથને સંસદમાં ઓફિસ ખાલી કરવી પડશે

## વિભાજન પછી સાંસદોની સંખ્યા 5થી ઓછી થઈ, 2 સાંસદ લોકસભા સ્પીકરને મળશે



**મુંબઈ, તા.24**

શિવસેના (UBT) ને સંસદ ભવનમાં પોતાની હાલની ઓફિસ ખાલી કરવી પડી શકે છે. સંસદ ભવનના નિયમો અનુસાર, ફક્ત 5 કે તેથી વધુ સાંસદો ધરાવતી પાર્ટીને સંસદ ભવનમાં ઓફિસ મળી શકે છે. લોકસભા અધ્યક્ષ જેવી જ છ સાંસદોના શિંદે જૂથમાં વિલિનીકરણને ઔપચારિક માન્યતા આપી દે છે. UBT પાસે ફક્ત 4 સાંસદો (3 લોકસભા અને 1 રાજ્યસભા) રહી જશે. આવી સ્થિતિમાં સંસદ ભવનમાં તેમને પોતાની હાલની ઓફિસ (128A) ખાલી કરવી પડી શકે છે.

પાર્ટીના બે લોકસભા સાંસદો અનિલ દેસાઈ અને અરવિંદ સાવંત બુધવારે સાંજે લોકસભા સ્પીકર ઓમ બિરલાના ચેમ્બરમાં તેમની મુલાકાત લેશે.

મહારાષ્ટ્રમાં ઉદ્ધવ ઠાકરેની શિવસેનામાં 22 જૂને બળવો થયો હતો. લોકસભાના કુલ 9 માંથી 6 સાંસદો પાર્ટીથી અલગ થઈને ડેપ્યુટી સીએમ એકનાથ શિંદેની શિવસેનામાં સામેલ થઈ ગયા હતા. શિંદે સાથે તમામ 6 સાંસદોએ મુંબઈમાં પ્રેસ કોન્ફરન્સ કરીને વિભાજનની જાહેરાત કરી. શિંદેએ કહ્યું, 'જ્યારે 2022માં અમે પાર્ટી અને ધનુષ-બાણ બચાવવા માટે વિદ્રોહ કર્યો હતો, ત્યારે 40 ધારાસભ્યો હતા અને હવે અમે છગ્ગો માર્યો છે.' તેમણે કહ્યું, 'અમારી લડાઈ બાલાસાહેબના વિચારોને બચાવવા માટે છે, એટલા માટે આજે આ 6 સાંસદો બાલાસાહેબની અસલી શિવસેનામાં જોડાયા.' ઉદ્ધવ શિવસેનાના વડા રહ્યા ત્યાં સુધીમાં પાર્ટીમાં 4 વર્ષમાં આ બીજો મોટો બળવો છે. 14 જૂને ઉદ્ધવ ઠાકરેએ મહારાષ્ટ્રમાં સંસદીય દળની બેઠક બોલાવી હતી. મીડિયા રિપોર્ટ્સ અનુસાર, તેમાં 4 સાંસદો પહોંચ્યા ન હતા. ત્યારથી પાર્ટીમાં ભંગાણ પડવાની અટકળો લગાવવામાં આવી રહી હતી. છેલ્લા 3 મહિના દરમિયાન વિપક્ષી જૂથના 27 સાંસદોએ પોતાની પાર્ટીથી બળવો કરીને ભાજપ અથવા NDA ને સમર્થન આપ્યું છે. તેમાં 7 AAP ના રાજ્યસભા સાંસદ અને 20 TMC ના લોકસભા સાંસદ છે. શિવસેના (UBT) માં ભંગાણની અટકળો વચ્ચે સુહેલદેવ ભારતીય સમાજ પાર્ટી (SBSP) ના ચીફ અને યુપીના મંત્રી ઓમ પ્રકાશ રાજભરે દાવો કર્યો કે સમાજવાદી પાર્ટીમાં મોટું ભંગાણ થવાનું છે.

# કોકરોચ પાર્ટીના સ્થાપક દીપકે કહ્યું- અમે આતંકવાદી નથી.....

## શિક્ષામંત્રીના હાથ વિદ્યાર્થીઓના લોહીથી રંગાયેલા, પ્રધાને CJPને આતંકવાદીઓની B ટીમ કહી હતી

**નવી દિલ્હી, તા.24**

કોકરોચ જનતા પાર્ટી (CJP)એ મંગળવારે દિલ્હીના જંતર-મંતર પર સતત ચોથા દિવસે પોતાનો ધરણા-પ્રદર્શન ચાલુ રાખ્યો. આ દરમિયાન દીપકેએ શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાનના આતંકવાદીઓની B ટીમ વાળા નિવેદનનો જવાબ આપ્યો.

દીપકેએ કહ્યું, 'વિચારો પ્રધાને શું કહ્યું. જ્યારે અમે તે વિદ્યાર્થીઓ માટે ન્યાયની માગ કરી રહ્યા છીએ, જેમણે આત્મહત્યા કરી છે. તેમણે કહ્યું કે CJP આતંકવાદીઓની B ટીમ છે. અભિજીતે કહ્યું-

આ પછી X પર એક અન્ય પોસ્ટમાં દીપકેએ લખ્યું, 'ધર્મેન્દ્ર પ્રધાન અમને આતંકવાદી કહે છે. વિડંબના એ છે કે તેમના હાથ 17થી વધુ વિદ્યાર્થીઓના લોહીથી રંગાયેલા છે.'

કેન્દ્રીય શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાને મંગળવારે NDTVને



આપેલા ઈન્ટરવ્યૂમાં કહ્યું કે જેમને લોકશાહીમાં નકારી કાઢવામાં આવ્યા હતા, તેઓ વેશ બદલીને આવ્યા છે અને હવે સિસ્ટમની પાછળ પડ્યા છે. તેઓ એવા લોકો માટે નારા લગાવે છે, જેઓ દેશને વહેંચવા માગે છે. તેમની ઓળખ થઈ ગઈ છે.

પ્રધાને એમ પણ કહ્યું કે કેટલાક લોકો જાણી જોઈને શિક્ષણને પાટા પરથી ઉતારવાનો પ્રયાસ કરી રહ્યા છે. પછી ભલે તે કોચિંગ સેન્ટરવાળા હોય કે શિક્ષણ માફિયા હોય, તેમના પર નજર રાખવામાં આવી રહી છે. અમે તેમને ઘૂંટણિયે પાડીશું, નહીં તો અમે દેશના બાળકોના ભવિષ્યને સુરક્ષિત કરી શકીએ નહીં.

કોકરોચ જનતા પાર્ટી (CJP)ની શરૂઆત ચીફ જસ્ટિસ સૂર્યકાંતની એક કમેન્ટ પછી થઈ. 15 મેના રોજ એક કેસની સુનાવણી દરમિયાન તેમણે કહ્યું હતું કે કેટલાક બેરોજગાર યુવાનો કોકરોચ જેવા હોય છે, જે પાછળથી મીડિયા, સોશિયલ મીડિયા અથવા RTI કાર્યકર્તા બનીને સિસ્ટમ પર હુમલો કરે છે.

આ કમેન્ટના બીજા દિવસે, 16 મેના રોજ અમેરિકામાં રહેતા અભિજીત દીપકે CJPની શરૂઆત કરી અને સોશિયલ મીડિયા પર પાર્ટીના એકાઉન્ટ બનાવ્યા. 22 મેના રોજ તેમણે કેન્દ્રીય શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાનના રાજીનામાની માગ સાથે એક ઓનલાઈન અરજી શરૂ કરી, જેને 8 લાખથી વધુ લોકોનું સમર્થન મળવાનો દાવો કરવામાં આવ્યો.

# કેન્દ્રીય મંત્રીમંડળની બેઠક યોજાઈ, રાષ્ટ્રપતિને પણ મળ્યા હતા PM મોદી

## કેબિનેટ ફેરબદલની ચર્ચા, AAP, TMC અને ઉદ્ધવ જૂથના સાંસદોને મળી શકે છે તક

**નવી દિલ્હી, તા.24**

મોદી સરકારની કેન્દ્રીય કેબિનેટની આજે બેઠક યોજાવાની છે. આ બેઠક એટલા માટે પણ મહત્વની છે કારણ કે એક દિવસ પહેલા બે હલચલ જોવા મળી હતી. હકીકતમાં, મંગળવારે સવારે કેન્દ્રીય રાજ્ય મંત્રી જ્યોર્જ કુરિયને મંત્રી પદ પરથી રાજીનામું આપી દીધું હતું. તેમનો રાજ્યસભા કાર્યકાળ સમાપ્ત થઈ ગયો હતો અને ભાજપે તેમને ફરીથી રાજ્યસભામાં મોકલ્યા ન હતા.

કુરિયન લઘુમતી બાબતોના મંત્રાલય અને મત્સ્યપાલન, પશુપાલન અને ડેરી મંત્રાલયમાં રાજ્ય મંત્રી હતા. રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુએ તેમનું રાજીનામું સ્વીકારી લીધું છે. આ દરમિયાન સાંજે રાષ્ટ્રપતિ ભવનમાં પદ્મ પુરસ્કાર સમારોહ પછી PM મોદીએ રાષ્ટ્રપતિ સાથે મુલાકાત કરી.

આવી સ્થિતિમાં, ચર્ચા છે કે કેન્દ્ર સરકાર ટૂંક સમયમાં



કેબિનેટમાં ફેરબદલ કરી શકે છે. આ વખતે AAP, TMC અને ઉદ્ધવ જૂથમાંથી આવેલા સાંસદોને તક મળી શકે છે.

ભાજપે તાજેતરની રાજ્યસભા ચૂંટણીમાં કેન્દ્રીય મંત્રી જ્યોર્જ કુરિયન અને રવનીત સિંહ બિટ્ટુને ફરીથી ઉમેદવાર બનાવ્યા નથી. જ્યોર્જ કુરિયનનો રાજ્યસભા કાર્યકાળ 21 જૂને સમાપ્ત થયો અને તેમણે મંત્રી પદ છોડી દીધું.

રવનીત સિંહ બિટ્ટુનો કાર્યકાળ પણ પૂરો થઈ ગયો છે, પરંતુ તેમણે હજુ રાજીનામું આપ્યું નથી. નિયમો અનુસાર, બિટ્ટુ 6 મહિના સુધી સાંસદ બન્યા વિના મંત્રી રહી શકે છે.

રવનીત સિંહ બિટ્ટુએ સંકેત આપ્યા છે કે તેઓ પંજાબની રાજનીતિમાં સક્રિય ભૂમિકા ભજવવા માંગે છે. તેમણે કહ્યું છે કે આવતા વર્ષે યોજાનારી વિધાનસભા ચૂંટણીમાં તેઓ ચૂંટણી લડી શકે છે અને પંજાબમાં કામ કરવા માગે છે.

ભાજપની અંદર 'વન મેન, વન પોસ્ટ' સિદ્ધાંત પણ ફેરબદલનું કારણ માનવામાં આવી રહ્યું છે. હર્ષ મલ્હોત્રાને તાજેતરમાં દિલ્હી ભાજપ અધ્યક્ષ બનાવ્યા છે, જ્યારે તેઓ કેન્દ્રમાં મંત્રી પણ છે. પંકજ ચૌધરી ઉત્તર પ્રદેશ ભાજપ અધ્યક્ષ છે અને નાણા રાજ્ય મંત્રી પણ. રાજકીય વર્તુળોમાં ચર્ચા છે કે સંગઠનાત્મક જવાબદારી મળ્યા પછી આ નેતાઓને મંત્રી પદ છોડવું પડી શકે છે.

તાજેતરના મહિનાઓમાં ઘણા વિપક્ષી નેતાઓ અને સાંસદો NDAની નજીક આવ્યા છે. તેમાં આમ આદમી પાર્ટી સાથે જોડાયેલા 7 સાંસદો છે, જેમાં રાઘવ ચઢ્ઢા પણ સામેલ છે.

TMCના 28માંથી 20 લોકસભા સાંસદો ત્રિપુરાની નેશનાલિસ્ટ સિટિઝન્સ પાર્ટી (NCPI)માં વિલય કરી ચૂક્યા છે. આ સાંસદોએ NDAને સમર્થન આપવાની વાત કહી છે.

ઉદ્ધવ ઠાકરેની શિવસેના (UBT) છોડીને શિંદે જૂથમાં ગયેલા 6 સાંસદો પણ સામેલ છે. આવા નેતાઓને સરકાર કે સંગઠનમાં ભૂમિકા મળવાની ચર્ચા છે.

ભાજપ અને NDA સંસદમાં પોતાની સંખ્યા વધુ મજબૂત કરવા માગે છે. એવું માનવામાં આવે છે કે ભવિષ્યમાં કેટલાક બંધારણીય સુધારાઓ માટે બે-તૃતીયાંશ બહુમતીની જરૂર પડશે. તેથી, નવા સહયોગીઓ અને સમર્થક સાંસદોને સાથે રાખવા રાજકીય રીતે મહત્વપૂર્ણ માનવામાં આવે છે.

આવતા વર્ષે પંજાબ અને ઉત્તર પ્રદેશમાં વિધાનસભા ચૂંટણીઓ યોજાવાની છે. આવી સ્થિતિમાં ભાજપ પ્રાદેશિક અને સામાજિક સમીકરણોને ધ્યાનમાં રાખીને મંત્રીમંડળમાં ફેરફાર કરી શકે છે.



# લખનઉમાં અગ્નિકાંડ બાદ શાળાઓમાં ફાયર વિભાગનું સરપ્રાઇઝ ચેકિંગ

## વિદ્યાર્થીઓની સુરક્ષાને લઈને અનેક બેદરકારી સામે આવી, ક્લાસરૂમમાં ફાયર સ્પ્રિન્કલર નહીં, કેન્ટીનમાં પણ સેફ્ટીનો અભાવ

**અમદાવાદ, તા.24**

ઉત્તર પ્રદેશના પાટનગર લખનઉની એક કોચિંગ સંસ્થામાં તાજેતરમાં જ બનેલી અત્યંત હૃદયકંપાવનારી અને ભયાનક આગની દુર્ઘટનાએ સમગ્ર દેશને હચમચાવી દીધો છે. આ ઘટનામાંથી પાઠ ભણીને અને ભવિષ્યમાં આવી કોઈ મોટી હોનારત ન સર્જાય તે હેતુથી અમદાવાદનું ફાયર વિભાગ પણ હવે ભારે હરકતમાં આવી ગયું છે. માસૂમ વિદ્યાર્થીઓની સુરક્ષા સાથે સહેજ પણ રમત રમતી શૈક્ષણિક સંસ્થાઓ સામે તંત્ર દ્વારા 'ફાયર સેફ અમદાવાદ' અભિયાન હેઠળ લાલ આંખ કરવામાં આવી છે. આ મહાઝુંબેશ અંતર્ગત ખુદ ફાયર વિભાગના ડિવિઝન ફાયર ઓફિસરની સીધી હાજરીમાં એક વિશેષ ટીમ તૈયાર કરીને શહેરના પશ્ચિમ વિસ્તાર ગણાતા શીલજ, થલતેજ અને બોડકદેવ જેવા વિસ્તારોની વિવિધ નામાંકિત શાળાઓ તેમજ કોલેજોમાં ઓચિંતુ એટલે કે સરપ્રાઈઝ ચેકિંગ હાથ ધરવામાં આવ્યું હતું. આ કડક તપાસ દરમિયાન શહેરની કેટલીક મોટી અને પ્રતિષ્ઠિત શાળાઓમાં ફાયર સેફ્ટીની પાયાની સુવિધાઓને લઈને ભયંકર બેદરકારી અને ગંભીર ખામીઓ સપાટી પર આવતા સમગ્ર ફાયર વિભાગ ચોંકી ઉઠ્યું હતું અને જવાબદાર સંસ્થાઓને કડક નોટિસ ફટકારવાની પ્રક્રિયા શરૂ કરી દીધી હતી.

આ આકસ્મિક દરોડા અને સરપ્રાઈઝ ચેકિંગ દરમિયાન શીલજ વિસ્તારમાં આવેલી અત્યંત મોંઘી અને પ્રતિષ્ઠિત ગણાતી 'આનંદ નિકેતન સ્કૂલ'માં વિદ્યાર્થીઓની સુરક્ષાના સરેઆમ ધજાગરા ઉડતા જોવા મળ્યા હતા. ફાયર વિભાગના અધિકારીઓ જ્યારે ત્યાં પહોંચ્યા ત્યારે સૌથી મોટો ભય એ સામે આવ્યો કે સરકારના કડક નિયમોની સદંતર વિરુદ્ધ જઈને નાના-નાના ભૂલકાઓની પ્રિ-સ્કૂલ બિલ્ડિંગના બેઝમેન્ટ એટલે કે ભોંયરામાં ચલાવવામાં આવી રહી હતી, જે કટોકટીના સમયે ભારે જાનહાનિનું કારણ બની શકે છે. આ ગંભીર ઉલ્લંઘન બદલ અધિકારીઓએ શાળા સંચાલકો પાસે બિલ્ડિંગ યુઝ એટલે કે બીયુ પરમિશન અંગેના કાગળોની તાત્કાલિક માંગણી કરીને આકરા સવાલો પૂછ્યા હતા.

જ્યારે તપાસ ટીમે વર્ગખંડો અને પ્રિ-સ્કૂલની આખીય જગ્યાનું બારીકાઈથી નિરીક્ષણ કર્યું, ત્યારે ત્યાં આગ સામે રક્ષણ આપતા પાયાના સાધનોની સ્થિતિ અત્યંત ખરાબ અને બિનઉપયોગી હાલતમાં જોવા મળી હતી. શાળાના કેટલાક ક્લાસરૂમમાં આગની શરૂઆતમાં જ ચેતવણી આપતા અત્યંત અનિવાર્ય એવા સ્મોક ડિટેક્ટર અને આપોઆપ પાણીનો છંટકાવ કરતી ઓટોમેટિક ફાયર સ્પ્રિન્કલર સિસ્ટમ લગાવેલી જ નહોતી. આટલું જ નહીં, શાળાની કેન્ટિન એટલે કે રસોડા જેવા સંવેદનશીલ વિસ્તારમાં, જ્યાં આગ લાગવાની ઘટનાઓ બનવાની શક્યતા સૌથી વધુ હોય છે, ત્યાં પણ આગ ઓલવવા માટેનું એક પણ પ્રાથમિક સાધન હાજર



નહોતું. શાળા પરિસરમાં લોડ અને શોર્ટ સર્કિટના જોખમને વધારતું ખુલ્લું વાયરિંગ પણ જોવા મળ્યું હતું. સૌથી ચિંતાજનક બાબત એ હતી કે જો શાળામાં કોઈ હોનારત સર્જાય તો બિલ્ડિંગમાં લગાવેલા ફાયર હાઈડ્રન્ટ અને હોઝરિલ જેવી મોટી ફાયર ફાઈટિંગ સિસ્ટમમાં પાણીનું પૂરતું પ્રેશર જ નહોતું, જેનો સીધો અર્થ એ થાય કે કટોકટીના સમયે આ કરોડોના સાધનો માત્ર શોભાના ગાંઠિયા સમાન સાબિત થાય તેમ હતા. આનંદ નિકેતન સ્કૂલની આ આક્ષેપપાત્ર બેદરકારીને ધ્યાનમાં રાખીને ફાયર વિભાગે તેને તાત્કાલિક અસરથી 'ફાયર સેફ્ટી એડવાઈઝરી નોટિસ' ફટકારી દીધી છે અને આ તમામ નાણાકીય તેમજ માળખાકીય ખામીઓ સુધારવા માટે માત્ર સાત દિવસની ખૂબ જ ટૂંકી સમયમર્યાદા આપી છે. જો આ નિર્ધારિત સાત દિવસમાં શાળા વહીવટીતંત્ર દ્વારા પૂરતી સુરક્ષા વ્યવસ્થા ગોઠવવામાં નહીં આવે, તો સમગ્ર શાળાની બિલ્ડિંગને સીલ કરવા સહિતની તમામ આકરી કાયદેસરની પોલીસ કાર્યવાહી કરવામાં આવશે. આ જ ઝુંબેશ હેઠળ તે જ વિસ્તારની અન્ય એક જાણીતી 'ઝેબર સ્કૂલ'માં પણ તપાસ કરવામાં આવી હતી, જ્યાં ફાયર ફાયટિંગ સિસ્ટમ અને હોઝરિલમાં પાણીનું પ્રેશર ઓછું માલૂમ પડ્યું હતું. આથી અધિકારીઓએ તેમને તમામ ફાયર એક્સટિંગ્વિશર હંમેશા અપ-ટુ-ડેટ અને મેન્ટેન રાખવાની કડક તાકીદ કરી હતી, કમ્પ્યુટર રૂમની બારીઓ કટોકટીના સમયે આસાનીથી ખૂલે તેવી રાખવા જણાવ્યું હતું તેમજ શાળાનો વાસ્તવિક ઈલેક્ટ્રિકલ લોડ માન્ય ક્ષમતા મુજબ છે કે નહીં તેની યોગ્ય ચકાસણી કરાવીને સત્તાવાર લોડ સર્ટિફિકેટ ફાયર ઓફિસર સમક્ષ રજૂ કરવાનો કડક આદેશ આપ્યો હતો.

અમદાવાદ ફાયર વિભાગના ઉચ્ચ અધિકારીઓએ આ સમગ્ર મામલે કડક શબ્દોમાં સ્પષ્ટ કરી દીધું છે કે હવેથી કોઈ પણ શૈક્ષણિક સંસ્થા માટે માત્ર કાગળ પર ફાયર એનઓસી મેળવી લેવી પૂરતી સાબિત નહીં થાય. હજારો માસૂમ વિદ્યાર્થીઓ જ્યાં પોતાના ઉજ્જવળ ભવિષ્યના ઘડતર માટે અભ્યાસ અર્થે આવતા હોય, ત્યાં તેમની જિંદગીની સુરક્ષા સાથે સહેજ પણ સમજૂતી ચલાવી લેવામાં આવશે નહીં. શાળા-કોલેજોમાં સરપ્રાઈઝ ફાયર સેફ્ટી ચેકિંગ દરમિયાન ફાયર વિભાગની ટીમ બહુવિધ પાસાઓની ઝીણવટભરી તપાસ કરે છે, જેમાં સૌપ્રથમ તો ફાયર એનઓસી માન્ય અને હાલની તારીખ સાથે અપડેટ છે કે નહીં તે જોવામાં આવે છે. તેની સાથે જ બિલ્ડિંગમાં રાખવામાં આવેલા નાના-મોટા ફાયર એક્સટિંગ્વિશર યોગ્ય રીતે કાર્યરત છે કે નહીં અને તેનું નિયમિત સર્વિસિંગ કાયદેસર રીતે થયું છે કે નહીં તેની તારીખ ચકાસાય છે. બિલ્ડિંગના અંડરગ્રાઉન્ડ અને ઓવરહેડ પાણીના પંપ, પાણીની મોટી ટાંકીઓ અને સમગ્ર ફાયર ફાઈટિંગ નેટવર્કમાં પૂરતું પ્રેશર હોવું અનિવાર્ય છે. ધુમાડો થતાની સાથે જ વાગતા ઓટોમેટિક એલાર્મ, સ્મોક ડિટેક્ટર અને સ્પ્રિન્કલર સિસ્ટમ લાઈવ ટેસ્ટિંગ કરીને ચેક કરવામાં આવે છે. આ બધી યાંત્રિક સુવિધાઓ ઉપરાંત બિલ્ડિંગના ઈમરજન્સી એક્ઝિટ એટલે કે આપત્તિના સમયે બહાર નીકળવાના નિકાસ દ્વાર હંમેશા ખુલ્લા અને કોઈપણ પ્રકારના અવરોધ વિનાના હોવા જોઈએ, તેની આસપાસ કોઈ ભંગાર કે સામાન હોવો જોઈએ નહીં અને ત્યાં અંધારામાં પણ ચમકતા રેડિયમવાળા સાઈનબોર્ડ તેમજ ઈમરજન્સી લાઈટ્સ ચાલુ હોવી જોઈએ. ઈલેક્ટ્રિકલ સેફ્ટીના ભાગરૂપે ક્યાંય પણ ખુલ્લું, જોખમી કે લટકતું વાયરિંગ ન હોવું જોઈએ અને આખો પાવર લોડ મંજૂર થયેલી મર્યાદામાં જ હોવો જોઈએ. સ્કૂલની કેન્ટિન, વૈજ્ઞાનિક લેબોરેટરી અને કમ્પ્યુટર રૂમ જેવા શોર્ટ સર્કિટના મુખ્ય કેન્દ્રો પર વિશેષ આગ નિવારણ કીટ હોવી જોઈએ અને બેઝમેન્ટમાં ચાલતી પ્રવૃત્તિઓ માટે બીયુ પરમિશન હોવી કાયદેસર રીતે જરૂરી છે. સૌથી અગત્યનું એ છે કે માત્ર સાધનો હોવા પૂરતા નથી, પરંતુ શાળાના શિક્ષકો, પટાવાળા અને વહીવટી સ્ટાફને સમયાંતરે મોક ડ્રીલ દ્વારા આ સાધનો વાપરવાની અને આપત્તિ સમયે બાળકોને સુરક્ષિત બહાર કાઢવાની લાઈવ તાલીમ મળેલી હોવી જોઈએ. લખનઉ જેવી હૃદયદ્રાવક ઘટના અમદાવાદના આંગણે ક્યારેય ન પુનરાવર્તિત થાય તે માટે ફાયર વિભાગે કટિબદ્ધતા જાહેર કરી છે કે આગામી દિવસોમાં પણ શહેરના તમામ ટ્યુશન ક્લાસીસ, પ્રાઈવેટ લાઈબ્રેરીઓ, શાળાઓ અને કોલેજો પર આ આકસ્મિક તપાસ ઝુંબેશ કોઈ પણ પ્રકારની આગોતરી જાણ કર્યા વિના સતત અને વેગવંતી ચાલુ રાખવામાં આવશે.

### ભાડાના મકાનમાં ચાલતું ઓનલાઈન ગેમિંગનું કૌભાંડ ઝડપાયું

## આરોપીઓ ગેમિંગના નાણાં મ્યુલ એકાઉન્ટમાં ટ્રાન્સફર કરતા,ચાઈનીઝ ગેંગ સાથે કામ કરતા હોવાની આશંકા



**અમદાવાદ, તા.24**

પ્રતિબંધિત ઓનલાઈન ગેમિંગના નાણાંને મ્યૂલ એકાઉન્ટમાં જમા કરાવીને મોટાપ્રમાણમાં નાણાંની હેરફેર કરતા રાજસ્થાનના 5 યુવકોની નારણપુરા પોલીસે ધરપકડ કરી છે.આરોપીઓની ધરપકડ બાદ આ કૌભાંડ દેશ વ્યાપી હોવાની શંકા સેવાઇ રહી છે. પોલીસે આરોપીઓ પાસેથી વિવિધ બેંકના 40થી વધુ ડેબીટ કાર્ડ, પાસબુક, ચેકબુક, 17 ફોન 30 સીમકાર્ડ જપ્ત કરવામાં આવ્યા છે.

નારણપુરા પોલીસને બાતમી મળી હતી કે, આદર્શનગરના એક મકાનમાં કેટલાંક રાજસ્થાનના લોકો ભાડેથી રહે છે અને ગેરકાયદે પ્રવૃતિ કરે છે. જેથી પોલીસે રેડ કરતા અહીં ઓનલાઈન ગેમીંગના નાણાંને મ્યૂલ એકાઉન્ટમાં ટ્રાન્સફર કરવાનું કૌભાંડ મળી આવ્યુ હતું. પોલીસે રેડ દરમિયાન રાજસ્થાનના વિશાલ બાલોટિયા, સચીન બોકોલીયા, સોનુ બડાલીયા, મુન્નારામ નવલ, છોટુરામ નવલ નામના પાંચ આરોપીઓની ધરપકડ કરી હતી.આ તમામ આરોપીઓ અહીં ગેરેજમાં કે અન્ય જગ્યાએ મજુરી કામ કરવાની સાથે રેડ્ડી અન્ના નામની પ્રતિબંધિત એપ્લીકેશનમા ક્રિકેટ, ફુટબોલ જેવી ગેમ ઓનલાઈન રમાડવા માટે આઈડી બનાવી આપી નાણાં મેળવતા હતા.

આ આઈડી ધારકો પાસેથી મેળવવામાં આવતા નાણાં વિવિધ મ્યૂલ એકાઉન્ટમાં જમા કરાવતા હતા. પોલીસને આ મકાનમાંથી વિવિધ બેંકોના 40 જેટલા એટીએમ કાર્ડ, ચેકબુક, પાસબુક, 17 ફોન અને 30 જેટલા સીમકાર્ડ મળી આવ્યા છે. પોલીસને મળી આવેલા બેંક એકાઉન્ટની વિગતો તપાસતા આ બેંક એકાઉન્ટ વિરૂધ્ધ ગુજરાત, બિહાર, ઉત્તર પ્રદેશ અને આંધ્રપ્રદેશમાં છેતરપિંડીના કેસ નોંધાયા છે. જે એકાઉન્ટોમાં સાયબર ફ્રોડના નાણાં ટ્રાન્સફર થયા હતા. ઝડપાયેલા આરોપીઓ વિદેશમાં સક્રિય ચાઈનીઝ સહિતની અન્ય ગેંગ માટે કામ કરતા એજન્ટ સાથે સંકળાયેલા હોવાની શંકાના આધારે તપાસ શરૂ કરવામાં આવી છે.

# કેનેડાના વર્ક પરમિટના નામે 26 લાખની છેતરપિંડી: ગાંધીનગરના યુવકે વિદેશ જવા માટે ઘર ગીરવે મૂકી લોન લીધી, પૈસા લઈ વિઝા ન અપાવ્યા

**અમદાવાદ, તા.24**

કેનેડાના વર્ક પરમિટના વિઝા અપાવવાના બહાને ગાંધીનગરના યુવક સાથે રૂ. 26.86 લાખની છેતરપિંડી કરવામાં આવી હોવાની ફરિયાદ બોડકદેવ પોલીસ સ્ટેશનમાં નોંધાઈ છે. યુવકે થલતેજમાં આવેલી ગ્રોવિંગ ગ્લોબ ઈમીગ્રેશનનો સંપર્ક કર્યો હતો. ડાયરેક્ટર સહિતના લોકોએ વિવિધ ફી પેટે 30 લાખનો ખર્ચ જણાવતા યુવકે ઘર ગિરવે મૂકીને લોન કરાવીને લાખો રૂપિયા ખર્ચ્યા હતા. પરંતુ આરોપીઓએ વિઝાનું કામ ન કરી આપીને છેતરપિંડી આચરતા યુવકે ફરિયાદ નોંધાવતા પોલીસે ચાર લોકો વિરૂદ્ધ ગુનો નોંધી તપાસ શરૂ કરી છે.




મળતી માહિતી મુજબ મુળ મહેસાણાનો 33 વર્ષીય યુવક જીગર પટેલ ગાંધીનગરમાં રહે છે અને ખાનગી નોકરી કરે છે. તેણે બીએસસી ઈન મલ્ટીમિડીયાનો કોર્સ કર્યો હોવાથી ઉજ્જવળ ભવિષ્ય માટે વિદેશ જવાનું નક્કી કર્યું હતું. બે વર્ષ પહેલા સોશિયલ મીડિયામાં ગ્રોવિંગ ગ્લોબ ઈમીગ્રેશનની જાહેરાત જોઈને થલતેજમાં આવેલા શક્તિ એક્ષટોળ કોમ્પ્લેક્ષની ઓફિસે ગયો હતો. જ્યાં દર્શન પંચાલ અને હર્ષ મિસ્ત્રી નામના કર્મચારી સાથે કેનેડાના વર્ક પરમિટ વિઝા બાબતે વાત કરતા 30 લાખ અને 10 હજાર કેનેડિયન ડોલર ખર્ચ જણાવ્યો હતો. છ મહિનામાં વર્ક પરમિટ વિઝા મળી જશે તેવી વાત કરી હતી.

આરોપીઓએ યુવક પાસે રજીસ્ટ્રેશન ફી પેટે 56 હજાર મેળવી લીધા હતા. જે બાદ યુવકે આઈ.ઈ.એલ.ટી.એસની પરીક્ષાની તૈયારી કરવાનું કહ્યું હતું જે બાદ પરીક્ષા આપીને છ બેન્ડ મેળવ્યા હતા. આરોપીઓએ એલ.એમ.આઈ.એ લેટર આપ્યો હતો, પરંતુ તેની સમય મર્યાદા પુર્ણ કરવાના ઈરાદે વિઝા ફાઈલ જમા ન કરાવીને વિઝા મંજુર થઈ ગયાનું કહીને પેમેન્ટ માંગ્યું હતું.

યુવકે ઘર ગિરવે મૂકીને 20 લાખની લોન કરાવીને નાણાં ભર્યા હતા. જો વિઝાનું પેમેન્ટ નહીં થાય તો તમને પૈસા પરત મળી જશે એવી પણ વાત કરી હતી. અવારનવાર પૈસા પરત માંગવામાં આવ્યા હતા. પૈસા ભર્યા બાદ પણ પીઆર લેટર ન આપીને વર્ક પરમિટ ન કરી આપીને આરોપીઓએ છેતરપિંડી આચરી હતી. જેથી ભોગ બનનાર યુવકે બોડકદેવ પોલીસસ્ટેશનમાં ગ્રોવિંગ ગ્લોબ ઈમીગ્રેશનના ડાયરેક્ટર જીનલ પંચાલ અને દર્શન પંચાલ (બંને રહે. અક્ષત બંગ્લોઝ, થલતેજ) તથા હર્ષ મિસ્ત્રી (રહે. સાયન્સ સિટી સોલા), ભાર્ગવ પંચાલ (રહે. શક્તિ એક્ષટોલ, થલતેજ) સામે 26.86 લાખની છેતરપિંડી મામલે ફરિયાદ નોંધાવી છે.

# 'મેં આક્રોશમાં આવીને અરજદારનું નામ આપ્યું હતું': પીડિતા

## હાઈકોર્ટે 2020ના કેસમાં એક આરોપી સામેની દુષ્કર્મની FIR રદ્દ કરી, કહ્યું- માત્ર FSL-મેડિકલ રિપોર્ટના આધારે કેસ ન ચાલી શકે

**અમદાવાદ, તા.24**

અમદાવાદના DCB પોલીસ મથકે એક યુવતી દ્વારા વર્ષ 2020ના પાંચ આરોપીઓ વિરુદ્ધ પોલીસ ફરિયાદ કરવામાં આવી હતી. જેમાં વર્ષ 2021ના રોજ સિટી સેશન્સ કોર્ટમાં ચાર્જશીટ ફાઈલ કરવામાં આવી હતી, જેની ટ્રાયલ ચાલુ છે. જેમાં એક આરોપીને ફરિયાદી યુવતી સાથે સમાધાન થતા ગુજરાત હાઈકોર્ટમાં તેને પોતાની સામેની કાનૂની કાર્યવાહી રદ્દ કરવા અરજી કરી હતી. જેને ગ્રાહ્ય રાખવામાં આવી છે.



પ્રોસિક્યુશનના કેસ મુજબ સપ્ટેમ્બર, 2020માં કોર્પોરેટ ઈવેન્ટના બહાને બે આરોપીઓ પીડિતાને આબુ અને ઉદયપુરની વિવિધ હોટેલોમાં લઈ ગયા હતા. આરોપ હતો કે, ઉદયપુરની એક હોટેલમાં પીડિતાના કોલ્ડડ્રિંક્સમાં નશીલો પદાર્થ ભેળવીને તેને બેભાન કરી સામૂહિક દુષ્કર્મ ગુજારવામાં આવ્યું હતું અને બાદમાં બ્લેકમેઈલ કરવામાં આવી હતી.

અરજદારના વકીલ દ્વારા રજૂઆત કરવામાં આવી હતી કે, આ વિવાદ અરજદાર અને પીડિતા વચ્ચે પરસ્પર સંમતિથી ઉકેલાઈ ગયો છે. પીડિતાએ સોગંદનામું કરીને સ્પષ્ટ કર્યું છે કે, તેણે માત્ર ભારે આક્રોશ અને હતાશામાં આવીને અરજદારનું નામ FIR માં આપ્યું હતું. અરજદારે તેની ઉપર કોઈ દુષ્કર્મ ગુજાર્યું નથી કે ગુનામાં તેમની કોઈ ભૂમિકા નથી. અરજદારનો રોલ માત્ર એટલો જ હતો કે તેઓ પીડિતા અને સહ આરોપીને માઉન્ટ આબુ અને ઉદયપુર ખાતે હોટેલ પર મુકીને ચાલ્યા ગયા હતા.

પીડિતાએ કોઈપણ પ્રકારના દબાણ કે ધમકી વગર આ એફિડેવિટ કર્યું છે અને જો અરજદાર સામેની FIR અને સેશન્સ કેસ રદ કરવામાં આવે તો તેને કોઈ વાંધો નથી. સરકારી વકીલે ગુન્હાની ગંભીરતાને ધ્યાનમાં રાખીને આ અરજીનો સખત વિરોધ કર્યો હતો અને જણાવ્યું હતું કે, આવા ગંભીર ગુનામાં સંમતિના આધારે આરોપી સામે કાનૂની કાર્યવાહી રદ ન કરી શકાય.

કોર્ટે નોંધ્યું હતું કે, પીડિતા પોતે અદાલત સમક્ષ હાજર રહી હતી અને સોગંદનામાની વિગતો સ્વીકારી હતી. પીડિતા આ કેસની મુખ્ય સાક્ષી છે અને તેણે ટ્રાયલ દરમિયાન પોતાની જુબાનીમાં પણ અરજદાર વિરુદ્ધ કંઈપણ પ્રતિકૂળ જણાવ્યું નથી. જ્યારે મુખ્ય સાક્ષી જ આરોપી વિરુદ્ધ કંઈ કહેતી ન હોય ત્યારે મેડિકલ રિપોર્ટ કે FSL રિપોર્ટ જેવા માત્ર સહાયક પુરાવાઓ પ્રોસિક્યુશનને મદદરૂપ થઈ શકે નહીં. આમ અરજદાર પૂરતી કાનૂની કાર્યવાહી હાઈકોર્ટે રદ કરી છે.

# 'દર્દીઓના જીવ સાથે ચેડાં કરનારને નહીં છોડીએ': ચાંગોદર પ્લાઝમા કૌભાંડ મામલે આરોગ્ય મંત્રીનો કડક સંદેશ, દોષિતો સામે કડક કાર્યવાહી કરાશે

**ગાંધીનગર, તા.24**

અમદાવાદ જિલ્લાના ચાંગોદર વિસ્તારમાં બહાર આવેલા પ્લાઝમા ભેળસેળ અને હેરાફેરીના કૌભાંડને લઈને રાજ્ય સરકાર એક્શનમાં આવી છે. રાજ્યના આરોગ્ય મંત્રી પ્રફુલ પાનસેરિયાએ સ્પષ્ટ શબ્દોમાં જણાવ્યું છે કે દર્દીઓના આરોગ્ય સાથે ચેડાં કરનાર કોઈપણ વ્યક્તિ કે તત્વને બક્ષવામાં નહીં આવે અને દોષિતો સામે કાયદેસરની કડક કાર્યવાહી કરવામાં આવશે.



આ સમગ્ર મામલે આરોગ્ય વિભાગ અને તપાસ એજન્સીઓ દ્વારા ઊંડાણપૂર્વક તપાસ શરૂ કરવામાં આવી છે. કૌભાંડમાં સંડોવાયેલા તમામ લોકોની ભૂમિકા તપાસવામાં આવી રહી હોવાનું જણાવતા આરોગ્ય મંત્રીએ કહ્યું કે દર્દીઓની સુરક્ષા અને આરોગ્ય સેવાઓની ગુણવત્તા જાળવવા રાજ્ય સરકાર સંપૂર્ણપણે પ્રતિબદ્ધ છે.

પ્રફુલ પાનસેરિયાએ જણાવ્યું કે, બ્લડ પ્લાઝમા જેવી જીવનરક્ષક સામગ્રીમાં ભેળસેળ કરવી માત્ર ગેરકાયદેસર જ નહીં પરંતુ માનવતાવિરોધી કૃત્ય પણ છે. આવી પ્રવૃત્તિઓ આરોગ્ય વ્યવસ્થા પ્રત્યે લોકોના વિશ્વાસને નુકસાન પહોંચાડે છે, તેથી સરકાર આ મામલે 'ઝીરો ટોલરન્સ'ની નીતિ અપનાવી રહી છે.

તેમણે વધુમાં જણાવ્યું કે, રાજ્યભરની બ્લડ બેન્કો, પ્લાઝમા કલેક્શન સેન્ટરો અને સંબંધિત આરોગ્ય એકમોની કામગીરી પર વધુ કડક નજર રાખવા માટે જરૂરી સૂચનાઓ આપવામાં આવી છે. ભવિષ્યમાં આવી ઘટનાઓ ન બને તે માટે મોનિટરિંગ અને નિયંત્રણ વ્યવસ્થાને વધુ મજબૂત બનાવવામાં આવશે.

આ દરમિયાન આરોગ્ય મંત્રીએ ચાંગોદર પ્લાઝમા કૌભાંડનો પર્દાફાશ કરનાર અમદાવાદ SOG પોલીસ અને તપાસમાં જોડાયેલા અધિકારીઓની કામગીરીને બિરદાવી હતી અને તેમની પ્રશંસા કરી હતી. તેમણે વિશ્વાસ વ્યક્ત કર્યો કે તપાસ પૂર્ણ થયા બાદ સમગ્ર કૌભાંડના તથ્યો બહાર આવશે અને જવાબદાર તમામ લોકો સામે કાયદા મુજબ કડક કાર્યવાહી કરવામાં આવશે.

મંત્રી પાનસેરિયાએ કહ્યું હતું કે, "દર્દીઓના આરોગ્ય સાથે ચેડાં કરનાર કોઈને છોડવામાં નહીં આવે. પારદર્શક અને નિષ્પક્ષ તપાસ દ્વારા જવાબદારો સામે કડક કાર્યવાહી કરવામાં આવશે."

# રાજા રાણી તળાવ પાસેથી ગાંજાના જથ્થા સાથે શખસ ઝડપાયો....

■ એક વોન્ટેડ, NDPS એક્ટ હેઠળ ગુનો નોંધાયો, પાણીગેટ પોલીસનો દરોડો

**વડોદરા, તા.24**

વડોદરા શહેરના પાણીગેટ પોલીસ મથક હદ વિસ્તારમાં રાજા રાણી તળાવ પાસે પોલીસને બાતમી મળી હતી કે અહીંયા વનસ્પતિજન્ય માદક પદાર્થ ગાંજાનું વેચાણ થાય છે, જેના આધારે પોલીસે રેડ કરતા એક ઈસમને ઝડપી લીધો હતો જ્યારે અન્ય એક આરોપી વોન્ટેડ જાહેર કરવામાં આવ્યો છે. આ મામલે પોલીસે એનડીપીએસ એક્ટ હેઠળ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. પાણીગેટ પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સ્પેક્ટર એ.બી.પટેલની અને ટીમ ટીમ પેટ્રોલિંગમાં હતી. તે દરમિયાન અ.હે.કો. વિરભદ્રસિંહ અજીતસિંહને ચોક્કસ બાતમી મળી હતી કે, પાણીગેટ પોલીસ સ્ટેશન વિસ્તારમાં રાજરાણી તળાવની પાળ પર આવેલા પતરાવાળા મકાનમાં આફતાબ ઉર્ફે લાલાબંદર મોહંમદરફીક મલેક નામનો ઈસમ ગાંજાનો સંગ્રહ કરી વેચાણ કરે છે.



આ દરમ્યાન તળાવ પાસે ઝઘડો થતા તે પોતાના મિત્ર સાથે પાણીગેટ પોલીસ સ્ટેશને આવેલ છે. બાતમીના આધારે પોલીસે તાત્કાલિક કાર્યવાહી કરી રેડ પાડતા આરોપીને માદક પદાર્થ ગાંજાના જથ્થા સાથે પકડી પાડ્યો હતો. આ આરોપી સામે પાણીગેટ પોલીસ મથકમાં એનડીપીએસ એક્ટ હેઠળ ગુનો દાખલ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી. ઝડપાયેલ આરોપીનું નામ આફતાબ ઉર્ફે લાલાબંદર મોહંમદરફીક મલેક (રહે. રાજરાણી તળાવની પાળ, પાણીગેટ, વડોદરા મૂળ રહે. મ.નં. 83, સંતોષીનગર, ખોડીયારનગર ચાર રસ્તા પાસે, ન્યુ વી.આઈ.પી. રોડ, વડોદરા)ને ઝડપી લેવામાં આવ્યો છે જ્યારે દાનિશ (રહે. હાલોલ) નામના આરોપીને વોન્ટેડ જાહેર કરવામાં આવ્યો છે. આરોપી પાસેથી પોલીસે વનસ્પતિજન્ય માદક પદાર્થ ગાંજો (વજન: 502 ગ્રામ), મોબાઈલ અને રોકડ મળી કુલ રૂપિયા 36,500 નો મુદ્દામાલ કબજે કર્યો હતો.

# તાજીયા વિસર્જન પૂર્વે CPનું સહિતના અધિકારીઓનું ફૂટ પેટ્રોલિંગ.....

## વડોદરામાં 178 તાજીયાઓના વિસર્જન માટે શહેરમાં ચુસ્ત બંદોબસ્ત ગોઠવશે, 2 હજારથી વધુ પોલીસકર્મીઓ તૈનાત

**વડોદરા, તા.24**

વડોદરા શહેરમાં મહોરમ પર્વ નિમિત્તે સ્થાપિત કરાયેલા તાજીયાઓના વિસર્જનને શાંતિપૂર્ણ અને સુરક્ષિત રીતે સંપન્ન કરાવવા માટે વડોદરા શહેર પોલીસ તંત્ર દ્વારા વ્યાપક સુરક્ષા વ્યવસ્થા ગોઠવવામાં આવશે. જેમાં 2 હજારથી વધુ પોલીસકર્મીઓ તૈનાત કરવામાં આવશે. આજે તાજીયા વિસર્જન પૂર્વે પોલીસ કમિશનર સહિતના અધિકારીઓએ ફૂટ પેટ્રોલિંગ કર્યું હતું.



વડોદરા શહેરના વિવિધ વિસ્તારોમાં 178 તાજીયાઓની સ્થાપના કરવામાં આવી છે, જેના વિસર્જન દરમિયાન કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે પોલીસ કમિશનર દ્વારા ચુસ્ત બંદોબસ્ત ગોઠવવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. પોલીસ તંત્ર દ્વારા એક જોઈન્ટ પોલીસ કમિશનર, એક એડિશનલ પોલીસ કમિશનર, 10 ડેપ્યુટી પોલીસ કમિશનર, 15 આસિસ્ટન્ટ પોલીસ કમિશનર, 50થી વધુ પોલીસ ઈન્સ્પેક્ટર, 85થી વધુ પોલીસ સબ ઈન્સ્પેક્ટર તેમજ 2,000થી વધુ પોલીસ કર્મચારીઓને ફરજ પર મુકવામાં આવ્યા છે. આ ઉપરાંત ચાર SRPFની ટુકડીઓ અને એક સ્પેશિયલ ફોર્સને પણ બંદોબસ્તમાં જોડવામાં આવી છે. વડોદરા શહેર પોલીસ કમિશનર નરસિમ્હા કોમારે જણાવ્યુ હતું કે, શહેરના સંવેદનશીલ અને અતિ સંવેદનશીલ વિસ્તારોમાં ખાસ નજર રાખવા માટે ધાબા પોઈન્ટ અને ડીપ પોઈન્ટ પર પણ પોલીસ જવાનોને તૈનાત કરવામાં આવ્યા છે. સોશિયલ મીડિયા પર કોઈ ભડકાઉ અથવા શહેરનું સામાજિક વાતાવરણ બગાડે તેવી પોસ્ટ, કોમેન્ટ કે અફવા ન ફેલાય તે માટે સાયબર ક્રાઈમ શાખાને પણ સતત મોનિટરિંગ કરવાની સૂચના આપવામાં આવી છે. તાજીયા વિસર્જન પૂર્વે આજે બુધવારે સાંજના સમયે પોલીસ કમિશનર સહિતના ઉચ્ચ પોલીસ અધિકારીઓએ શહેરના વિવિધ વિસ્તારોમાં ફૂટ પેટ્રોલિંગ અને ફ્લેગ માર્ચ યોજી લોકોને સુરક્ષાનો વિશ્વાસ અપાવ્યો હતો. પોલીસે નાગરિકોને શાંતિ અને કાયદો-વ્યવસ્થાના પાલન સાથે મહોરમના કાર્યક્રમોમાં સહભાગી થવા અપીલ કરી છે.

માલિક - મુદ્રક - પ્રકાશક અને તંત્રી પટેલ સુરેશ રમણલાલ દ્વારા એલાઈડ ઓફસેટ પ્રિન્ટર્સ (ગુજરાત) પ્રા.લિ. ૧૪/૨, કાલીદાસ મીલ કમ્પાઉન્ડ, ગોમતીપુર, અમદાવાદ-૨૧. ખાતેથી છપાવી ૩૧૫ - સુપર પ્લાઝા, સંદેશ પ્રેસ રોડ, વસ્ત્રાપુર, અમદાવાદ - ૩૮૦ ૦૧૫ ખાતેથી પ્રકાશિત. ફોન : ૯૯૨૪૦૦૦૭૩૩, ૯૯૯૮૮૫૦૯૯૨

# રામમંદિર ચોરી કેસ- SIT રિપોર્ટમાં 17 આરોપી

## ચંપત રાયે ધ્વજારોહણ કાર્યક્રમમાં ભાષણ આપ્યું હતું, ટિન્નુ પાસેથી દાનપેટીઓની ચાવીઓ મળી

**અયોધ્યા, તા.24**

અયોધ્યા રામ મંદિરમાં ચઢાવા ચોરીના કેસમાં આરોપોથી ઘેરાયેલા ટ્રસ્ટના મહાસચિવ ચંપત રાય મંગળવારે સાંજે શેષાવતાર મંદિરના ધ્વજારોહણ કાર્યક્રમમાં હાજર રહ્યા. આ મંદિર શ્રીરામ જન્મભૂમિ પર બનેલું છે. ચંપત રાયે કાર્યક્રમનું સંચાલન કર્યું, જોકે ચઢાવા ચોરી પર કોઈ નિવેદન આપ્યું નહીં.

સ્પેશિયલ ઇન્વેસ્ટિગેશન ટીમ (SIT) એ તપાસ રિપોર્ટમાં ચંપત રાય, ટ્રસ્ટી ડો. અનિલ મિશ્રા અને નિર્માણ પ્રભારી ગોપાલ રાવ સહિત 17 લોકોને આરોપી ગણાવ્યા છે. તેમની વિરુદ્ધ FIR થવી લગભગ નિશ્ચિત માનવામાં આવી રહી છે. સૂત્રો પાસેથી આ માહિતી મળી છે.

તપાસ દરમિયાન SIT ટીમને દાનપેટીઓની ચાવીઓ રામશંકર યાદવ ઉર્ફે ટિન્નુ પાસેથી મળી. SIT એ લગભગ 150 એવા સેવાભાવીઓ અને કર્મચારીઓને ઓળખ્યા છે, જેમની આર્થિક સ્થિતિમાં 22 જાન્યુઆરી, 2024 ના રોજ રામલલાની પ્રાણ પ્રતિષ્ઠા પછી બદલાવ આવ્યો. આમાં ચંપત રાયના નજીકના મનાતા ફૂલકાંત મિશ્રા પણ સામેલ છે. તેમની પાસે 3 લક્ઝરી કાર છે, જેમની કુલ કિંમત 25 લાખ રૂપિયા છે.

જ્યારે, દિલ્હીના પૂર્વ સીએમ અરવિંદ કેજરીવાલે SIT ને નકલી ગણાવી. આપ સાંસદ સંજય સિંહને SIT એ પુરાવા આપવા માટે 25 જૂને લખનઉ બોલાવ્યા છે. વિશ્વ હિન્દુ પરિષદના આંતરરાષ્ટ્રીય અધ્યક્ષ આલોક કુમારે રામ મંદિર ચોરી કેસમાં FIR નોંધાવવાની માગ કરી છે.

શેષાવતાર મંદિરના ધ્વજારોહણ કાર્યક્રમમાં લગભગ 4 હજાર લોકો સામેલ થયા. તેમાં બંને ડેપ્યુટી સીએમ બ્રજેશ પાઠક અને કેશવ મૌર્ય પણ પહોંચવાના હતા, પરંતુ લખનઉ અગ્નિકાંડમાં 15 બાળકોના મોત બાદ બંનેએ પોતાનો પ્રવાસ રદ કર્યો. 11 સંતોએ વૈદિક મંત્રોચ્ચાર વચ્ચે ધ્વજ પૂજન કરાવ્યું. ડો. અનિલ મિશ્રા અને નિર્માણ પ્રભારી ગોપાલ રાવે સાધુ-સંતોનું સ્વાગત કર્યું.

કાર્યક્રમમાં જંગજીત બહાદુર સિંહ એક હસ્તપ્રત લઈને પહોંચ્યા હતા. ચંપત રાયે કહ્યું- જંગજીતને વિશ્વાસ છે કે તેમના પૂર્વજોએ પોતાના હાથે રામચરિતમાનસની 300 વર્ષ જૂની હસ્તલિખિત હસ્તપ્રત લખી છે. આ તેમના ઘરમાં સુરક્ષિત હતી. રામ જન્મભૂમિ તીર્થ ક્ષેત્ર એક સંગ્રહાલય પણ બનાવી રહ્યું છે, રામકથા સંગ્રહાલય. તે સંગ્રહાલયને તેઓ આ પ્રત સમર્પિત કરી રહ્યા છે.

14 મેના રોજ તેઓ આ પ્રત લઈને અયોધ્યા આવ્યા હતા. નિર્માણ સમિતિ સમક્ષ તે પ્રત રાખવામાં આવી હતી અને અમે તેમની વાત માની લીધી હતી. તેમની ઈચ્છા હતી કે સાર્વજનિક કાર્યક્રમમાં સમર્પિત થાય, તો તેના માટે કોઈ અલગથી કાર્યક્રમ રાખવો તે વ્યવહારુ ન લાગ્યું.

આજના કાર્યક્રમમાં જ સંતોના હાથમાં તે સમર્પિત કરવામાં આવશે. હું જંગજીત બહાદુર સિંહને વિનંતી કરું છું કે તેઓ મંચ પર રામચરિતમાનસની 300 વર્ષ જૂની હસ્તલિખિત પાંડુલિપિ લઈને આવે. ખોલીને બતાવે.

આપ સંયોજક અરવિંદ કેજરીવાલે કહ્યું- FIR વિના SITની રચના થઈ શકે નહીં. આ SIT કયા કાયદા અને કઈ કલમ હેઠળ બનાવવામાં આવી છે, સરકારે જવાબ આપવો જોઈએ. આ SIT પાસે કોઈ અધિકાર નથી. તે ન તો કોઈને સમન કરી શકે છે, ન તો ધરપકડ કરી શકે છે અને ન તો દરોડા પાડી શકે છે. આ SIT ફક્ત મામલાને દબાવવા અને મોટા લોકોને બચાવવા માટે બનાવવામાં આવી છે.

2021 માં પણ અયોધ્યામાં જમીન ખરીદીના મામલાને લઈને એક SIT બનાવવામાં આવી હતી, પરંતુ તેમાં પણ FIR થઈ ન હતી અને આજ સુધી તે તપાસનું કોઈ ઠેકાણું નથી.

કેજરીવાલે કહ્યું કે જો આટલા લાંબા સમયથી ચોરી થઈ રહી હતી તો તપાસ મોટા લોકો સુધી પહોંચવી જોઈએ. તેમણે સવાલ ઉઠાવ્યો કે આ મામલાની તપાસ ED અને CBI ને કેમ સોંપવામાં આવી રહી નથી. દરેક હિંદુ અને દરેક સનાતની



પૂછી રહ્યા છે કે આ મામલામાં FIR નોંધીને તપાસ CBI અને ED ને કેમ આપવામાં આવી રહી નથી.

સંજય સિંહે જણાવ્યું- SIT ના અધ્યક્ષ વિજય વિશ્વાસ પંતે કાલે, 25 જૂને મને 11 વાગ્યેનો સમય આપ્યો છે. તો હું કાલે બધા પુરાવા SIT સમક્ષ રજૂ કરીશ.

અયોધ્યામાં વિશ્વ હિન્દુ પરિષદની 25 થી 29 જૂન સુધી યોજાનારી પાંચ દિવસીય બેઠક સ્થગિત થઈ ગઈ છે. વિહિપના આંતરરાષ્ટ્રીય અધ્યક્ષ આલોક કુમારે બુધવારે દિલ્હીમાં ચોરી કેસ પર ખુલીને પોતાની વાત રજૂ કરી. આલોક કુમારે કહ્યું - રામલલા મંદિરના ચઢાવામાં થયેલી આ કથિત હેરાફેરીના મામલાને દબાવી કે છુપાવી શકાય નહીં.

તેમણે કહ્યું કે, આ સમગ્ર મામલાની ઊંડાણપૂર્વક તપાસ કરવા માટે તરત જ FIR નોંધવી જોઈએ અને નિયમિત પોલીસ તપાસની જરૂર છે. તેમણે સ્પષ્ટ કર્યું કે માત્ર આંતરિક તપાસથી કામ નહીં ચાલે, જ્યાં સુધી કાયદો પોતાનું કામ નહીં કરે, ત્યાં સુધી દૂધનું દૂધ અને પાણીનું પાણી નહીં થાય.

આલોક કુમારે કહ્યું- કરોડો રામભક્તોએ પોતાની મહેનતની કમાણી અને અતૂટ શ્રદ્ધાથી રામલલાના ચરણોમાં દાન અર્પણ કર્યું હતું. આવી પવિત્ર જગ્યાએથી દાન ચોરી થવાના સમાચાર આવવા અત્યંત દુર્ભાગ્યપૂર્ણ છે. તેમણે કહ્યું- આ સમગ્ર પ્રકરણથી સંપૂર્ણ હિંદુ સમાજ અને હિંદુઓની આસ્થાને ઊંડો આઘાત લાગ્યો છે. એક સંગઠન અને એક હિંદુ તરીકે અમને આનાથી ખૂબ જ શરમ અનુભવાઈ છે.

SITએ મંગળવારે પોતાનો તપાસ રિપોર્ટ રાજ્ય સરકારને સુપરત કર્યો હતો. સૂત્રો અનુસાર, તેમાં FIR દાખલ કરવા અને ટ્રસ્ટનું પુનર્ગઠન કરવાની ભલામણ કરવામાં આવી છે. કોઈ વરિષ્ઠ અધિકારીને મંદિરના CEO તરીકે નિયુક્ત કરવાની પણ ભલામણ છે.

ટીમે જણાવ્યું કે આ 20 પાનાનો પ્રારંભિક રિપોર્ટ છે. તેમાં 150 લોકોની પૂછપરછની વિગતો છે. સૂત્રો અનુસાર, SITએ છેલ્લા 5 વર્ષના ચઢાવાનો ઓડિટ કરાવવાની પણ ભલામણ કરી છે. ચઢાવામાં અનિયમિતતા રોકવા માટે સુઝાવો આપવામાં આવ્યા છે.

ટ્રસ્ટના પદાધિકારીઓની ભૂમિકા પર સવાલો ઉઠાવવામાં આવ્યા છે. સૂત્રોના જણાવ્યા અનુસાર, રાજ્ય સરકાર તરફથી રિપોર્ટ વડાપ્રધાન કાર્યાલય (પીએમઓ)ને મળી ગયો છે. પીએમઓ નક્કી કરશે કે ટ્રસ્ટના કયા સભ્યોને રાખવા કે હટાવવા.

આ તરફ, મંગળવારે મોડી સાંજે રામ મંદિર પરિસરમાં શેષાવતાર મંદિરના શિખર પર ધ્વજારોહણ કરવામાં આવ્યું. 11 સંતોએ વૈદિક મંત્રોચ્ચાર વચ્ચે ધ્વજ પૂજન કરાવ્યું. ડૉ. અનિલ મિશ્રા અને નિર્માણ પ્રભારી ગોપાલ રાવે સાધુ-સંતોનું સ્વાગત કર્યું.

કાર્યક્રમનું સંચાલન ચંપત રાયે કર્યું. કાર્યક્રમમાં 4 હજાર લોકો સામેલ થયા. તેમાં બંને ડેપ્યુટી સીએમ બ્રજેશ પાઠક અને કેશવ મૌર્ય પણ પહોંચવાના હતા, પરંતુ લખનઉ અગ્નિકાંડમાં 15 બાળકોના મોત બાદ બંનેએ પ્રવાસ રદ કર્યો.

સૂત્રોના જણાવ્યા અનુસાર, મંદિરમાં વર્ષોથી ઉચાપત થઈ રહી હતી. સેવાદારોને મંદિરમાં થઈ રહેલી ઉચાપતની જાણ હતી. તેમાં મોટા લોકોના નામ હોવાને કારણે તેઓ કંઈ બોલી શકતા ન હતા. છેલ્લા 2 વર્ષમાં ટિન્નુનો દબદબો વધ્યો ત્યારે મંદિરમાં કામ કરતા એક જૂથને આ ખૂંચવા લાગ્યું. આ જૂથે તેની વિરુદ્ધ યોજના બનાવી. તેની સાથે નિકટતા વધારી. તમામ તથ્યો શોધીને તેની માહિતી મીડિયા સુધી પહોંચાડી દીધી. આ પછી મંદિરમાં ચઢાવાની ચોરીનો ભાંડો ફૂટ્યો.

રામ મંદિર ચોરી કેસમાં 5 આરોપીઓ લવકુશ, અવનીશ, અનુકલ્પ, કરુણે અને રામશંકર ઉર્ફે ટિન્નુની નિશાનદેહી પર 2 કરોડ રૂપિયાની રિકવરી થઈ ચૂકી છે. આ ઉપરાંત, ચંપત રાયના નજીકના ટિન્નુના ઘરેથી સોનું મળ્યું હતું. પ્રારંભિક અનુમાનો અનુસાર, ચોરી 200 કરોડ રૂપિયાથી વધુની હોઈ શકે છે.

ઓડિટ ફર્મે દાન અને ફંડ મેનેજમેન્ટને સુધારવા, ઘરેણાં અને કિંમતી સામાનનું સ્ટોક રજિસ્ટર જાળવી રાખવા, બેંક રેકોર્ડનું નિયમિત સમાધાન કરવા, IT ડેટા સુરક્ષા મજબૂત કરવા, HR અને વહીવટી વ્યવસ્થાને વ્યવસ્થિત કરવા સૂચન કર્યું હતું.

રિપોર્ટ અનુસાર, ટ્રસ્ટની વેબસાઈટ પર ન તો આંતરિક ઓડિટ રિપોર્ટ ઉપલબ્ધ છે અને ન તો SOPની માહિતી આપવામાં આવી છે. 5 ફેબ્રુઆરી, 2020ના રોજ ટ્રસ્ટ બન્યા પછી નવેમ્બર, 2025 સુધીમાં 4575 કરોડથી વધુ રોકડ દાન મળવાનો દાવો કરવામાં આવ્યો છે. આ ઉપરાંત સોના-ચાંદી અને અન્ય કિંમતી ધાતુઓના રૂપમાં પણ મોટું દાન મળ્યું છે.

સપા સરકારમાં મંત્રી રહી ચૂકેલા પવન પાંડેયે 7 જૂને દાવો કર્યો હતો કે રામ મંદિરથી 5 થી સાડા 7 કરોડ રૂપિયા સુધીની ચોરી કરવામાં આવી છે. અખિલેશે પણ કહ્યું હતું કે આ મામલે સરકારની ચૂપકીદી શંકાસ્પદ છે. કોર્ટે આ મામલો જોવો જોઈએ. ચંપત રાયે સ્પષ્ટતા કરી હતી કે હજી સુધી આવી કોઈ વાત સામે આવી નથી.

વિવાદ વધ્યો તો ભાજપ નેતા ડો. રજનીશ સિંહે 9 જૂને વડાપ્રધાનને પત્ર લખીને CBI તપાસની માગ કરી. બીજા દિવસે એટલે કે 10 જૂને વડાપ્રધાન કાર્યાલય (PMO) એ મંદિર ટ્રસ્ટ પાસેથી આ મામલાનો રિપોર્ટ માંગ્યો હતો.

રામ મંદિર ટ્રસ્ટની ભલામણ પર CM યોગીએ 13 મેના રોજ SIT ની રચના કરી હતી. ટીમે રામ મંદિરની 6 દિવસ સુધી તપાસ કરી હતી. SIT માં લખનઉ કમિશનર વિજય વિશ્વાસ પંત (IAS), IG લખનઉ રેન્જ કિરણ શિવકુમાર અને યુપી ફાઈનાન્સ એન્ડ એકાઉન્ટ્સ સર્વિસના વિશેષ સચિવ (નાણાં) નીલરતન કુમારનો સમાવેશ થાય છે.

# દાવો: ટ્રમ્પ ટેરિફને લઈને કોમર્સ મિનિસ્ટર પર ભડક્યા હતા: કહ્યું- ભારત અમેરિકી સામાન પર 175% ટેરિફ લગાવે છે, તમારા આંકડા બકવાસ છે

**વોશિંગ્ટન, તા.24**

અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે ભારત અને ચીન પર લાગુ પડતા ટેરિફને લઈને એક મીટિંગમાં પોતાના જ અધિકારીઓ પર ગુસ્સે થયા હતા. એક નવા પુસ્તક અનુસાર, ટ્રમ્પને લાગતું હતું કે ભારત અમેરિકી સામાન પર સરકારી આંકડાઓ કરતાં ક્યાંય વધારે ટેક્સ (ટેરિફ) લગાવે છે.

ન્યૂયોર્ક ટાઈમ્સના પત્રકાર મેગી હેબરમેન અને જોનાથન સ્વાનના પુસ્તક 'રિજીમ ચેન્જ: ઈનસાઈડ ધ ઈમ્પિરિયલ પ્રેસિડેન્સી ઓફ ડોનાલ્ડ ટ્રમ્પ'માં દાવો કરવામાં આવ્યો છે કે ટ્રમ્પે કોમર્સ મિનિસ્ટર હાવર્ડ લુટનિકને કહ્યું હતું કે તેમને ભારત અને ચીનના ટેરિફને લઈને સાચી જાણકારી આપવામાં આવી રહી નથી. પુસ્તક અનુસાર, જ્યારે લુટનિકે સત્તાવાર આંકડા બતાવ્યા, ત્યારે ટ્રમ્પે તેમને પણ નકારી કાઢ્યા. તેમનું કહેવું હતું કે આ આંકડા બકવાસ છે. ભારત અમેરિકી સામાન પર ઓછામાં ઓછો 175% ટેરિફ લગાવે છે.

વિશ્વ વેપાર સંગઠન (WTO) ના આંકડા મુજબ, 2025માં ભારતનો સરેરાશ 'મોસ્ટ ફેવર્ડ નેશન' ટેરિફ 15.8% હતો. એટલે



કે જો ભારત 100 પ્રકારનો સામાન આયાત કરે છે, તો તે બધા પર લાગતા ટેરિફની સરેરાશ લગભગ 16% થાય છે.

જ્યારે 2023માં વેપાર-ભારિત સરેરાશ ટેરિફ લગભગ 12% રહ્યો. આમાં એવા સામાનને વધુ મહત્વ આપવામાં આવે છે જેનો વેપાર વધુ હોય છે. એટલે કે વાસ્તવિક વેપારમાં ભારત પર આવતો સરેરાશ ટેરિફ લગભગ 12%ની આસપાસ હોય છે.

આ જ કારણ છે કે WTO અને અમેરિકી વેપાર પ્રતિનિધિ કાર્યાલય (USTR)ના અહેવાલોમાં ભારતને ઉચ્ચ ટેરિફ ધરાવતો દેશ તો કહેવામાં આવે છે, પરંતુ ક્યારેય સમગ્ર ભારતીય ટેરિફ ઈન્ડ્ક્ષ માટે 175%નો આંકડો આપવામાં આવ્યો નથી.

હાવર્ડ લુટનિક, જે ટ્રમ્પની ટેરિફ નીતિના મુખ્ય સમર્થકોમાંના એક રહ્યા છે, તેમણે જાન્યુઆરી 2025માં સેનેટમાં તેમની પુષ્ટિ સુનાવણી દરમિયાન પણ ભારત અને ચીનનું ઉદાહરણ આપ્યું હતું. તેમનો તર્ક હતો કે ઊંચા ટેરિફનો અર્થ હંમેશા મોંઘવારી નથી હોતો, કારણ કે ભારત અને ચીનમાં ટેરિફ વધુ હોવા છતાં મોંઘવારી નિયંત્રિત રહી છે. પુસ્તક મુજબ, પછીથી લુટનિક એવી સ્થિતિમાં ફસાઈ ગયા જ્યાં એક તરફ ટ્રમ્પ રાજકીય રીતે ટેરિફના મોટા દાવા કરી રહ્યા હતા અને બીજી તરફ સરકારી આંકડા તે દાવાઓ સાથે મેળ ખાતા ન હતા.

પુસ્તકમાં ભારતનો ઉલ્લેખ ફક્ત વેપાર વિવાદ પૂરતો મર્યાદિત નથી. તેમાં એક વધુ રસપ્રદ દાવો કરવામાં આવ્યો છે કે ટ્રમ્પના બીજા કાર્યકાળની શરૂઆતના થોડા દિવસો પછી યુક્રેન યુદ્ધને લઈને થયેલી એક બેઠકમાં અમેરિકી ઉપરાષ્ટ્રપતિ જેડી વેન્સે ભારતનું નામ સંભવિત શાંતિ સેના મોકલનારા દેશોમાં સામેલ કર્યું હતું. રિપોર્ટ અનુસાર, 30 જાન્યુઆરી 2025ના રોજ ઓવલ ઓફિસમાં થયેલી બેઠકમાં ટ્રમ્પના રશિયા-યુક્રેન દૂત કીથ કેલોગે યુક્રેન યુદ્ધ સમાપ્ત કરવાનો એક પ્રસ્તાવ રજૂ કર્યો હતો. આ દરમિયાન અમેરિકામાં યુક્રેનમાં શાંતિ સૈનિકો મોકલવા અંગે એક બેઠક ચાલી રહી હતી. બેઠકમાં જ્યારે ફ્રાન્સ, બ્રિટન અને નેધરલેન્ડ જેવા નાટો (NATO) દેશોના સૈનિકો મોકલવાનો પ્રસ્તાવ આવ્યો, ત્યારે જેડી વેન્સે તેના પર ચિંતા વ્યક્ત કરી. વેન્સનું માનવું હતું કે નાટો સૈનિકોને યુક્રેન મોકલવાથી રશિયા નારાજ થઈ શકે છે અને અમેરિકા પણ સીધું યુદ્ધમાં ફસાઈ શકે છે.

આ પછી જેડી વેન્સે સૂચન કર્યું કે શા માટે બિન-યુરોપિયન દેશો પાસેથી મદદ ન લેવાય. વેન્સે આ કામ માટે સાઉદી અરબ અને ભારતનું નામ આગળ વધાર્યું.

પુસ્તકમાં દાવો કરવામાં આવ્યો છે કે વેન્સનો સૂચન સાંભળતા જ રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ હસી પડ્યા હતા. તેમણે કહ્યું, 'ભારતીયો આવું ક્યારેય નહીં કરે. તેઓ આ પ્રકારની કોઈ વસ્તુ માટે પોતાના ખિસ્સામાંથી પૈસા ખર્ચ નહીં કરે.'

પુસ્તકમાં એવો પણ દાવો કરવામાં આવ્યો છે કે ટ્રમ્પે વડાપ્રધાન નરેન્દ્ર મોદી વિશે કહ્યું હતું કે તેઓ તેમને ખૂબ પસંદ કરે છે. અને તેમને મળવા અમેરિકા આવવા માંગે છે. ટ્રમ્પે યુક્રેનના રાષ્ટ્રપતિ વોલોડીમિર ઝેલેન્સકી પર પણ નિશાન સાધ્યું હતું.

તેમણે ઝેલેન્સકીને એક 'ખરાબ વાટાઘાટકાર' ગણાવ્યા. તેમણે કહ્યું કે ઝેલેન્સકીએ યોગ્ય રીતે વાટાઘાટ ન કરીને પોતાના આખા દેશને બરબાદ કરી દીધો, પરંતુ તેઓ બાઈડન સરકાર પાસેથી વસ્તુઓ મેળવવામાં ખૂબ સારા હતા.

# રિપોર્ટ: ઇઝરાયલે જાણીજોઈને પેલેસ્ટાઈની બાળકોને માર્યા: 20 હજારથી વધુ બાળકોનાં મોત, લક્ષિત હત્યાના પાકા પુરાવા મળ્યા

**ન્યૂયોર્ક, તા.24**

સંયુક્ત રાષ્ટ્રના તપાસ પંચે ઇઝરાયલ પર ગાઝા અને વેસ્ટ બેંકમાં પેલેસ્ટિનિયન બાળકોને જાણી જોઈને નિશાન બનાવવાનો આરોપ લગાવ્યો છે.

પંચના અહેવાલ મુજબ ઓક્ટોબર 2023થી અત્યાર સુધીમાં 20 હજારથી વધુ બાળકોનાં મોત થયા છે. અહેવાલમાં જણાવાયું છે કે બાળકોને નિશાન બનાવીને કરાયેલી હત્યાઓના પાકા પુરાવા મળ્યા છે. ઇઝરાયલી સેના માનવતા વિરુદ્ધના ગુનાઓ અને યુદ્ધ અપરાધો માટે જવાબદાર છે.

અહેવાલમાં જણાવાયું છે કે 7 ઓક્ટોબર 2023 પછી 20 હજારથી વધુ પેલેસ્ટિનિયન બાળકો માર્યા ગયા છે અને 44 હજારથી વધુ ઘાયલ થયા છે. આ સમયગાળા દરમિયાન કુલ મૃત્યુમાં લગભગ 30% બાળકોનો સમાવેશ થતો હતો.

પંચના અધ્યક્ષ અને ભારતના પૂર્વ હાઈકોર્ટના મુખ્ય ન્યાયાધીશ એસ. મુરલીધરે અહેવાલ જાહેર કરતા જણાવ્યું કે તપાસમાં બાળકોને નિશાન બનાવીને કરાયેલા હુમલાઓના પાકા પુરાવા મળ્યા છે. રિપોર્ટ મુજબ, બાળકોનાં મોત હવાઈ હુમલાઓ, ડ્રોન હુમલાઓ



અને સ્નાઈપર ફાયરિંગમાં થયા હતા. ઘણા કિસ્સાઓમાં, તેમના માથા અને શરીરના ઉપરના ભાગને નિશાન બનાવવામાં આવ્યા હતા.

ઓક્ટોબર 2025માં ઇઝરાયલ અને હમાસ વચ્ચે યુદ્ધવિરામ લાગુ થયા પછી પણ પેલેસ્ટિનિયન બાળકોના મૃત્યુ અને ઘાયલ થવાની ઘટનાઓ ચાલુ રહી. આયોગે એ જણાવ્યું નથી કે યુદ્ધવિરામ પછી કેટલા બાળકો માર્યા ગયા.

UNICEFએ ગયા અઠવાડિયે દાવો કર્યો હતો કે યુદ્ધવિરામ લાગુ થયા પછી પણ સરેરાશ દરરોજ એક પેલેસ્ટિનિયન બાળકનો જીવ ગયો. UNICEFના પ્રવક્તા જેમ્સ એલ્ડર અનુસાર, બાળકો તેમના ઘરો, શાળાઓ, રમતના મેદાનો અને અહીં સુધી કે દરિયા કિનારે પણ માર્યા ગયા.

આયોગે તેના અહેવાલમાં 18 વર્ષથી ઓછી ઉંમરના તમામ લોકોને બાળક ગણ્યા છે. અહેવાલ મુજબ, આ બાળકોને 'આતંકવાદી અથવા ભવિષ્યના આતંકવાદી' માનીને નિશાન બનાવવામાં આવ્યા.

આયોગ અનુસાર, ઓક્ટોબર 2023 થી ઓક્ટોબર 2025 વચ્ચે લગભગ 58 હજાર બાળકોએ તેમના એક અથવા બંને માતા-પિતા ગુમાવ્યા. અહેવાલમાં એ પણ કહેવામાં આવ્યું છે કે કુપોષણના કારણે 151 બાળકોના મૃત્યુ થયા અને એક હજારથી વધુ બાળકોના અંગ કાપવા પડ્યા.

રિપોર્ટ સામે આવ્યા બાદ ઇઝરાયલે તેને સંપૂર્ણપણે ફગાવી દીધો. જિનીવામાં ઇઝરાયલના UN મિશને રિપોર્ટને બદનામ કરવાનો પ્રયાસ ગણાવતા કહ્યું કે તપાસ પંચ શરૂઆતથી જ ઇઝરાયલ વિરુદ્ધ પક્ષપાતી રહ્યું છે.

મિશનનું કહેવું છે કે આયોગનો હેતુ તથ્યોની તપાસ કરવાનો નથી, પરંતુ કોઈ પણ ભોગે ઇઝરાયલને કઠેડામાં ઊભું કરવાનો છે. ઇઝરાયલી વિદેશ મંત્રાલયે પણ રિપોર્ટ પર સવાલો ઉઠાવ્યા. મંત્રાલયે કહ્યું કે રિપોર્ટમાં હમાસના હુમલામાં માર્યા ગયેલા અને અપહરણ કરાયેલા ઇઝરાયલી બાળકોનો ઉલ્લેખ કરવામાં આવ્યો નથી.

# ન્યૂયોર્કના ટાઈમ્સ સ્ક્વેરમાં 12,000 લોકોએ યોગાસન કર્યા: ભારતીય દૂતાવાસમાં અનેક દેશોના રાજદ્વારીઓ સામેલ થયા

**ન્યૂયોર્ક, તા.24**

આંતરરાષ્ટ્રીય યોગ દિવસના અવસરે અમેરિકી શહેર ન્યૂયોર્કના ટાઈમ્સ સ્ક્વેરમાં શનિવારે 12 હજારથી વધુ લોકોએ યોગાસન કર્યા. દુનિયાના સૌથી વ્યસ્ત ચોક પૈકી એક ગણાતી આ જગ્યાએ અલગ-અલગ દેશો અને સમુદાયોના લોકો યોગ કરવા માટે એકઠા થયા.

આ વર્ષે આંતરરાષ્ટ્રીય યોગ દિવસ સમારોહના મુખ્ય આકર્ષણ યોગ ગુરુ ડો. એચ.આર. નાગેન્દ્ર રહ્યા. બેંગલુરુ સ્થિત એસ-વ્યાસા યુનિવર્સિટીના અધ્યક્ષ ડો. નાગેન્દ્રને વડાપ્રધાન નરેન્દ્ર મોદીના યોગ ગુરુ તરીકે પણ ઓળખવામાં આવે છે. તેમણે કહ્યું કે આ વર્ષે યોગ દિવસની થીમ 'સ્વસ્થ અને લાંબી ઉંમર માટે યોગ' છે.

આયોજકોના મતે, આ વખતે 12 હજારથી વધુ લોકોએ કાર્યક્રમ માટે રજીસ્ટ્રેશન કરાવ્યું. સહભાગીઓએ કહ્યું કે ટાઈમ્સ સ્ક્વેર જેવી ભીડભાડવાળી જગ્યાએ યોગ કરવો એક અનોખો અનુભવ છે અને તેનાથી લોકોને શાંતિનો અહેસાસ થાય છે.



સંયુક્ત રાષ્ટ્રએ 2014માં વડાપ્રધાન નરેન્દ્ર મોદીના પ્રસ્તાવ પર 21 જૂનને આંતરરાષ્ટ્રીય યોગ દિવસ જાહેર કર્યો હતો. ત્યારથી દુનિયાના ઘણા દેશોમાં દર વર્ષે મોટા પાયે યોગ દિવસ ઉજવવામાં આવે છે.

આંતરરાષ્ટ્રીય યોગ દિવસના અવસરે ન્યૂયોર્કમાં આવેલા ઈન્ડિયન કોન્સ્યુલેટમાં યોગ ગુરુ એચ આર. નાગેન્દ્રના નેતૃત્વમાં વિશેષ ધ્યાન સત્રનું આયોજન કરવામાં આવ્યું.

યોગ ગુરુ નાગેન્દ્રએ કહ્યું કે ઉંમર વધવાની સાથે શરીરમાં ઘણા ફેરફારો આવે છે, પરંતુ યોગ અને વિશેષ પ્રાણાયામની મદદથી વ્યક્તિ લાંબા સમય સુધી સ્વસ્થ રહી શકે છે. તેમણે કહ્યું કે યોગ એક પ્રાચીન વિજ્ઞાન છે, જે ફક્ત શરીર જ નહીં પરંતુ મન, પ્રાણ, ભક્તિ અને બુદ્ધિને પણ સમજવાનો માર્ગ બતાવે છે.

ભારતના કોન્સ્યુલ જનરલ બિનય પ્રધાને જણાવ્યું હતું કે અમેરિકામાં યોગની લોકપ્રિયતા સતત વધી રહી છે, જેનો પુરાવો યોગ કેન્દ્રો અને કાર્યક્રમોમાં વધતી ભાગીદારી છે.

ઉત્તર અમેરિકા રાજસ્થાન એસોસિએશનના અધ્યક્ષ પ્રેમ ભંડારીએ આંતરરાષ્ટ્રીય યોગ દિવસની શરૂઆત કરવા બદલ ભારતના વડાપ્રધાનનો પણ આભાર વ્યક્ત કર્યો હતો. તેમણે કહ્યું કે વડાપ્રધાન મોદીની પહેલ પર સંયુક્ત રાષ્ટ્રએ 21 જૂનને આંતરરાષ્ટ્રીય યોગ દિવસ તરીકે જાહેર કર્યો હતો અને આજે તે 190 થી વધુ દેશોમાં ઉજવવામાં આવે છે. પ્રેમ ભંડારી છેલ્લા એક દાયકાથી સંયુક્ત રાષ્ટ્ર મુખ્યાલય અને અમેરિકી સંસદ પરિસર કેપિટલ હિલ જેવા પ્રતિષ્ઠિત સ્થળોએ પણ યોગ કાર્યક્રમોનું આયોજન કરતા રહ્યા છે. ટાઈમ્સ સ્ક્વેરમાં યોગ કાર્યક્રમની શરૂઆત 21 જૂન 2003ના રોજ માત્ર ત્રણ લોકો સાથે થઈ હતી.

# ફ્રાન્સમાં ગરમીથી 58 લોકોનાં મોત: ન્યુક્લિયર પાવર પ્લાન્ટ બંધ કરવો પડ્યો, હીટવેવની ઝપેટમાં 26 યુરોપિયન દેશો, ઈટાલી-બ્રિટનમાં રેડ એલર્ટ

**મેડ્રિડ, તા.24**

ફ્રાન્સમાં ગરમીના કારણે 58 લોકોના મોત થયા. ફ્રાન્સના વડાપ્રધાન સેબેસ્ટિયન લેકોર્નુએ મંગળવારે જણાવ્યું કે ગરમીમાંથી રાહત મેળવવા માટે નદીઓ, તળાવો અને નહેરોમાં ઉતરતી વખતે છેલ્લા કેટલાક દિવસોમાં 40 લોકો ડૂબી જવાથી મૃત્યુ પામ્યા છે. આમાં મોટાભાગના યુવાનોનો સમાવેશ થાય છે. આ ઉપરાંત, 2 બાળકો સહિત 18 લોકોના ગરમીમાં લૂ લાગવાથી મોત થયા.

હીટવેવના કારણે ફ્રાન્સમાં ગોલ્ફેશ ન્યુક્લિયર પાવર પ્લાન્ટને સોમવારે રાત્રે બંધ કરવો પડ્યો. તેનું કારણ એ છે કે પ્લાન્ટને ઠંડો કરવા માટે ઉપયોગમાં લેવાતી ગારોન નદીનું તાપમાન 28 ડિગ્રી સેલ્સિયસ સુધી પહોંચવાની શક્યતા છે. યુરોપના 26 દેશો હીટવેવની ઝપેટમાં છે. ફ્રાન્સ, સ્પેન, ઈટાલી અને બ્રિટન સહિત 14 દેશોમાં ગરમીને લઈને રેડ એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. આમાંથી મોટાભાગના દેશોમાં તાપમાન 40 ડિગ્રી સેલ્સિયસ અથવા તેનાથી



ઉપર પહોંચવાની નજીક છે.

ફ્રાન્સમાં સરકારે સાર્વજનિક સ્થળોએ દારૂ પીવા પર પ્રતિબંધ મૂક્યો છે. હવામાન એજન્સીએ જણાવ્યું કે સોમવારે રાત્રે દેશે 1947માં રેકોર્ડ શરૂ થયા પછીની સૌથી ગરમ રાત નોંધાવી. ઘણા ભાગોમાં તાપમાન 43 ડિગ્રી સેલ્સિયસ સુધી પહોંચવાનો અંદાજ છે. ભીષણ ગરમીના કારણે 1,350થી વધુ શાળાઓ બંધ કરી દેવામાં આવી છે. ગરમીના કારણે સરકારે 'ફેટ દ લા મ્યુઝિક' નામના વાર્ષિક મ્યુઝિક ફેસ્ટિવલ દરમિયાન સાર્વજનિક સ્થળોએ દારૂ પીવા પર પ્રતિબંધ મૂક્યો.

આ મ્યુઝિક ફેસ્ટિવલ દર વર્ષે સમગ્ર ફ્રાન્સમાં આયોજિત થાય છે. તેમાં લાખો લોકો રસ્તાઓ પર ઉતરીને ભાગ લે છે. સરકારને આશંકા હતી કે અતિશય ગરમીમાં દારૂનું સેવન લોકો માટે સ્વાસ્થ્ય જોખમ વધારી શકે છે. તેથી રેડ એલર્ટવાળા વિસ્તારોમાં આ પ્રતિબંધ લાગુ કરવામાં આવ્યો.

ફ્રાન્સની હવામાન એજન્સી મેટિયો-ફ્રાન્સે સોમવારે જણાવ્યું કે વર્તમાન હીટવેવની ગંભીરતા ઓગસ્ટ 2003ની ગરમી સાથે ઘણી મળતી આવે છે. 2003માં ફ્રાન્સમાં 16 દિવસ સુધી ચાલેલી ભીષણ હીટવેવના કારણે લગભગ 15 હજાર લોકોના મોત થયા હતા. તેને યુરોપના ઈતિહાસની સૌથી ઘાતક ગરમીની ઘટનાઓમાં ગણવામાં આવે છે. બ્રિટનના હવામાન વિભાગ અનુસાર બુધવારે તાપમાન 39Cથી વધુ પહોંચી શકે છે. જો આવું થશે તો જૂનનો 35.6Cનો રાષ્ટ્રીય રેકોર્ડ તૂટી જશે, જે 1976માં નોંધાયો હતો. હવામાન વિભાગે ચેતવણી આપી છે કે વધુ ભેજને કારણે ગરમીની અસર વધુ અનુભવાશે.

હવામાન વિભાગે બુધવાર અને ગુરુવાર માટે રેડ એક્સ્ટ્રીમ હીટ વોર્નિંગ જાહેર કરી છે. આ ચેતવણી ત્યારે જાહેર કરવામાં આવે છે જ્યારે ગરમી લોકોના સ્વાસ્થ્ય, પરિવહન અને જરૂરી સેવાઓ પર ગંભીર અસર કરી શકે છે. બ્રિટનમાં ટ્રોપિકલ નાઈટ્સની સ્થિતિ બનવાની આશંકા છે. એટલે કે રાત્રે પણ તાપમાન 20Cથી નીચે નહીં જાય. સ્પેનના ઘણા ભાગોમાં તાપમાન 38-40Cથી ઉપર રહ્યું છે. કેટલાક ભાગોમાં રવિવાર રાતથી સોમવાર સવાર સુધી તાપમાન 30Cથી નીચે ગયું નથી. હવામાન વિભાગના મતે, આ ટ્રોપિકલ નાઈટની સ્થિતિ છે, જ્યારે રાત્રે પણ ગરમીથી રાહત મળતી નથી. જર્મનીમાં પણ ગરમીની અસર જોવા મળી રહી છે. એક અઠવાડિયામાં નદીમાં નહાવાથી 5 લોકોના મોત થયા છે. બાવેરિયાના તળાવોમાં 2 યુવકો ડૂબી જવાથી મૃત્યુ પામ્યા, જ્યારે બાલ્ટિક સાગરમાં એક મહિલાનો જીવ ગયો. બેલ્જિયમના હવામાન વૈજ્ઞાનિકોનું કહેવું છે કે વર્તમાન ગરમી દેશના ઈતિહાસની સૌથી ભયાનક હીટવેવ બની શકે છે. તાપમાન વધવાને કારણે ઘણી શાળાઓએ અડધા દિવસના વર્ગો શરૂ કરી દીધા છે. ઈટાલીના સ્વાસ્થ્ય મંત્રાલયે રોમ અને મિલાન સહિત 15 શહેરોમાં રેડ એલર્ટ જાહેર કર્યું છે. બુધવારે આ સંખ્યા વધીને 16 થઈ શકે છે. રોમમાં નવી ઈલેક્ટ્રિક બસોની બેટરીઓ ઝડપથી ખતમ થઈ રહી છે.

## તંત્રી લેખ

# મંદિરોમાં દાનની રકમની ઉચાપત શ્રધ્ધાળુઓની ધાર્મિક લાગણીને ઠેસ

કરોડો શ્રદ્ધાળુઓની આસ્થાને અયોધ્યાના રામમંદિરના દાનની રકમની ઉચાપતના કિસ્સાએ આઘાત પહોંચાડયો છે. ઉત્તર પ્રદેશના મુખ્યપ્રધાન યોગી આદિત્યનાથે તપાસની ખાત્રી આપી છે પરંતુ લોકોની શ્રધ્ધા સાથે રમાતી રમત ક્યારે અટકશે તેની ખબર નથી પડતી. ચોરી કરતા લોકોનેભગવાનથી ડરવાની સલાહ આપે છે પરંતુ ભગવાનના મંદિરના વહીવટકારો જ કટકી લેતા પકડાય છે. મંદિરોમાં થતી દાનના આવક કરોડોમાં હોય છે. તેનો પાઈપાઈનો હિસાબ રાખવો વહીવટદારોની ફરજ છે પરંતુ મદિરોના વહીવટમાં થતી ગોબાચારીના અહેવાલો છાશવારે ચમકે છે.

અયોધ્યાનું રામમંદિર દેશના શ્રધ્ધાળુઓની આસ્થાનું પ્રતીક છે પરંતુ કેટલાક તત્વો દાનમાં આવેલી સંપત્તિને પોતાની સંપત્તિ ગણીને બધું ઘરભેગું કરવામાં વ્યસ્ત રહેતા હોય છે. મંદિરોની આવક, ધર્મ ગુરૂઓની આવક વગેરે એક કોર્પોરેટ કંપનીઓ જેવું હોય છે. મંદિરોમાં તેમ જ આશ્રમોમાં શ્રધ્ધાળુઓ આંખો મીચીને દાન કરતા હોય છે. દાન કરવાનો વ્યવહાર ધર્મ સાથે સંકળાયેલો છે. મંદિરની બહાર બેઠેલી ભિક્ષુકોની લાઈનમાં પણ લોકો દરેકને યથા શક્તિ દાન કરતા હોય છે. દરેક ધર્મમાં દાનનો વિશેષ મહિમા વર્ણવેલો છે.

અનેક મંદિરોમાં સરકારે વહીવટદારો નિમીને આડેધડ વપરાતા પાસા પર અંકુશ મુકવામાં સફળતા મેળવી છે. તેમ છતાં પૈસો કેવી રીતે પોતાની તરફ સેરવી લેવો તેની આવડત અનેક લોકો પાસે હોય છે. દાનની રકમનું શું થશે તે વિશે કોઈ વિચારતું નથી. મંદિરોમાં જતો વર્ગ દાન માટે, મંદિરોમાં ફરતા સેવકો માટે, બહાર બેસતા કે ફરતા ભિક્ષુકો વગેરે માટે અલગ બજેટ રાખે છે. કેટલાક શ્રધ્ધાળુઓ ધાર્મિક પ્રવાસ દરમ્યાન પરચુરણ સાથે રાખે છે. મંદિરોમાં વિવિધ સ્તરે દાન પેટી રખાય છે જેમકે ગાયના ઘાસના પૈસા, વિવિધ ભોગ માટેના પૈસા, ભગવાનના વસ્ત્રો માટેના પૈસા વગેરે વગરે.

શ્રધ્ધાળુઓ દાન પેટી છલકાવી દે છે. કેમકે તે લોકો દાનનો મહિમા સમજીને દાન કરે છે. દાનની રકમમાંથી પૈસો લેવાની દાનત રાખનારાઓ ભ્રષ્ટાચારી રાજકારણીઓ કરતા પણ વધુ બદમાશ હોય છે. દેખાવમાં સજ્જન અને હિસાબોમાં ચોખ્ખા લાગતા લોકો પૈસો જોઈને લપસી પડે છે. તેમને પૈસાનો યોગ્ય વહીવટ કરવાનું કામ સોંપાયું હોય છે પરંતુ તે ઘરભેગું કેવી રીતે કરવું તે વિચારતા હોય છે. આપણે ત્યાં લોકો મંદિરોમાં ચાલતા ગેરવહીવટના વિવાદમાં બહુ પડતા નથી કેમકે દરેક માને છેકે જે ખોટું કરશે તે ભરશે. જોકે જ્યારે વાત લાખોની ઉચાપતની હોય ત્યારે શ્રધ્ધાળુઓ પણ સમસમી જાય છે.

આંધ્ર પ્રદેશના તિરૂપતિ મંદિરની વાર્ષિક આવક ૧૫૦૦ કરોડ રૂપિયા છે જ્યારે વૈષ્નો દેવી અને સુવર્ણમંદિરની આવક ૫૦૦ કરોડ જેટલી છે. શિરડીના સાંઈબાબા મંદિરની આવક ૪૮૦ કરોડ છે જ્યારે સબરીમાલા મંદિરની આવક ૨૪૫ કરોડ જેટલી છે. કરોડોની આવકમાં આળોટતા આ મંદિરોનો વહીવટ યોગ્ય હાથોમાં છે કે કેમ તે ચકાસવું જોઈએ પરંતુ અનેક વાર દરેક મંદિરો વિવિધ વિવાદમાં ફસાયેલા છે. શ્રધ્ધાળુઓ માટે દાનની રકમ ક્યાં વપરાય છે તે વિશે બહુ ચિંતા નથી હોતી પરંતુ જ્યારે ચોરીની વાતો બહુ ચર્ચાય છે ત્યારે લોકો દાન આપતા પહેલાં અચકાય છે.

અયોધ્યામાં રામમંદિરને મળેલી દાનની રકમમાં ઉચાપત બાબતે સરકારે સીટની રચના કરી છે. આવી ઉચાપત કરનારાઓ સામે કડક હાથે કામ લઈને સરકારે દાખલો બેસાડવો જોઈએ જેથી અન્ય મંદિરોના વહીવટકારો ઉચાપત કરવાથી દૂર રહે . ખરેખર સાચું જ કહ્યું છે કે જેમને ભગવાને બનાવ્યા તે જ આજે ભગવાનને બનાવી રહ્યા છે.

**અરબ સાગર ઉપરથી ભેજવાળા પવનો ઉત્તર ભારત તરફ જઈ રહ્યા છે. બીજી તરફ બંગાળની ખાડીમાંથી આવતા પૂર્વના ભેજવાળા પવનો હજી અટકેલા જ છે. જ્યારે આ બંને તરફના પવનો ભેગા થાય છે ત્યારે ઉત્તર-પશ્ચિમના રાજ્યોમાં વરસાદ થાય છે. હાલમાં આ બંને સ્ટ્રીમમાં ખાસ દબાણ જોવા મળ્યું નથી તેના પગલે ચોમાસું અટકેલું છે : મહારાષ્ટ્રમાં જૂનમાં 85 ટકા ઓછો વરસાદ પડયો છે બીજી તરફ ગુજરાતમાં પણ વરસાદની 84 ટકા ઘટ જોવા મળી છે. ત્રીજા ક્રમે વરસાદના ગઢ ગણાતા મેઘાલયમાં જૂન મહિનામાં 81 ટકા ઓછો વરસાદ પડયો છે**

# ચોમાસું અટકી ગયું : જૂન મહિનામાં 46 ટકા વરસાદની ઘટ

## અલ નીનો તથા રાજસ્થાન-પાકિસ્તાન પાસે સર્જાયેલા સાઇક્લોનિક સર્ક્યુલેશનને પગલે ઘણા દિવસોથી ચોમાસું આગળ વધી શકતું જ નથી

. ગોવામાં 76 ટકા, છત્તીસગઢ અને ઝારખંડમાં 71 ટકા તથા મણીપુરમાં 73 ટકા વરસાદી ઘટ નોંધાઈ છે : ભૂતકાળમાં નજર કરીએ તો 1918માં ચોમાસું નિષ્ફળ રહ્યું હતું. આઝાદી પહેલાંની આ સ્થિતિ અત્યંત કફોડી હતી.



ચોમાસું છેલ્લાં ઘણા દિવસથી અટકી ગયું છે. તે ઉત્તર તરફ આગળ વધી રહ્યું નથી. આ ઉપરાંત ઉત્તર-પશ્ચિમના રાજ્યો ચોમાસા વગર અસહ્ય ગરમીથી ત્રસ્ત થઈ ગયા છે. વાસ્તવિકતા એવી છે કે, મોનસુન સાઈકલ ખોટકાઈ ગઈ છે. તે જ્યાં પહોંચ્યું છે ત્યાં પણ યોગ્ય વરસાદ પડતો નથી. જાણકારોના મતે અત્યાર સુધી ચોમાસું શરૂ થયાને જૂન મહિનો પૂરો થવા આવ્યો ત્યાં સુધીમાં ૪૦ ટકાની ઘટ જોવા મળી છે. જૂન મહિનામાં દેશભરમાં ચોમાસું જ્યાં વરસે છે તેમાં આટલો મોટો ઘટાડો ઘણા વર્ષો બાદ જોવા મળી રહ્યો છે. કેટલાક સ્થળોએ સાઈક્લોનિક સર્ક્યુલેશન પણ સર્જાયું છે અને તેના પગલે ચોમાસું આગળ વધી શકતું નથી. હાલમાં રાજસ્થાનની ઉપર અને પાકિસ્તાન તરફ આ સાઈક્લોનિક સર્ક્યુલેશન સર્જાયેલું છે જેણે વરસાદી સ્ટ્રીમને અટકાવી રાખી છે.

ઉલ્લેખનીય છે કે, ભારતમાં ચોમાસું પ્રવેશ કરે ત્યારબાદ તેની બે ટ્રફ રેખાઓ ખેંચાય છે. તેની બે સ્ટ્રીમ બને છે. એક સ્ટ્રીમ હાલમાં પશ્ચિમ બંગાળ સુધી પહોંચી છે જ્યારે બીજી સ્ટ્રીમ છત્તીસગઢ અને તમિલનાડુની વચ્ચે છે. આ સ્ટ્રીમ જ ચોમાસાને ઉત્તર અને પશ્ચિમ તરફ ખેંચી જાય છે. હાલમાં અરબ સાગર ઉપરથી ભેજવાળા પવનો ઉત્તર ભારત તરફ જઈ રહ્યા છે. બીજી તરફ બંગાળની ખાડીમાંથી આવતા પૂર્વના ભેજવાળા પવનો હજી અટકેલા જ છે. જ્યારે આ બંને તરફના પવનો ભેગા થાય છે ત્યારે ઉત્તર-પશ્ચિમના રાજ્યોમાં વરસાદ થાય છે. તેના કારણે જ વરસાદ અટકેલો છે. ગુજરાત, રાજસ્થાન, મધ્ય પ્રદેશ, યુપીમાં ક્યાંક ક્યાંક છુટોછવાયો વરસાદ પડી રહ્યો છે પણ તેને ચોમાસું બેસી ગયું ન કહેવાય.

જાણકારોના મતે અલનીનોના કારણે ચોમાસું અટકી ગયું છે. આમ જોવા જઈએ તો અલનીનો એકમાત્ર કારણ નથી. સામાન્ય રીતે દક્ષિણ હિન્દ મહાસાગરમાં એક હાઈપ્રેશર સિસ્ટમ સર્જાય છે અને તેના દ્વારા ચોમાસું આવે છે. તેને માસ્કારેન હાઈ પણ કહેવામાં આવી છે. બીજી તરફ પાકિસ્તાન અને ઉત્તર-પશ્ચિમ ભારતમાં ગરમીના કારણે હીટ પ્રેશર સિસ્ટમ એક્ટિવેટ થાય છે અને લો પ્રેશર સિસ્ટમ સર્જાય છે. સામાન્ય રીતે હવા હાઈ પ્રેશરમાંથી લો પ્રેશર તરફ ગતિ કરતી હોય છે. તેથી હિન્દ મહાસાગર ઉપર સર્જાયેલું પ્રેશર આગળ વધીને લો પ્રેશર તરફ જાય છે. ભૂમધ્ય રેખાને પસાર કર્યા બાદ આ પવનો અરબ સાગર તરફથી આગળ વધવા લાગે છે. તેના કારણે દક્ષિણ-પશ્ચિમ ચોમાસાનું સર્જન થાય છે જેને આપણે નૈઋત્યનું ચોમાસું કહીએ છીએ.

સામાન્ય રીતે હાઈ પ્રેશર સિસ્ટમ અને લો પ્રેશર સિસ્ટમ મજબૂત રીતે સર્જાયેલા હોય તો ચામાસું ઝડપથી આગળ વધે છે અને ધોધમાર વરસાદ લાવે છે પણ આ વર્ષે હજી બંને સિસ્ટમ જોઈએ તેટલી મજબૂત થઈ નથી. તેના કારણે ચોમાસું અટકી ગયું છે. બીજી તરફ સોમાલી જેટ પવનો પણ આ વખતે નબળા છે. આ પવનો જ હાઈ પ્રેશર સિસ્ટમ બનનારી સ્ટ્રીમ છે. મડાગાસ્કર અને સોમાલિયા પાસેથી પસાર થઈને તે અરબ સાગર સુધી આગળ વધે છે. આ હવા મજબૂત હોય તો ભારતના કેરળ, કર્ણાટક, ગોવા, મહારાષ્ટ્ર, ગુજરાત જેવા પશ્ચિમી કિનારાના રાજ્યોમાં સારો વરસાદ લાવે છે. આ વખતે સોમાલી જેટ પણ નબળા પડેલા છે. તેના કારણે પશ્ચિમી ભારતમાં ચામાસું ધીમું પડી ગયું છે અથવા તો સાવ જ અટકી ગયું છે તેવું દેખાઈ રહ્યું છે. મુંબઈ સહિત મહારાષ્ટ્રના અનેક પ્રદેશો જે જૂનના અંત સુધીમાં વરસાદથી તરબતર થઈ જતા હતા તે આ વર્ષે હજી સુધી સામાન્ય વરસાદનો અનુભવ કરી રહ્યા છે. ઘણી જગ્યાએ તો હજી વરસાદ પણ પડયો નથી. ઘણી જગ્યાએ માત્ર છૂટાછવાયા ઝાપટા જોવા મળ્યા છે. ચિંતાજનક બાબત એ છે કે, ચોમાસાની શરૂઆત સારી થઈ હતી પણ ધીમે ધીમે તે મંદ પડી રહ્યું છે. તે છેલ્લાં ઘણા દિવસથી આગળ વધી રહ્યું નથી. જ્યાં જ્યાં ચોમાસું બેઠું છે ત્યાં પણ જોઈએ તેવો વરસાદ પડયો નથી. જાણકારોના મતે અત્યાર સુધીમાં જ્યાં જ્યાં વરસાદ પડયો છે ત્યાં સરેરાશ ૪૦થી ૮૦ મિલીમીટર જ પડયો છે. સામાન્ય રીતે જૂન મહિનામાં સૌથી વધારે વરસાદ પડતો હોય છે. આ વખતે ચિંતાજનક સ્થિતિ છે. જૂન મહિનો પૂરો થવા આવ્યો અને હજી વરસાદમાં ૪૬ ટકાની ઘટ છે. હાલમાં પણ જે સંકેત મળી રહ્યા છે તે જણાવે છે કે, ચોમાસું હજી આ અઠવાડિયું આગળ વધે તેવા કોઈ અણસાર નથી. આગામી સમયમાં કેટલાક વિસ્તારોમાં પ્રી મોન્સુન એક્ટિવિટી જેવો વરસાદ પડી શકે છે. બાકી સ્થિતિમાં કોઈ સુધારો નથી.

દેશમાં સૌથી વધારે વરસાદની જૂન મહિનાની અછત આ વખતે મહારાષ્ટ્રમાં જોવા મળી છે. ત્યાં ૮૫ ટકા ઓછો વરસાદ પડયો છે. બીજી તરફ ઓછા વરસાદમાં ગુજરાત પણ બીજા ક્રમે છે. અહીંયા જૂન મહિનામાં વરસાદની ૮૪ ટકા ઘટ જોવા મળી છે. ત્રીજા ક્રમે વરસાદના ગઢ ગણાતા મેઘાલયનું નામ આવે છે. અહીંયા જૂન મહિનામાં ૮૧ ટકા ઓછો વરસાદ પડયો છે. ત્યારબાદ ગોવામાં ૭૬ ટકા, છત્તીસગઢ અને ઝારખંડમાં ૭૧ ટકા તથા મણીપુરમાં ૭૩ ટકા વરસાદી ઘટ નોંધાઈ છે.

ભૂતકાળમાં નજર કરીએ તો ૧૯૧૮માં ચોમાસું નિષ્ફળ રહ્યું હતું. આઝાદી પહેલાંની આ સ્થિતિ અત્યંત કફોડી હતી. દેશના ૪૦ ટકા ભાગમાં વરસાદની અછતને પગલે દુકાળ પડયો હતો. છેલ્લાં ૧૨૦ વર્ષમાં આવું ક્યારેય થયું નહોતું. તે સમયે ભોજન અને ઘાસચારાની સખત અછત ઊભી થઈ હતી. ત્યારબાદ ૧૯૭૨માં ભારતમાં વરસાદમાં ૨૪ ટકાનો ઘટાડો નોંધાયો હતો. તે વખતે મહારાષ્ટ્રની સ્થિતિ કફોડી થઈ ગઈ હતી. આજે પણ દેશમાં ચોમાસું નિષ્ફળ જાય તો ૧૯૭૨ના વર્ષની સ્થિતિ સાથે જ સરખામણી કરાય છે. તેને દેશના આધુનિક ઈતિહાસમાં નિષ્ફળતાનો બેન્ચમાર્ક ગણાવાય છે. ૧૯૮૭માં પણ દેશોમાં ચોમાસું નબળું રહ્યું હતું અને વરસાદમાં ૧૯ ટકાની ઘટ પડી હતી. તેના કારણે દેશની ૬૦ ટકા ખેતીને અસર થઈ હતી. અંદાજે ૯ કરોડ લોકોને દુકાળ અને ભુખમરાનો સામનો કરવાનો આવ્યો હતો. ૨૦૦૨માં પણ ૧૯ ટકા ઓછો વરસાદ પડયો હતો. આ વર્ષે કુલ વરસાદમાં ઘટ નહોતી પણ જુલાઈમાં ચોમાસું અટકી ગયું હતું અને તેના કારણે ખેતીને પિયત અને વાવણી બાદની સ્થિતિને ખૂબ જ નુકાસન થયું હતું. જળાશયો પણ ભરાયા નહોતા. દેશના ગુજરાત, મહારાષ્ટ્ર, રાજસ્થાન, મધ્ય પ્રદેશ સહિતના પશ્ચિમી રાજ્યોનો દુકાળનો સામનો કરવાનો આવ્યો હતો. દેશના અર્થતંત્રને પણ મોટો ઝાટકો લાગ્યો હતો.

ઉલ્લેખનીય છે કે, ત્યારબાદ ૨૦૦૯માં પણ ભારતમાં ચોમાસું નિષ્ફળ ગયું હતું. તે સમયે વરસાદમાં ૨૨ ટકાની ઘટ જોવા મળી હતી. તે સમયે અનાજ, શેરડી, કઠોળના પાકને ખૂબ જ નુકસાન ગયું હતું. ખેતીમાં નુકસાન ઉપરાંત પીવાના પાણીની પણ વ્યાપક અછત ઊભી થઈ હતી. તેના કારણે દેશના અર્થતંત્રને પણ વ્યાપક નુકસાન થયું હતું. ચોમાસાના નિષ્ફળ જવાના ઈતિહાસમાં ૨૦૧૫ છેલ્લું વર્ષ છે. એક દાયકા પહેલાં ૨૦૧૫માં ચોમાસામાં ૧૪ ટકાની ઘટ જોવા મળી હતી. તેમાં જૂનમાં અસહ્ય વરસાદ પડયો અને ત્યારબાદ જુલાઈ, ઓગસ્ટ અને સપ્ટેમ્બરમાં સામાન્ય વરસાદ પડયો. ત્યારે પણ અલનિનોની અસર આકરી થઈ હોવાથી વરસાદ યોગ્ય રીતે પડયો નહોતો. તાજેતરમાં પણ અલનિનોની સ્થિતિ અસર કરી રહી હોય તે દેખાઈ રહ્યું છે. ચોમાસું હાલમાં અટકી ગયું છે. તેના કારણે મહારાષ્ટ્ર, મધ્ય ભારત અને દક્ષિણ ભારતમાં વરસાદમાં વ્યાપક ઘટ જોવા મળી હોવાના અહેવાલો આવ્યા છે.

ચિંતાજનક બાબત એ છે કે, આ વર્ષે જો અલ નિનોની અસર વધારે પ્રબળ બનશે તો આ વર્ષે ચોમાસું ખરાબ થવાની પૂરતી શક્યતાઓ જોવાઈ રહી છે. જૂનમાં તો વરસાદની ઘટ જોવા મળી જ છે, હવે જુલાઈ અને ઓગસ્ટમાં પણ વરસાદની ઘટ આવી તો તેના પરિણામો ખૂબ જ કપરાં આવશે. આગામી બે મહિનામાં જો વરસાદ યોગ્ય રીતે નહીં પડે તો પરિસ્થિતિ વધારે ખરાબ થાય તેમ છે. એક તરફ વૈશ્વિક પરિસ્થિતિ ડામાડોળ છે, યુદ્ધને પગલે મોંઘવારી વધી છે અને હવે જો ચોમાસું નિષ્ફળ ગયું તો પ્રજા ઉપર મોંઘવારીનો વધુ એક મોટો ડામ આવશે.

જાણકારોના મતે ચોમાસું હજી જોઈએ તેટલી ઝડપથી અને મજબૂતાઈથી આગળ વધે તેવો કોઈ વરતારો નથી. આગામી બે-ત્રણ દિવસ મહારાષ્ટ્ર, ગુજરાત અને દિલ્હી-એનસીઆરમાં પ્રી-મોન્સુન જેવો માહોલ સર્જાય તેવી શક્યતાઓ જોવાઈ રહી છે. આ દરમિયાન છુટોછવાયો વરસાદ પડી શકે છે. ત્યારબાદ ૨૫થી ૩૦ જૂનની વચ્ચે મહારાષ્ટ્રમાં વિધિવત ચોમાસું બેસી જશે તેવી શક્યતાઓ છે. ત્યારબાદ ચોમાસું આગળ વધીને ગુજરાતમાં અધિકારિક એન્ટ્રી મારશે. બીજી તરફ મધ્ય પ્રદેશ, ઉત્તર પ્રદેશ અને દિલ્હી-એનસીઆરમાં પણ ચોમાસાનો પ્રારંભ થાય તેવું લાગી રહ્યું છે.

આ બધા વચ્ચે ગરમી અને ઉકળાટની સ્થિતિ તો યથાવત્ જ રહેશે. જાણકારોનું એવું પણ માનવું છે કે, ઘણી વખત ચોમાસું અટકીને પછી વધારે ઝડપ અને મજબૂતી સાથે આગળ વધતું હોય છે. હાલમાં જો કે, એવા કોઈ સંજોગ દેખાતા નથી. આ ઉપરાંત અલનીનોની અસર વધી રહી છે. અત્યારે ચોમાસું નબળું પડી જશે કે સામાન્ય રહેશે તેનું પણ ઉતાવળે કોઈ તારણ ન આપવું તેવું જાણકારો માની રહ્યા છે. આગામી દસ દિવસમાં વરસાદની દેશભરમાં સ્થિતિ જોયા બાદ ચોમાસું કેવું રહેશે અને કેવી રીતે આગળ વધશે તેનો ખ્યાલ આવશે.

# શરણાગતિમાં ખીલતો ઉત્સવ ભગવાનના ચરણનો આશ્રયએ જ સાચા સુખનો આધાર



વિશેષ
યશપાલસિંહ ટી. વાઘેલા
(દરબાર ગઢ, થરા)

આપણે સૌ સુખ શોધીએ છીએ. કોઈ ધનમાં,કોઈ સંબંધમાં, કોઈ સિદ્ધિમાં. છતાં સુખ હાથતાળી આપીને સરકી જાય છે.સ્વામી વિવેકાનંદના જીવનનો એક પ્રસંગ આપણને સાચા સુખની દિશા ચીંધે છે.ટ્રેનમાં અપમાન સહન કરીને પણ જે મન અવિચલ રહ્યું,જે ચિત્ત પોતાના કાર્યમાં લીન રહ્યું,તે જ મન સુખનો સાચો અધિકારી છે. આ લેખ એ જ સુખના મૂળ સુધી લઈ જાય છે. અહીં આપણે સમજીશું કે બાહ્ય સંજોગો નહીં, પણ આંતરિક આશ્રય જ જીવન ને ઉત્સવ બનાવે છે. ભગવાનને શરણે થવું એટલે હાર માનવી નહીં,પણ સૌથી મોટી શક્તિ સાથે જોડાઈ જવું. એ જોડાણ જ જીવનની દરેક ક્ષણને ઉજવણી બનાવી દે છે.

સુખ માણસની સૌથી પ્રાથમિક ભૂખ છે. જન્મથી મૃત્યુ સુધી દરેક શ્વાસ સુખની શોધમાં જ લેવાય છે. આપણે ઘર બાંધીએ, સંબંધો રચીએ, કારકિર્દી ઘડીએ. બધાની પાછળ એક જ આશા હોય છે કે હવે સુખ મળશે. પણ અનુભવ કહે છે કે સુખ કોઈ વસ્તુ નથી જે ખરીદી શકાય. તે એક અવસ્થા છે જે જીવવી પડે છે. અને આ અવસ્થાનો પાયો ક્યાં છે?આપણા શાસ્ત્રો અને સંતો એક જ વાત દોહરાવે છે: ભગવાનના ચરણોમાં શરણા ગતિ.

શરણાગતિ એટલે પોતાની બુદ્ધિ,અહંકાર અને ભયને ઈશ્વરના ચરણોમાં મૂકી દેવા. જ્યાં સુધી હું મારા બળે બધું ચલાવવા મથું છું ત્યાં સુધી ચિંતા મારો પડછાયો બનીને ચાલે છે. જે ક્ષણે હું સ્વીકારી લઉં છું કે મારાથી મોટી એક શક્તિ છે જે આ સૃષ્ટિ ચલાવે છે, તે ક્ષણે મન પરથી ભાર હળવો થઈ જાય છે. આ હળવાશ જ સુખનું પહેલું પગથિયું છે.

જીવન કિંમતી છે કારણ કે તે એક જ વાર મળે છે. આ કિંમતી જીવનને જો આપણે ફરિયાદ, ભય અને નિરાશામાં વેડફી દઈએ તો એ ઉત્સાહનું નુકસાન છે.ઉજવણી એટલે મોટા પ્રસંગો નહીં.ઉજવણી એટલે અંદરથી પ્રગટતો આનંદ. જ્યારે મન નિર્ભાર હોય, જ્યારે હૃદય કૃતજ્ઞ હોય, ત્યારે સામાન્ય ચાની ચૂસ્કી પણ ઉત્સવ બની જાય છે.આ આંતરિક ઉજવણી નો સ્ત્રોત બહાર નથી.તેનો સ્ત્રોત છે અડગ આશ્રય.

આપણે આશ્રય ઘણી જગ્યાએ શોધીએ છીએ. પૈસામાં સુરક્ષા શોધીએ,વ્યક્તિમાં પ્રેમ શોધીએ, પદમાં માન શોધીએ.આ બધા આશ્રય કામચલાઉ છે.આજે છે,કાલે ન પણ હોય. એટલે તેના પર રચાયેલું સુખ પણ કામ ચલાઉ જ રહે છે.શેરબજાર તૂટે તો મન તૂટી જાય.સંબંધ વીખરાય તો હૃદય વીખરાઈ જાય. કારણ કે આપણે આપણા સુખની ચાવી બીજાના હાથમાં આપી દીધી છે. ભગવાનનો આશ્રય એવો છે જે ક્યારેય તૂટતો નથી,ખસતો નથી, બદલાતો નથી. એટલે એ આશ્રય પર ઊભેલું સુખ પણ અડગ રહે છે.

સંપત્તિ જરૂરી છે,પણ તે સુખનો પાયો નથી. પાયો તો શ્રદ્ધા છે. શ્રદ્ધા કે મારી સાથે જે થઈ રહ્યું છે તેમાં કોઈ મોટી યોજના કામ કરી રહી છે.શ્રદ્ધા કે અંધારી રાત પછી સવાર નિશ્ચિત છે.આ શ્રદ્ધા જ મનને નિરાશા અને હતાશાથી બચાવે છે. નિરાશામાં વિતેલી એક એક ક્ષણ એ જીવનના ઉત્સવમાંથી ઓછી થયેલી ક્ષણ છે.માટે જ સાચું જીવન એ જ છે જે ખુશી અને ઉલ્લાસ સાથે જીવાય.

આ વાતને સ્વામી વિવેકાનંદનો પ્રસંગ ખૂબ સુંદર રીતે સમજાવે છે. ટ્રેનના ડબ્બામાં કેટલાક અંગ્રેજો તેમનું અપમાન કરી રહ્યા હતા. તેમને એમ હતું કે આ ભગવાધારી સાધુ અંગ્રેજી સમજતા નહીં હોય. એટલે તેઓ ખુલ્લેઆમ ખરાબ બોલતા રહ્યા. સ્વામીજીએ બધું સાંભળ્યું. છતાં તેમના ચહેરા પર એક પણ કરચલી ન પડી. શા માટે? કારણ કે તેમનું મન પોતાના કાર્યમાં, પોતાના લક્ષ્યમાં, પોતાના ઈશ્વરમાં ડૂબેલું હતું.

જ્યારે ટ્રેન સ્ટેશન પર પહોંચી અને હજારો લોકો તેમના સ્વાગત માટે ઊમટ્યા,ત્યારેએ જ અંગ્રેજો સ્તબ્ધ થઈ ગયા. સ્વામીજીએ અસ્ખલિત અંગ્રેજીમાં પ્રશ્નોના જવાબ આપ્યા. અંગ્રેજોએ શરમાઈને પૂછ્યું કે તમને અમારી વાતનું ખરાબ ન લાગ્યું? સ્વામીજીનો જવાબ આપણા સૌ માટે મંત્ર છે. તેમણે કહ્યું, 'મારું મન પોતાના કાર્યોમાં એટલું ડૂબેલું હતું કે, તમે જે કહ્યું તે સાંભળ્યું હોવા છતાં, મને તેના પર વિચાર કરવાનો કે નારાજ થવાનો સમય મળ્યો નહીં.'

આ છે શરણાગતિનું ફળ. જ્યારે મન ઈશ્વરના કાર્યમાં લાગી જાય છે, ત્યારે નિંદા સ્તુતિ બંને ગૌણ થઈ જાય છે.બહારનું હવામાન ગમે તે હોય,અંદરનો દીવો પ્રગટતો રહે છે. જે વ્યક્તિ પોતાના સુખનું રિમોટ કંટ્રોલ બીજાના હાથમાં નથી આપતી, તે જ સાચી રીતે મુક્ત છે. અને મુક્તિ જ સૌથી મોટો ઉત્સવ છે.

તો સવાલ એ છે કે આ શરણા ગતિ કેળવવી કેવી રીતે?તેનો પહેલો ઉપાય છે સ્વીકાર. પરિસ્થિતિ જેવી છે તેવી સ્વીકારી લેવી. વિરોધમાં શક્તિ વેડફવાને બદલે સમર્પણમાંશક્તિ બચાવવી. બીજો ઉપાય છે પ્રાર્થના.પ્રાર્થના એટલે માગણીઓની યાદી નહીં. પ્રાર્થના એટલે હૃદયનો સંવાદ.'હે પ્રભુ, તું સંભાળી લે'એટલું કહેવાથી જ મનનો બોજ હળવો થાય છે. ત્રીજો ઉપાય છે સેવા. જ્યારે આપણે પોતાનામાંથી ઊંચા આવીને બીજા માટે જીવીએ છીએ,ત્યારે અહંકાર આપોઆપ ઓગળવા લાગે છે.અને અહંકાર ઓગળે એટલે શરણા ગતિ સહજ બને.યાદ રાખો, ભગવાનને આપણું કંઈ જોઈતું નથી. તેમને આપણા ફૂલ, પ્રસાદ કે ધનની જરૂર નથી. તેમને જોઈએ છે માત્ર આપણું મન. એકવાર મન તેમના ચરણોમાં ઢળી પડે,પછી જીવનની દરેક ઘટના પ્રસાદ બની જાય છે.દુ:ખ આવે તો તે તપ બને છે,સુખ આવે તો તે આશીર્વાદ બને છે.નફો નુકસાન, માન અપમાન, જીત હાર બધા દ્વંદ્વોથી પર થઈને માણસ ઉત્સવમાં જીવવા લાગે છે.માટે જ જીવનને ઉજવણી બનાવવું હોય તો તેનો એક જ રસ્તો છે. બાહ્ય આધાર છોડીને આંતરિક આધાર પકડવો. સંપત્તિનો સંગ્રહ ભલે કરો, પણ તેને સુખનો પર્યાય ન માનો. સંબંધો નિભાવો, પણ તેના પર તમારા આનંદનો ઈજારો ન આપો. તમારા સુખની દોરી એક જગ્યાએ બાંધો: ભગવાનના ચરણમાં.

જ્યારે ચિત્ત ત્યાં સ્થિર થઈ જશે ત્યારે કોઈ તમારું અપમાન કરે તો પણ તમે વિવેકાનંદની જેમ સ્મિત સાથે કહી શકશો કે મારી પાસે નારાજ થવાનો સમય નથી. કારણ કે મારું જીવન હવે ઉજવાઈ રહ્યું છે.અને આ ઉજવણી કોઈ તારીખ કે તહેવારની મોહતાજ નથી. આ ઉજવણી શ્વાસે શ્વાસે ચાલે છે. શરણાગતિ એટલે જ જીવનનો સાચો ઉત્સવ.

# ચારે વેદોમાં ગાયત્રી મંત્ર તરીકે સ્થાન ધરાવતી માતા ગાયત્રી હિન્દુ સંસ્કૃતિની જનની છે

આજે જેઠ સુદ અગિયારસને ભીમ અગિયારસ છે,પણ જેઠ સુદ અગિયારસે હિન્દુ પંચાંગ મુજબ ગાયત્રી જયંતિ ઉજવાય છે, અને મારી માટે ગાયત્રી મંત્ર ગુરુ મંત્ર હોવાથી આજે આપણે એને વિશે વાત કરીશું. માતા ગાયત્રીને આપણે ત્યાં વેદમાતા પણ કહેવામાં આવે છે. ચાર વેદ સાથે જ જેનો જન્મ છે, એવી માતા ગાયત્રી હિન્દુ સંસ્કૃતિની જનની પણ કહેવાય છે. આપણે ત્યાં અત્યારે એક બહુ જ પ્રચલિત શબ્દ છે, 'મોરલ ઓફ સ્ટોરી', એમ ચારેય વેદનો જે સાર છે, તે ગાયત્રી મંત્ર છે. વેદોની ઉત્પત્તિ પછી જ યુગની શરૂઆત સ્વીકારીએ, તો ચક્રાકારે ગતિ કરતાં એ સમયને ત્યારે સતયુગ કહેવાતો. ઘણીવાર વિચાર આવે કે સતયુગમાં અને કળિયુગમાં એટલો શું ફેર છે? સતયુગમાં માનવી ધર્મ અને સંસ્કૃતિની માવજત કરતો, અને એના કહ્યાં પ્રમાણે જીવન જીવતો!: જ્યારે આજે માનવીનું જીવન ચરિત્ર બનાવનારા આ બંને ઘટકો એટલે કે ધર્મ અને સંસ્કૃતિનો ઉપયોગ માનવી પોતાના સ્વાર્થ માટે કરતો થઈ ગયો છે, પોતાની ઈમ્પ્રેશન બનાવવા માટે કરતો થઈ ગયો છે, પ્રભાવ પાડવા માટે કરતો થઈ ગયો છે, બસ આટલો જ તફાવત છે! જો આપણે સૌ પણ કળિયુગને જ સતયુગ જેવો બનાવવા માંગતા હોઈએ, તો સંસ્કૃતિની વિમુખ થતાં જતાં જીવનને યોગ્ય ટ્રેક પર લાવવું પડશે, મૂળમા આપણે સુસંસ્કૃત એટલે એવાં દિવ્ય સંસ્કારોનાં વાહક બનવું પડશે, બસ એટલો જ બદલાવ કરવાનો છે. જેમ એક કુંડામાં કોઈપણ એક છોડ વાવીએ તો એના ઉછેર માટે એને રોજ પાણી સીંચવું પડે, સમયે ખાતર નાખવું પડે, અને જરૂરી સૂર્યપ્રકાશ મળે છે કે નહીં એ જોવું પડે. બસ એ રીતે આપણે પણ આપણા ધર્મ મુજબ વેદનાં મૂળ મંત્રનો પાઠ કરવો પડે, સંસ્કૃતિ મુજબ અમુક સમયે સત્કર્મ કરવુ પડે, અને દૈનિક તપ કરવું પડે,એનાથી આપણે જીવંત તેમજ હર્યાભર્યા રહી શકીએ છીએ! કેટલું સરળ છે, કોઈ આકરાં વ્રત કે તપ નહીં, માત્રને માત્ર 24 અક્ષરનો ગાયત્રી મંત્ર આપણું જીવન ઉજ્જવળ બનાવી શકે છે! અને આપણને એ વાતની ખબર નથી એવું પણ નથી, છતાં થતું નથી એ પણ સત્ય છે. નિયમ મુજબ કદાચ કોઈ એક બે માળા કરતું હોય, પણ એનાં અર્થ અને એના વિસ્તૃત આયામ વિશેનું જ્ઞાન તો મંત્રના શુદ્ધ સાત્વિક સંકલ્પથી જ પ્રાપ્ત થાય, અને ધીરેધીરે વિષયી મન ધર્મ અને સંસ્કૃતિની પરિભાષા સમજીને એનો જાપ કરે. ગાયત્રી મંત્ર એ જગતગુરુ શંકરાચાર્યનાં મતે વૈદિક રીતે વ્યક્તિગત ઉત્થાન માટે કરાતી પ્રાર્થના છે. તેમણે તેમના પુસ્તકમાં ગાયત્રીને ચાલીસ શક્તિઓની સિદ્ધિ દાયિની ગણી છે. તેનું ધ્યાન ધરવાથી બુદ્ધિની મલીનતા ધોવાઈ જાય છે, તથા ધર્મના આચરણમાં શ્રદ્ધા અને યોગ્યતા ઉત્પન્ન થાય છે. તે ઈશ્વરરૂપ બ્રહ્મની પ્રાર્થનાનો એક વૈદિક મંત્ર છે. જે ઋગ્વેદ, યર્જુવેદ, સામવેદ અને અથર્વવેદ ચારેય વેદોમાં છે. આ મંત્ર સિવાય બીજો કોઈ એકેય મંત્ર નથી, જે ચારેય વેદોમાં આવતો હોય, એવું એમનું ગાયત્રી મંત્ર માટે એક બહુ સ્પષ્ટ નિવેદન પણ રહ્યું છે. દરેક ધર્મમાં એક મુખ્યમંત્ર હોય છે. એમ 'ગાયત્રી' હિન્દુઓનો સર્વોપરી મંત્ર છે. માતા ગાયત્રીને આપણે ત્યાં સૌમ્ય અને શાંત દેવી તરીકે પણ સ્વીકારવામાં આવી છે, અને તેનો આ મંત્ર પણ ધાર્મિક કરતાં આધ્યાત્મિક જ્ઞાનમાં વૃદ્ધિ કરે છે. એનો જપ કરનાર માનવી ધીરે ધીરે જ્ઞાન સ્વરૂપ બને છે, અને તેનાં વિવેક અને વિનમ્રતાની છબીથી સમાજમાં એક અનોખું સ્થાન પ્રાપ્ત કરે છે. આ જ કારણથી કોઈપણ સાધનાની શરૂઆતમાં માનવી પોતાના ચંચળ મનને શાંત કરવા માટે ગાયત્રી મંત્રનો સહારો લે છે, અને એનાથી એ અધ્યાત્મ માર્ગમાં પ્રવેશ પ્રાપ્ત કરે છે. ગાયત્રી મંત્ર એ એવો મંત્ર છે કે, જે તેને જપે છે, તેનું તે કલ્યાણ અને રક્ષણ કરે છે. ગાયત્રી મંત્રના દરેક શબ્દમાંથી એક જ્યોતિ નીકળે છે. તેના ૨૪ અક્ષરોમાં ૨૪ શક્તિઓ રહેલી છે. તેના ૨૪ અક્ષરો અને તેનું ઉચ્ચારણ શરીર સ્પંદનોનાં ૨૪ સ્થળો પર પ્રભાવ પાડે છે, જેનાથી માનવીને દિવ્ય અનુભૂતિનાં દર્શન થાય છે. વેદોના હજારો મંત્રોમાં સૌથી પ્રસિદ્ધ ગાયત્રી મંત્ર છે, એટલે તેને ગુરુમંત્ર, સાવિત્રી મંત્ર, મહાનતમ જપ, તપ, સાધના અને મનોકામના પૂર્ણ કરનારો પૂરક મંત્ર પણ કહેવાયો છે. ગુગલ મુજબ થોડી શાસ્ત્રિય વાત કરીએ તો મૂળ આ મંત્ર ઋગ્વેદના ત્રીજા મંડળના 12મા સુકતનો 10મો મંત્ર છે. સામવેદમાં 1462 મો મંત્ર છે. યજુર્વેદમાં તો આ મંત્ર ચાર વાર આવે છે, અને અથર્વવેદમાં ગાયત્રીનો મહાન મહિમા 16 મા સુકતમાં 71માં મંત્રમાં ગવાયો છે. આ ઉપરાંત અનેક ધર્મગ્રંથો તથા ઉપનિષદોમાં આ મંત્રનો ઉલ્લેખ ઘણીવાર આવે છે. ઋષિ વિશ્વમિત્ર ગાયત્રી મંત્રનાં દ્રષ્ટા છે. અગ્નિ આચાર્ય છે, બ્રહ્ન મસ્તક છે, વિષ્ણુ હૃદય છે. રુદ્ર શિખા છે, પૃથ્વી યોનિ છે. હરિ ગાયત્રીના પ્રાણ છે, શ્વેત વર્ણ છે, અને સાંખ્યાયન ગક્ષેત્ર છે. પ્રકૃતિનાં ચોવીસ તત્વોના બંધનમાંથી મુક્ત કરવાની શક્તિ ગાયત્રીમાં છે. આપણે સૌ જાણીએ છીએ કે ગાયત્રી મંત્ર ના મુખ્ય ત્રણ ચરણ છે, એટલે ૐ ભૂર્ભુવઃ સ્વઃ, તત્ સવિતુવરેણ્યં ભર્ગો દેવસ્ય, ધીમહિ ધિયો યો નઃ પ્રચોદયાત આમ ગાયત્રીમાં ત્રણ પદો છે. જે કર્મ, જ્ઞાન, ભક્તિનાં પ્રતિપાદક છે. પ્રાચીન ગ્રંથોમાં ગાયત્રી મંત્રથી જે શક્તિઓ પ્રાપ્ત થાય છે, તેનું વિવરણ નીચે પ્રમાણે કર્યું છે. આ મંત્રના ૨૪ અક્ષરોના અર્થ વર્ણવ્યા છે જે : પહેલા અક્ષરમાં 'સફળતા', બીજામાં 'પુરુષાર્થ', ત્રીજામાં 'પાલન', ચોથામાં 'કલ્યાણ',પાંચમામાં 'યોગ', છઠ્ઠામાં 'પ્રેમ', સાતમામાં 'લક્ષ્મી', આઠમામાં 'તેજિસ્વતા', નવમામાં 'સુરક્ષા', દશમામાં 'બુદ્ધિ', અગિયારમાં 'દમન' બારમામાં 'નિષ્ઠા', તેરમામાં 'ધારણા', ચૌદમમાં 'પ્રાણ', પંદરમામાં 'સંયમ', સોળમામાં 'તપ', સત્તરમામાં 'દૂરદિર્શતા', અઢારમામાં 'જાગરણ', ઓગણીસમાં 'સૃષ્ટિજ્ઞાન', વીસમામાં 'સરળતા', એકવીસમાં 'સાહસ', બાવીસમાં 'દમન', ત્રેવીસમાં 'વિવેક' અને ચોવીસમાં 'સેવાભાવ' નામની શક્તિઓનો ઉદ્દભવ થયેલો છે. પણ આપણે આ બધામાં ન જઈએ અને ફક્ત એનો સીધો સાદો અર્થ સ્વીકારી એનો જાપ કરીએ તો પણ એ આપણાં જીવનની દિશા બદલી શકે છે. ગાયત્રી મંત્રનો અર્થ, પદાર્થ, ઊર્જા, અન્તરિક્ષ અને આત્મામાં વિચરણ કરવા વાળા તે પ્રેરક, પૂજ્ય, શુદ્ધ સ્વરૂપ દેવતાનું અમે ધ્યાન કરીએ અને તે અમારી બુદ્ધિને સારાં કામોમાં પ્રવૃત કરે. ૐ ને આપણે ત્યાં એકાક્ષરી મંત્ર તરીકે સ્વીકારાયો છે, અને જેને બ્રહ્માંડનો બીજ મંત્ર પણ કહેવામાં આવે છે, અને એટલે જ લગભગ ઘણા મંત્રમાં આગળ ૐ ને જોડવામાં આવે છે. એટલે ૐ સાથે ગાયત્રી મંત્રની શક્તિ તો ડબ્બલ થઈ એમ કહી શકાય!



સદગુરુ વચનામૃત
સંકલન ફાલ્ગુની વસાવડા
(ભાવનગર)

# મહુધા તાલુકાના નિઝામપુરા ખાતે મંત્રી સંજયસિંહ મહીડા અને સાંસદ દેવુસિંહ ચૌહાણની પ્રેરક ઉપસ્થિતિમાં ઉજવાયો "પ્રગતિનો પ્રવેશોત્સવ"





**નડિયાદ, તા.24**

ખેડા જિલ્લાના મહુધા તાલુકાના નિઝામપુર ખાતે પ્રવેશોત્સવના બીજા દિવસે નિઝામપુર પ્રાથમિક શાળા અને આ વર્ષથી જ પ્રારંભ થયેલી સરકારી માધ્યમિક શાળા નિઝામપુરાનો સંયુક્ત 'શાળા પ્રવેશોત્સવ અને કન્યા કેળવણી મહોત્સવ' અત્યંત ઉત્સાહભેર અને નાચતા-ગાતા માહોલમાં મનાવવામાં આવ્યો હતો. આ કાર્યક્રમ મહેસુલ રાજ્યમંત્રી સંજયસિંહ મહીડા અને ખેડા લોકસભાના સાંસદ દેવુસિંહ ચૌહાણના અધ્યક્ષ સ્થાને યોજાયો હતો. ગામમાં નવી શરૂ થયેલી માધ્યમિક શાળાના ધોરણ-૯ ના વર્ગખંડનું ઉદઘાટન કરી મહાનુભાવોએ ધોરણ -૯ માં કુલ ૫૮ વિદ્યાર્થી-વિદ્યાર્થીનીઓને શાળા પ્રવેશ કરાવી પ્રોત્સાહિત કર્યા હતા. આ પ્રસંગે પ્રેરક વાર્તા દ્વારા બાળકોને માર્ગદર્શન આપતા મહેસૂલ, આપત્તિ વ્યવસ્થાપન, પંચાયત અને ગ્રામ વિકાસ રાજ્યમંત્રી સંજયસિંહ મહિડાએ જણાવ્યું હતું કે, 'શિલ્પકારના ટાંકણા ખાઈને એક પથ્થર મૂર્તિ બનીને પૂજાય છે, જ્યારે બીજો પથ્થર ટાંકણા ન ખમવાના કારણે મંદિરની બહાર ફળ વધેરવાનો પથ્થર બનીને રોજ મુશ્કેલીમાં મુકાય છે. આપણે સૌએ શિક્ષણના શિલ્પકાર એવા શિક્ષકોનું માર્ગદર્શન સ્વીકારી પૂજનીય મૂર્તિ બનવાનું છે.શિક્ષણના શિલ્પકાર શિક્ષકોના માર્ગદર્શનથી બાળકો જીવનમાં શ્રેષ્ઠ બની આગળ વધો'

તેમણે ઉમેર્યું કે, જીવનમાં ડોક્ટર, કલેક્ટર કે વકીલ બનવા માટે મહેનતનો કોઈ વિકલ્પ નથી. મંત્રીએ વિદ્યાર્થીઓને જીવનનું લક્ષ્ય નક્કી કરી, મોબાઈલનો ઉપયોગ માત્ર જ્ઞાન અને માહિતી મેળવવા માટે જ કરવા અને અભ્યાસને સર્વોચ્ચ મહત્વ આપવા જણાવ્યું હતું.

આ તકે તેમણે છેલ્લા સાડા ત્રણ વર્ષમાં મહુધા તાલુકામાં થયેલા અદભુત વિકાસ કાર્યો માટે મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલ અને નાયબ મુખ્યમંત્રી હર્ષભાઈ સંઘવીનો આભાર માન્યો હતો, તેમજ મહિસા ગામ ખાતે મંજૂર થયેલી GIDC થી રોજગારીનો પ્રશ્ન હલ થશે તેવી આશા વ્યક્ત કરી હતી. ખેડાના સાંસદ દેવુસિંહ ચૌહાણે પ્રાસંગિક પ્રવચનમાં 'સા વિદ્યા યા વિમુક્તયે' સૂત્રનો ઉલ્લેખ કરી જણાવ્યું હતું કે, બાળકની અંદર રહેલી પ્રતિભાને બહાર લાવવાનું કામ શિક્ષણ કરે છે. તેમણે તરુણાવસ્થામાં બાળકોની શારીરિક-માનસિક કાળજી લેવા અંગે વાલીઓને મનોવૈજ્ઞાનિક સમજૂતી આપી હતી.

સાંસદએ ગ્રામજનોને ગામમાં બે મહત્વપૂર્ણ પ્રતિજ્ઞા લેવા આહવાન કર્યું હતું: પ્રથમ, દરેક બાળકને ઓછામાં ઓછું ધોરણ ૧૨ સુધી શિક્ષિત કરવું અને બીજુ દીકરી ૧૮ વર્ષની થાય ત્યાર પછી જ તેના લગ્ન કરાવવા.

કાર્યક્રમ દરમિયાન મહાનુભાવોના હસ્તે બાલવાટિકાના ૨૬, આંગણવાડીના ૧૬ અને ધોરણ-૧ ના ૪ બાળકોને શૈક્ષણિક કીટ અને 'પાપા પગલી' કીટ આપી શાળામાં પ્રવેશ કરાવાયો હતો. આ ઉપરાંત, ધોરણ ૩ થી ૮ ના ૭ તેજસ્વી વિદ્યાર્થીઓ, 'જ્ઞાન સાધના' સ્કોલરશીપ મેળવનાર ૧૨ વિદ્યાર્થીઓ અને શાળામાં નિયમિત હાજરી આપતા ૮ બાળકોનું વિશેષ સન્માન કરવામાં આવ્યું હતું. શાળાની શરૂઆતમાં મહત્વનું યોગદાન આપનાર વડીલ અર્જુનસિંહ વાઘેલા, લાલાભાઈ ભોઈ તેમજ સરપંચ બાદશાહખાન પઠાણનું પણ સન્માન કરાયું હતું.

આ તકે મહાનુભાવોએ 'મિશન સ્કૂલ્સ ઓફ એક્સેલન્સ' અંતર્ગત નવીન લેબ, પ્રજ્ઞા વર્ગ અને સ્માર્ટ ક્લાસનું નિરીક્ષણ કર્યું હતું. ફોરેસ્ટ રેન્જ મહુધા અને સામાજિક વનીકરણ વિભાગ નડિયાદના સહયોગથી શાળાના પ્રાંગણમાં મહાનુભાવો દ્વારા વૃક્ષારોપણ કરવામાં આવ્યું હતું અને ઉપસ્થિત સૌ નાગરિકોએ સાથે મળીને માર્ગ સલામતીના શપથ લીધા હતા. મંત્રી અને સાંસદ એ સ્કૂલ મેનેજમેન્ટ કમિટી (SMC) સાથે બેઠક યોજી હતી.

કાર્યક્રમની શરૂઆતમાં પૂર્વ સરપંચ અને અગ્રણી અર્જુનસિંહ વાઘેલાએ સ્વાગત પ્રવચન કર્યું હતું. ઈન્ચાર્જ આચાર્ય અંકિતભાઈ શાહે શિક્ષણ વિભાગની સ્કોલરશીપ યોજનાઓની માહિતી આપી હતી. જ્યારે શાળાના શિક્ષક સિરાજઉદ્દીન સૈયદે આભારવિધિ કરી હતી.

આ ઉત્સવમાં સ્કૂલ મેનેજમેન્ટ કમિટી (SMC) ના અધ્યક્ષા ફરહીનાબાનુ પઠાણ, પૂર્વ જિલ્લા પંચાયત પ્રમુખ જયંતીભાઈ સોઢા, જિલ્લા પંચાયત સભ્ય લાલસિંહ સોઢા, મહુધા તાલુકા પંચાયત પ્રમુખ દિશાંત શાહ, અગ્રણી સ્મિત પટેલ, ડેપ્યુટી કલેક્ટર (સ્ટેમ્પ ડ્યુટી) ઝાલા, જિલ્લા શિક્ષણાધિકારી કલ્પેશ રાવલ, જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી પરેશ વાઘેલા, આચાર્ય ઠાકોર રાકેશકુમાર સહિત મોટી સંખ્યામાં વાલીઓ, શિક્ષકો અને ગ્રામજનો ઉત્સાહપૂર્વક ઉપસ્થિત રહ્યા હતા.

## અમદાવાદ મંડળ પર રાજભાષા કાર્યાન્વયન સમિતિની બેઠકની આયોજિત, ઈ પત્રિકા 'આશ્રમ સૌરભ' ના 55મા અંકનું વિમોચન

**અમદાવાદ, તા.24**

પશ્ચિમ રેલવેની મંડળ રેલવે મેનેજર ઓફિસ, અમદાવાદમાં તારીખ 24.06.2026 ના રોજ મંડળ રેલવે મેનેજર (DRM) શ્રી વેદ પ્રકાશની અધ્યક્ષતામાં 'મંડળ રાજભાષા કાર્યાન્વયન સમિતિ' ની બેઠક આયોજિત કરવામાં આવી. આ અવસર પર મંડળની ઈ-પત્રિકા 'આશ્રમ સૌરભ' ના 55મા અંકનું વિમોચન કરવામાં આવ્યું.




**પ્રેમચંદ જયંતી અને પ્રશ્ન-મંચનું આયોજન**

બેઠક અગાઉ હિંદી સાહિત્યના યુગપ્રવર્તક પ્રેમચંદ જી ની જયંતી ઉજવવામાં આવી. રાજભાષા વિભાગ દ્વારા તેમના જીવનવૃતાંત અને સાહિત્ય પર એક રોમાંચક રજૂઆત કરવામાં આવી. આ અવસર પર આયોજિત 'હિન્દી પ્રશ્ન-મંચ' માં રેલવે કર્મચારીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો. જેમાં વિજેતાઓને મંડળ રેલવે મેનેજર દ્વારા ઈનામ આપવામાં આવ્યા.

**રાજભાષાના ઉત્કૃષ્ટ પ્રયોગ માટે સન્માન**

સરકારી કામકાજમાં રાજભાષના ઉપયોગને પ્રોત્સાહન આપવાના ઉદ્દેશથી 'રાજભાષા રત્ન' પ્રોત્સાહન યોજના હેઠળ મંડળના 08 અધિકારીઓ અને કર્મચારીઓને રોકડ ઈનામ અને પ્રમાણ-પત્ર આપીને સન્માનિત કરવામાં આવ્યા.

**દૈનિક કામોમાં સરળ હિન્દીના ઉપયોગ પર ધ્યાન**

મંડળ રેલવે મેનેજર શ્રી વેદ પ્રકાશ એ પોતાના સંભાષણમાં તમામ અધિકારીઓ અને કર્મચારીઓને અપીલ કરી કે તેઓ નિર્ધારીત લક્ષ્યોથી આગળ વધીને રાજભાષા હિન્દીમાં અધિકૃત કામ સુનિશ્ચિત કરે તથા તેના ઉપયોગને વધુ સહજ અને અસરકારક બનાવવા પર ધ્યાન આપે.

મંડળના તમામ વિભાગોની ટીમો તૈયાર કરીને તેમની વચ્ચે મંડળ સ્તરની પ્રશ્નોત્તરી હરીફાઈ આયોજિત કરવામાં આવશે જેનાથી રાજભાષાના પ્રચાર પ્રસારને વેગ મળશે.

તેમણે જણાવ્યું કે, "રાજભાષા ફક્ત પત્રવ્યવહારની ભાષા નથી, પરંતુ સંવાદને જીવંત અને પારદર્શક બનાવવાનું મજબૂત માધ્યમ પણ છે. જ્યારે આપણે દૈનિક કામોમાં સામાન્ય વાતચીતની સરળ હિન્દીનો ઉપયોગ કરીએ છીએ, તો એનાથી ફક્ત કામોના અમલીકરણમાં ઝડપ જ નથી આવતી, પરંતુ સામાન્ય જનતા અને રેલવે યાત્રીઓ સાથે આપણું જોડાણ વધુને વધુ મજબૂત થાય છે. આપણે આને એક ઔપચારિક જવાબદારી રૂપે જ નહીં, પરંતુ પોતાની સહજ કાર્યશૈલીનું અભિન્ન અંગ બનાવવું જોઈએ."

## ખેડા જિલ્લામાં 'ખેત બચાવો અભિયાન' અંતર્ગત 14 તાલીમ કાર્યક્રમમાં 534 ખેડૂતોએ માર્ગદર્શન મેળવ્યું

**નડિયાદ, તા.24**

ખેડા જિલ્લાના તમામ તાલુકાઓમાં 'ખેત બચાવો અભિયાન' અંતર્ગત કૃષિ ક્ષેત્રે ટકાઉ પદ્ધતિઓનો વ્યાપ વધારવાના હેતુથી આજે વિવિધ ગ્રામ્ય વિસ્તારોમાં કુલ ૧૪ જેટલા ખેડૂત તાલીમ કાર્યક્રમોનું સફળ આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમોમાં જિલ્લાના ૫૩૪ જેટલા ઉત્સાહી ખેડૂત ભાઈ-બહેનોએ હાજર રહીને આધુનિક કૃષિ પદ્ધતિઓનું સચોટ માર્ગદર્શન મેળવ્યું હતું.



ખેડા જિલ્લાના મહુધા, કપડવંજ, ઠાસરા, કઠલાલ, માતર, નડિયાદ, વસો, મહેમદાવાદ, ખેડા અને ગલતેશ્વર તાલુકાના ગામોમાં યોજાયેલી આ તાલીમ દરમિયાન 'આત્મા' અને જીપીકેવીબી ના કર્મચારીઓએ ખેડૂતોને રાસાયણિક ખાતરો અને ઝેરી જંતુનાશકોના આડેધડ વપરાશથી દૂર રહીને ગાય આધારિત પ્રાકૃતિક ખેતી તરફ વળવા વિશેષ માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

જમીનની લાંબાગાળાની ફળદ્રુપતા વધારવા માટે જીવામૃત, ઘનજીવામૃત અને બીજામૃત જેવી પ્રાકૃતિક પદ્ધતિઓ કેવી રીતે જમીનનું સ્વાસ્થ્ય સુધારે છે અને અળસિયા તેમજ મિત્ર કીટકોની સંખ્યા વધારે છે, તેની વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી. આ સાથે જ રાસાયણિક ખાતરોના સમતોલ, મર્યાદિત અને સંકલિત ઉપયોગ વિશે ખેડૂતોને વિશેષ સમજણ આપવામાં આવી હતી. લાંબા ગાળે ખેતીનો ખર્ચ ઘટે અને પાક ઉત્પાદન વધે તે માટે ખેડૂતોને ટકાઉ કૃષિ પદ્ધતિઓ અપનાવવા અનુરોધ કરાયો હતો.

### ધારાસભ્ય પંકજભાઈ દેસાઈની મુખ્ય ઉપસ્થિતિમાં નડિયાદની પીપળાતા અને ઉત્તરસંડાની શાળાઓમાં શાળા પ્રવેશોત્સવ કાર્યક્રમની ભવ્ય ઉજવણી

# પીપળાતાની સ્વસ્તિક માધ્યમિક શાળા અને ઉત્તરસંડાની ભારત હાઈસ્કુલ ખાતે નવા ભૂલકાઓએ શૈક્ષણિક કારકીર્દીની કરી શરૂઆત

### ધારાસભ્યએ વિદ્યાર્થીઓ સાથે સંવાદ કરી શાળામાં નિયમિત હાજરી, ગૃહકાર્ય, ઉચ્ચ અભ્યાસ, સ્વચ્છતા અને ટ્રાફિક પાલનના મહત્વને કર્યુ ઉજાગર





**નડિયાદ, તા.24**

નડિયાદની પીપળાતા અને ઉત્તરસંડા ગામ ખાતેની શાળાઓમાં યોજાયેલ શાળા પ્રવેશોત્સવ કાર્યક્રમમાં નાના નાના ભૂલકાઓને શૈક્ષણિક પ્રવેશ અપવાવા મુખ્ય અતિથિ તરીકે ઉપસ્થિત ધારાસભ્યશ્રી પંકજભાઈ દેસાઈએ બાળ ઘડતરમાં શિક્ષણના મહત્વને ઉજાગર કર્યુ હતુ. અંહી, નવા બાળકોને ભણતર માટે જરૂરી સામગ્રીઓ થી સજ્જ શૈક્ષણિક કીટ આપી શાળામાં વધામણા કરવામાં આવ્યા હતા.

પીપળાતાની સરકારી પ્રાથમિક શાળા અને સ્વસ્તિક માધ્યમિક શાળા તથા ઉત્તરસંડાની ભારત હાઈસ્કુલ અને આઈ.જે.પટેલ હાઈસ્કુલના સંયુક્ત ઉપક્રમે અનુક્રમે પીપળાતા અને ઉત્તસંડા ગામે શાળા પ્રવેશોત્સવ કાર્યક્રમો યોજાયા હતા. જેમાં, બાલવાટીકા, આંગણવાડી, ધોરણ ૦૧, ધોરણ-૦૬, ધોરણ-૦૯ અને ધોરણ-૧૧ના અંદાજીત કુલ ૫૪૯ વિદ્યાર્થીઓએ શિક્ષણ પ્રવેશ મેળવ્યો હતો.

જેમાં, પીપળાતા સ્વસ્તિક હાઈસ્કૂલમાં પ્રાથમિક અને હાઈસ્કૂલના સંયુક્ત શાળા પ્રવેશોત્સવની વિગતો જોઈએ તો, બાલવાટિકામાં અંદાજીત ૩૫ બાળકો, આંગણવાડીમાં ૧૧ બાળકો, ધોરણ ૧માં ૫૩ બાળકો, ધોરણ ૯માં ૧૩૧ વિદ્યાર્થીઓ અને ધોરણ ૧૧માં ૮૦ વિદ્યાર્થીઓએ ઉત્સાહભેર પ્રવેશ મેળવ્યો હતો. અંહિ, સરકારી પ્રાથમિક શાળામાં તમામ ૩૫ ડ્રોપઆઉટ વિદ્યાર્થીઓનો પણ પુન:પ્રવેશ કરાવવામાં આવ્યો હતો.

આ સાથે ઉત્તરસંડા કેળવણી મંડળ સંચાલિત ભારત હાઈસ્કૂલ ખાતે યોજાયેલ શાળા પ્રવેશોત્સવ અંતર્ગત બાલવાટિકામાં અંદાજીત ૦૮ બાળકો અને આંગણવાડીમાં ૧૦ બાળકો, ધોરણ ૧માં ૧૨ બાળકો, જ્યારે ધોરણ ૯માં અંદાજીત ૧૩૮ અને ધોરણ-૧૧માં ૭૧ વિદ્યાર્થીઓએ પ્રવેશ લીધો હતો. આ શુભ અવસરે ધારાસભ્ય પંકજભાઈ દેસાઈએ સ્વામી વિવેકાનંદના શબ્દોને ટાંકીને જણાવ્યું કે માનવીમાં રહેલી સંપૂર્ણતાને બહાર લાવવાની પ્રક્રિયા એટલે શિક્ષણ.

પંકજભાઈ દેસાઈએ જણાવ્યું કે તત્કાલીન મુખ્યમંત્રી અને આજે દેશના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના દુંરદેશી વિઝનથી શરૂ થયેલો શાળા પ્રવેશોત્સવ કાર્યક્રમથી આજે શિક્ષણ જગતમાં અદ્વિતિય પરીણામો આવ્યા છે.

શાળા પ્રવેશોત્સવ અને કન્યા કેળવણી દ્વારા શિક્ષણના પ્રવેશને વેગ મળ્યો છે. આજે આ કાર્યક્રમના માધ્યમ થી રાજ્યની શાળાઓમાં વિદ્યાર્થીઓનો ૧૦૦ % પ્રવેશ શક્ય બન્યો છે. તેમણે ઉમેર્યુ કે શિક્ષણના આ અભિયાનથી સામાજિક-આર્થિક સમરસતા સાર્થક બનશે.

પીપળાતાની સ્વસ્તિક હાઈસ્કુલ અને ઉત્તરસંડાની ભારત હાઈસ્કુલમાં પણ આજે ૧૦૦ % વિદ્યાર્થીઓના નવા પ્રવેશનો ધારાસભ્યશ્રીએ આનંદ વ્યક્ત કર્યો હતો અને શાળા સંચાલનને બિરદાવ્યુ હતુ.

શાળામાં ભણતા વિદ્યાર્થીઓની ચિંતા કરતા ધારાસભ્યએ ફરજીયાત પણે બાળકોને શાળાએ મોકલવા વાલીઓને અનુરોધ કર્યો હતો. તથા ઉપસ્થિત તમામ શિક્ષકો અને જનપ્રતિનિધીઓને પણ ગામનું બાળક શિક્ષણના અધિકારથી વંચિત ન રહી જાય તે સુનિશ્ચિત કરવાની જવાબદારી સોંપી હતી.

વધુમાં ડ્રોપઆઉટ વિદ્યાર્થીઓના પૂન: પ્રવેશ ઉપર ખાસ ભાર આપી આવા તમામ વિદ્યાર્થીઓને શાળામાં ફરી દાખલ કરવા જણાવ્યુ હતુ.

આ તકે ધારાસભ્યએ વિદ્યાર્થીઓ સાથે સંવાદ કર્યો હતો અને તેમને શાળામાં નિયમિત હાજરી, ગૃહકાર્ય, ઉચ્ચ અભ્યાસ, સ્વચ્છતા અને ટ્રાફિક પાલનના મહત્વ વિશે જણાવ્યું હતું.

આ તકે નવા બાળકોને સ્કુલ બેગ, પાઠ્યપુસ્તક, દફતર, પાણીની બોટલ, ગણવેશ સહિતની ચીજવસ્તુઓ શૈક્ષણિક કીટના માધ્યમથી આપવામાં આવી હતી. તથા શાળામાં શૈક્ષણિક અને રમત ક્ષેત્રે સિદ્ધિઓ મેળવનાર તથા સરકારની વિવિધ સ્કોલરશીપ યોજનાઓની પરીક્ષા પાસ કરનાર વિદ્યાર્થીઓનુ સન્માન કરવામાં આવ્યુ હતુ.

શાળાના વિદ્યાર્થીઓ દ્વારા પણ બેટી બચાવો, વૃક્ષોનું મહત્વ અને શાળા જ્ઞાનનું મંદીર જેવા સુંદર વિષયો પર વક્તવ્યો આપ્યા હતા.

આ તકે શિક્ષકો દ્વારા નમો લક્ષ્મી, નમો સરસ્વતી, નેશનલ મીન્સ-કમ-મેરીટ સ્કોલરશીપ વગેરે શૈક્ષણિક સહાયલક્ષી યોજનાઓની માહિતી આપવામાં આવી હતી.

કાર્યક્રમના અંતે મહાનુભાવો દ્વારા વૃક્ષારોપણ કરી પર્યાવરણ સંવર્ધનનો પ્રેરક સંદેશો આપવામાં આવ્યો હતો. તથા માર્ગ સલામતી અંગે જાગૃત રહી નિયમોનું પાલન કરવા શપથ પણ લેવામાં આવ્યા હતા. આ કાર્યક્રમમાં શિક્ષણ સમિતિના ચેરમેન અતુલ પંડયા, ઉત્તરસંડા કેળવી મંડળના પ્રમુખ ઈશિત પટેલ, મહાનુભવ હિરેનભાઈ દેસાઈ, મનહરભાઈ તળપદા, કિન્નરીબેન શાહ, જયમીનભાઈ, રશ્મિભાઈ પટેલ, ગ્રામ સંરપચઓ, તાલુકા પંચાયત સભ્યો, સ્થાનિક પદાધિકારીઓ સહિત આચાર્યઓ, શિક્ષકો, વિદ્યાર્થીઓ, વાલીઓ અને પ્રબુદ્ધ નગરજનો ઉપસ્થિત રહ્યા હતા.

# 'તે 16 વર્ષના સચિન જેવો છે, પણ...': ટીમ ઈન્ડિયામાં વૈભવ સૂર્યવંશીની એન્ટ્રી મુદ્દે કપિલ દેવનું સૂચન



**નવી દિલ્હી, તા.24**

ભારતીય ક્રિકેટના યુવા સનસની વૈભવ સૂર્યવંશીએ પોતાની તોફાની અને આક્રમક બેટિંગના જોરે ખૂબ જ ઓછા સમયમાં ક્રિકેટ જગતમાં એક મોટું નામ બનાવી લીધું છે. હવે આ 15 વર્ષીય ડેશિંગ બેટ્સમેનની ભારતીય સીનિયર ટીમમાં પણ પસંદગી થઈ ચૂકી છે. વૈભવને આગામી આયર્લેન્ડ અને ઈંગ્લેન્ડ પ્રવાસ માટેની T20 શ્રેણીમાં સ્થાન મળ્યું છે, જ્યાં તે આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં ડેબ્યૂ કરી શકે છે. વૈભવની આ અસાધારણ પ્રતિભા જોઈને પૂર્વ ભારતીય કેપ્ટન કપિલ દેવે તેની પ્રશંસા કરી છે, પરંતુ સાથે જ માસ્ટર બ્લાસ્ટર સચિન તેંડુલકર સાથે તેની સરખામણીને લઈને એક મહત્ત્વની સલાહ પણ આપી છે.

જો વૈભવ સૂર્યવંશી આ પ્રવાસ પર પ્લેઈંગ ઈલેવનમાં સ્થાન મેળવીને ડેબ્યૂ કરે છે, તો તે ભારત તરફથી સૌથી ઓછી ઉંમરે ઈન્ટરનેશનલ ક્રિકેટમાં ડેબ્યૂ કરનારો ખેલાડી બની જશે અને સચિન તેંડુલકરનો 37 વર્ષ જૂનો રેકોર્ડ તોડી નાખશે. સચિને વર્ષ 1989માં 16 વર્ષ અને 205 દિવસની ઉંમરે પાકિસ્તાન સામે ટેસ્ટ ક્રિકેટમાં ડેબ્યૂ કર્યું હતું. રસપ્રદ વાત એ છે કે, સચિનની એ ઐતિહાસિક ડેબ્યૂ મેચમાં 1983 વર્લ્ડ કપ વિજેતા કેપ્ટન કપિલ દેવ પોતે 'પ્લેયર ઓફ ધ મેચ' રહ્યા હતા. 67 વર્ષીય દિગ્ગજ ઓલરાઉન્ડર કપિલ દેવે એક ઈન્ટરવ્યૂમાં જણાવ્યું કે, વૈભવ ચોક્કસપણે એક સ્પેશિયલ ટેલેન્ટ છે, પરંતુ અત્યારથી તેના ભવિષ્યની મોટી આગાહીઓ કરવી ઉતાવળભર્યું ગણાશે. આ વિશે કપિલ દેવે કહ્યું કે, "વૈભવ હજી ખૂબ નાનો છે. પરંતુ હા, તે એક ખાસ પ્રતિભા છે. તે 15 વર્ષનો છોકરો છે અને અત્યારે તેની પાસે જે કંઈ છે, તે માત્ર ક્રિકેટ જ છે. જ્યારે તે 20-22 વર્ષનો થઈ જશે ત્યારે જ અમે તેનું સાચું મૂલ્યાંકન કરી શકીશું. જોકે, એ વાતમાં કોઈ શંકા નથી કે તેની પાસે અસાધારણ પ્રતિભા છે. તે 16 વર્ષના સચિન જેવો જ દેખાય છે. પરંતુ શું તે સચિનની જેમ 24 વર્ષ જેટલો લાંબો સમય આંતરરાષ્ટ્રીય ક્રિકેટ રમી શકશે? તેને હજી ખૂબ લાંબી સફર કાપવાની છે."

કપિલ દેવને જ્યારે પૂછવામાં આવ્યું કે શું તેઓ વૈભવને કોઈ ખાસ મેસેજ આપવા માંગે છે, ત્યારે તેમણે હસતા મુખે કહ્યું, "હું આખી ભારતીય ટીમને શુભેચ્છા પાઠવું છું. આ માત્ર તેના એકલા માટે નહીં, પરંતુ સમગ્ર ટીમ અને તેના દરેક સભ્ય માટે છે. વૈભવ પણ હવે આ મહાન ટીમનો જ એક ભાગ છે."

IPL 2026નો કિંગ: આ વર્ષે IPL 2026માં રાજસ્થાન રોયલ્સ તરફથી રમતા વૈભવે વિસ્ફોટક બેટિંગ કરી હતી. તેણે 16 ઈનિંગ્સમાં 237.30ના અવિશ્વસનીય સ્ટ્રાઈક રેટ સાથે કુલ 776 રન ફટકારીને ઓરેન્જ કેપ પોતાના નામે કરી હતી. આ સીઝનમાં તેને 'મોસ્ટ વેલ્યુએબલ પ્લેયર' સહિત કુલ 5 મોટા એવોર્ડ્સ મળ્યા હતા. તે આઈપીએલમાં સદી ફટકારનાર સૌથી નાની ઉંમરનો ખેલાડી પણ છે.

અંડર-19 વર્લ્ડ કપ હીરો: વૈભવે અંડર-19 વર્લ્ડ કપની ફાઈનલમાં રેકોર્ડ બ્રેકિંગ 175 રનની તોફાની ઈનિંગ્સ રમીને ભારતને ચેમ્પિયન બનાવ્યું હતું.

વર્લ્ડ રેકોર્ડ ઈનિંગ્સ: તાજેતરમાં શ્રીલંકા સામે યોજાયેલી વન-ડે ટ્રાઈ સિરીઝની ફાઈનલમાં ઈન્ડિયા A તરફથી રમતાં તેણે માત્ર 29 બોલમાં 94 રન ઝૂડી કાઢ્યા હતા. આ દરમિયાન તેણે માત્ર 11 બોલમાં હાફ સેન્ચુરી ફટકારીને લિસ્ટ-A ક્રિકેટના ઈતિહાસમાં એક નવો વર્લ્ડ રેકોર્ડ સ્થાપિત કર્યો હતો.

હવે ચાહકોની નજર ભારતીય ટીમના આગામી વિદેશ પ્રવાસ પર ટકેલી છે. ભારતને 26 જૂનથી આયર્લેન્ડ સામે 2 T20 મેચોની સિરીઝ રમવાની છે, ત્યારબાદ 1 જુલાઈથી ઈંગ્લેન્ડ સામે 5 T20 મેચોની હાઈ-વોલ્ટેજ શ્રેણી શરૂ થશે. જોવાનું એ રહેશે કે વૈભવને કઈ મેચમાં ડેબ્યૂ કરવાની તક મળે છે.

# IPLમાં પંત-કુલદીપ બાદ હાર્દિકની ટીમ બદલાવાની ચર્ચા, 3 વખતની ચેમ્પિયન ટીમ તરફથી 'ઓફર'



**નવી દિલ્હી, તા.24**

IPL ટ્રેડિંગ વિન્ડોમાં રિષભ પંત અને કુલદીપ યાદવ દિલ્હી કેપિટલ્સથી લખનૌ સુપર જાયન્ટ્સમાં ગયા બાદ હવે ભારે ખળભળાટ મચ્યો છે. હવે બધી નજર મુંબઈ ઈન્ડિયન્સના કેપ્ટન હાર્દિક પંડ્યા પર છે, જે મુંબઈની ટીમ છોડવાની પૂરેપૂરી તૈયારી કરી ચૂક્યો હોવાના અહેવાલો છે. હાર્દિકને પોતાની ટીમમાં સામેલ કરવા માટે ઘણી ફ્રેન્ચાઈઝીઓ ઉત્સુક છે. પહેલા રાજસ્થાન રોયલ્સનું નામ ચર્ચામાં હતું, પરંતુ હવે આ રેસમાં કોલકાતા નાઈટ રાઈડર્સ (KKR) પણ કૂદી પડ્યું છે. કેકેઆરએ તો હાર્દિક પંડ્યાને પોતાની ટીમમાં લાવવા માટે કેપ્ટન પદની પણ ઓફર આપી દીધી છે.

અત્યાર સુધીના અહેવાલો મુજબ હાર્દિક પંડ્યા અને યશસ્વી જયસ્વાલની ટ્રેડ મુંબઈ ઈન્ડિયન્સ અને રાજસ્થાન રોયલ્સ વચ્ચે થઈ શકે છે, પરંતુ હવે નવો અહેવાલ એ છે કે કેકેઆર આ ઓલરાઉન્ડરને પોતાની સાથે જોડવા માટે પૂરો પ્રયાસ કરી રહી છે. હાર્દિક પંડ્યાનું મુંબઈ ઈન્ડિયન્સ સાથેનું ભવિષ્ય સ્પષ્ટ નથી અને આ IPL 2026 પૂર્ણ થયા પછી જ દેખાઈ ગયું હતું. સોશિયલ મીડિયા પર તેની શરૂઆત સૌપ્રથમ ફોલો-અનફોલોથી થઈ હતી. મુંબઈ તેમની કેપ્ટન્સીમાં 3 સીઝન રમી છે, જેમાંથી 2 સીઝન ખૂબ જ ખરાબ સાબિત થઈ છે. મીડિયા અહેવાલો અનુસાર, કોલકાતા નાઈટ રાઈડર્સ અને મુંબઈ ઈન્ડિયન્સના ઉચ્ચ અધિકારીઓ વચ્ચે હાર્દિક પંડ્યાની ટ્રેડિંગને લઈને ગંભીર ચર્ચા ચાલી રહી છે. જો હાર્દિક પંડ્યા કેકેઆરની ટીમમાં જોડાશે, તો તેને કેપ્ટન બનાવવામાં આવશે તે નક્કી છે.

છેલ્લા 2 સીઝનથી અજિંક્ય રહાણે કેકેઆરનો કેપ્ટન રહ્યો છે, પરંતુ ટીમ માટે તેઓ બહુ સારો વિકલ્પ સાબિત થયો ન હતો. અહેવાલો અનુસાર, હાર્દિક પંડ્યાની આ ડીલમાં માત્ર કેપ્ટનશીપ જ એકમાત્ર મોટી વાત નથી, પરંતુ કોલકાતા નાઈટ રાઈડર્સ આ ટ્રેડ માટે પૂરેપૂરા પૈસા ચૂકવીને 'ઓલ-કેશ ડીલ' કરવા પર પણ વિચાર કરી રહ્યું છે. જોકે, મુંબઈ ઈન્ડિયન્સ સીધા પૈસા લેવાનું પસંદ કરશે કે બદલામાં કોઈ ખેલાડી માંગશે, તે હજુ નક્કી નથી. IPLના નિયમો પ્રમાણે, કોઈ પણ ખેલાડી બીજી ટીમ સાથે સીધી વાતચીત કરી શકતો નથી; બધી ચર્ચા બંને ફ્રેન્ચાઈઝીઓ વચ્ચે જ થવી જરૂરી છે. આ સાથે જ, ટ્રેડિંગ માટે ખેલાડીની મંજૂરી પણ એટલી જ મહત્ત્વની છે. જો ખેલાડી નવી ટીમમાં જવા માટે ના પાડી દે, તો તેણે સીધા ઓક્શન (હરાજી)માં જવું પડે છે. જો જોવામાં આવે તો, હાર્દિક પંડ્યાના બદલામાં યશસ્વી જયસ્વાલને લેવાનો સોદો મુંબઈ ઈન્ડિયન્સ માટે ઘણો ફાયદાકારક સાબિત થઈ શકે તેમ છે.

# લગ્નની લાલચે શારીરિક શોષણ કરવાનો આરોપ, IPL રમનારા ભારતીય ખેલાડીની મુશ્કેલી વધી



**નવી દિલ્હી, તા.24**

ઈન્ડિયન પ્રીમિયર લીગ (IPL)માં દિલ્હી કેપિટલ્સની ટીમ તરફથી રમનારા પશ્ચિમ બંગાળના યુવા ક્રિકેટર અભિષેક પોરેલ વિરુદ્ધ લગ્નની ખોટી લાલચ આપીને શોષણ કરવાનો ગંભીર આરોપ લાગ્યો છે. મંગળવારે એક વરિષ્ઠ પોલીસ અધિકારીએ માહિતી આપતા જણાવ્યું હતું કે, કર્ણાટકની એક મેડિકલ વિદ્યાર્થિનીએ પશ્ચિમ બંગાળના હુગલી જિલ્લાના મોગરા પોલીસ સ્ટેશનમાં ક્રિકેટર વિરુદ્ધ સત્તાવાર ફરિયાદ નોંધાવી છે. 23 વર્ષીય અભિષેક પોરેલ આ જ જિલ્લાના ચંદનનગરના વતની છે અને હાલ તેઓ બેંગલુરુમાં હોવાનું જાણવા મળ્યું છે. જો કે, આઈપીએલના આ સ્ટાર ખેલાડીએ પોતાની સામે લાગેલા તમામ આરોપોને સદંતર ખોટા ગણાવ્યા છે. પોલીસના જણાવ્યા અનુસાર, ફરિયાદ કરનાર યુવતીનો આરોપ છે કે તે છેલ્લા 3 વર્ષથી અભિષેક પોરેલ સાથે પ્રેમ સંબંધમાં હતી અને બંનેએ પરસ્પર સહમતીથી લગ્ન કરવાનો નિર્ણય લીધો હતો. જો કે, આશરે દોઢ વર્ષ પહેલાં તેમની વચ્ચે કેટલીક અંગત સમસ્યાઓ ઊભી થઈ હતી અને મામલો પોલીસ સ્ટેશન સુધી પણ પહોંચ્યો હતો, પરંતુ તે સમયે કોઈ ઔપચારિક ફરિયાદ નોંધાવવામાં આવી નહોતી. આ વખતે યુવતી પોતાની માતા સાથે મોગરા પોલીસ સ્ટેશન આવી હતી અને ક્રિકેટર વિરુદ્ધ કાયદેસરની લેખિત ફરિયાદ દાખલ કરાવી છે, જેના પગલે પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે. અભિષેક પોરેલને આઈપીએલ 2025 ની સીઝનમાં દિલ્હી કેપિટલ્સની ટીમમાં ભારતીય ક્રિકેટર ઋષભ પંતના સ્થાને રમવાની મહત્વની તક મળી હતી. તે સીઝનમાં માત્ર 4 મેચ રમવા છતાં ફ્રેન્ચાઈઝીએ તેના પર ભરોસો જાળવી રાખ્યો હતો. તાજેતરની સીઝન્સમાં શાનદાર રન બનાવીને તેણે એક યુવા વિકેટકીપર તરીકે ટીમમાં પોતાનું સ્થાન મજબૂત કર્યું છે. અભિષેકે આઈપીએલની 35 મેચોમાં 25.63 ની સરેરાશથી 769 રન બનાવ્યા છે. જેમાં 4 અર્ધસદી સામેલ છે. આ ઉપરાંત, તે 23 લિસ્ટ-એ મેચોમાં 833 રન અને 61 ટી20 મુકાબલામાં 1,590 રન બનાવી ચૂક્યો છે.

# પોર્ટુગલની ધમાકેદાર જીત, રોનાલ્ડો બે ગોલ ફટકારી દુનિયાનો એવો પ્રથમ ખેલાડી બન્યો જેણે આ સિદ્ધી મેળવી

**નવી દિલ્હી, તા.24**

USAના ટેક્સાસ સ્થિત હ્યુસ્ટન સ્ટેડિયમ ખાતે રમાયેલી FIFA વર્લ્ડ કપ 2026ની રોમાંચક મેચમાં પોર્ટુગલે શાનદાર પ્રદર્શન કરતા ઉઝબેકિસ્તાનને 5-0ના મોટા અંતરથી હરાવ્યું છે. આ મેચમાં પોર્ટુગલના સ્ટાર ફૂટબોલર ક્રિસ્ટિયાનો રોનાલ્ડોએ બે શાનદાર ગોલ કરીને ટીમની જીતમાં સૌથી મહત્ત્વની ભૂમિકા ભજવી હતી અને 'પ્લેયર ઓફ ધ મેચ'નો એવોર્ડ મેળવ્યો હતો. આ ધમાકેદાર જીત સાથે જ ગ્રુપ K સ્ટેજમાં હવે પોર્ટુગલના કુલ 4 પોઈન્ટ્સ થઈ ગયા છે.

મેચની મહત્ત્વની મિનિટો અને આંકડા: પોર્ટુગલે મેચની શરૂઆતથી જ દબાણ બનાવી રાખ્યું હતું અને ફર્સ્ટ હાફના અંત સુધીમાં ટીમ 3-0થી આગળ હતી.

06મી મિનિટ: ક્રિસ્ટિયાનો રોનાલ્ડોએ મેચનો પ્રથમ અને પોતાનો પર્સનલ પહેલો ગોલ કરીને પોર્ટુગલને 1-0ની લીડ અપાવી.

17મી મિનિટ: નુનો મેન્ડિસે શાનદાર ફિલ્ડ ગોલ કરીને સ્કોર 2-0 કર્યો.

39મી મિનિટ: રોનાલ્ડોએ મેચમાં પોતાનો બીજો ગોલ ફટકકારીને ટીમને 3-0ની મજબૂત સ્થિતિમાં લાવી દીધી. (રોનાલ્ડો ફર્સ્ટ હાફમાં હેટ્રિક કરવાની ખૂબ જ નજીક હતા, પરંતુ ડિફેન્ડર્સે ગોલ લાઈન પરથી બોલ રોકી લીધો હતો).

60મી મિનિટ: ઉઝબેકિસ્તાનના ગોલકીપર અબ્દુવોહિદ નેમાતોવ દ્વારા ઓન-ગોલ થતાં પોર્ટુગલની લીડ 4-0 થઈ.



87મી મિનિટ: રાફેલ લેઆઓએ મેચનો છેલ્લો અને પાંચમો ગોલ કરીને ઉઝબેકિસ્તાન સામે 5-0થી ઐતિહાસિક જીત સુનિશ્ચિત કરી.

આ મેચ દરમિયાન 41 વર્ષના ક્રિસ્ટિયાનો રોનાલ્ડોએ ફૂટબોલ જગતમાં એક નવો ઈતિહાસ રચી દીધો છે. તે વિશ્વનો એવો પ્રથમ ખેલાડી બની ગયો છે જેણે 6 અલગ-અલગ વર્લ્ડ કપ ટૂર્નામેન્ટમાં ગોલ નોંધાવ્યો હોય. આ સાથે જ તેણે લિયોનેલ મેસ્સીના વર્લ્ડ કપ રેકોર્ડને પણ પાછળ છોડી દીધો છે. ગોલ કર્યા બાદ રોનાલ્ડોએ પોતાની આગવી 'SIUUU' સ્ટાઈલમાં સેલિબ્રેશન કર્યું હતું અને સાથી ખેલાડીઓ સાથે ખુશી વ્યક્ત કરી હતી.

પોર્ટુગલની અગાઉની મેચ કોંગો સામે રમાઈ હતી, જે 1-1થી ડ્રો રહી હતી. તે મેચમાં રોનાલ્ડો ખાસ કંઈ પ્રદર્શન કરી શક્યો નહોતો, જેને પગલે કેટલાક વિવેચકોએ તેને સ્ટાર્ટિંગ ઈલેવનમાં રાખવા સામે સવાલો ઉઠાવ્યા હતા. જોકે, આ મેચમાં બે ગોલ ફટકારીને રોનાલ્ડોએ તમામ ટીકાકારોના મોં બંધ કરી દીધા છે.

આ શાનદાર વિજય બાદ હવે પોર્ટુગલની ટીમ આગામી શનિવારે રાત્રે મિયામીમાં કોલંબિયા સામે પોતાના ગ્રુપ તબક્કાની છેલ્લી મેચ રમશે. બીજી તરફ, પરાજિત થયેલી ઉઝબેકિસ્તાનની ટીમ શનિવારે રાત્રે જ એટલાન્ટામાં કોંગો સામે ટકરાશે.

એક તરફ જ્યાં રોનાલ્ડોએ નવો કીર્તિમાન સ્થાપિત કર્યો છે, ત્યાં બીજી તરફ આર્જેન્ટિનાના દિગ્ગજ ખેલાડી લિયોનેલ મેસ્સી પણ આ વર્લ્ડ કપમાં શાનદાર ફોર્મમાં છે. લિયોનેલ મેસ્સી FIFA વર્લ્ડ કપના સમગ્ર ઈતિહાસમાં અત્યાર સુધીનો 'ઓલ-ટાઈમ હાઈએસ્ટ ગોલસ્કોરર' બની ગયો છે. ફૂટબોલના ઈતિહાસમાં વર્લ્ડ કપ સ્ટેજ પર તેમના જેટલા ગોલ અન્ય કોઈ ખેલાડીના નામે નોંધાયેલા નથી.

# તમન્ના ભાટિયાએ સાઉથની ઈન્ડસ્ટ્રીમાં હિરોઈન પ્રત્યેની પુરુષવાદી વિચારધારાની ટીકા કરી



**તમન્નાએ કહ્યું આ સ્થિતિ બહુ વખાણવાલાયક નથી**

**મુંબઈ, તા.24**

તમન્ના ભાટિયાએ દક્ષિણ ભારતીય ફિલ્મ ઈન્ડસ્ટ્રીમાં મહિલા કલાકારો પ્રત્યેનાં વલણ અંગે વાત કરતાં જણાવ્યું છે કે ત્યાં એક્ટ્રેસને ઘણીવાર એક ખાસ "પુરુષવાદી નજર"થી જોવામાં આવે છે, જે તેનાં મતે મહિલાઓ માટે વખાણવાલાયક બાબત નથી.

એક ઈન્ટરવ્યુ દરમિયાન તમન્નાએ જણાવ્યું કે તે લોકપ્રિય ડાન્સ નંબર્સને "આઈટમ સોંગ" તરીકે નહીં પરંતુ "પાર્ટી સોંગ" તરીકે જુએ છે. તેણે કહ્યું કે ઘણી વખત ફિલ્મો ભુલાઈ જાય છે, પરંતુ ગીતો વર્ષો સુધી લોકોના મનમાં યાદ રહે છે. ઉદાહરણ તરીકે તેણે કરીના કપૂરના છમ્મક છલ્લો અને કેટરીનાનાં 'શીલા કી જવાની' તથા 'કમલી' જેવા ગીતોનો ઉલ્લેખ કર્યો હતો.

તમન્નાએ જણાવ્યું કે આવા ગીતો મહિલાઓનાં આત્મવિશ્વાસ, સૌંદર્ય અને વ્યક્તિત્વની ઉજવણી કરે છે. તેણે કહ્યું, "લોકો લગ્ન પ્રસંગોથી લઈને પરિવારિક ઉજવણીઓ સુધી આ ગીતો પર નાચે છે. મારા માટે આ મનોરંજન અને ઉજવણીનો ભાગ છે." ગ્લેમર અંગે વાત કરતાં તેણે કહ્યું કે ગ્લેમર તેનાં વ્યક્તિત્વનો એક સહજ હિસ્સો છે. તમન્ના કહે છે, "હું દરરોજ ગ્લેમરસ અનુભવવા માગું છું. તે માત્ર કેમેરા માટે નથી, પરંતુ મારી અંદરનો એક ભાગ છે."

હિન્દી અને સાઉથની ફિલ્મ ઈન્ડસ્ટ્રી વચ્ચેના તફાવત અંગે તમન્નાએ જણાવ્યું કે બોલિવૂડમાં કલાકારોને કલાત્મક અને વ્યાવસાયિક બંને પ્રકારના પ્રોજેક્ટ્સ પસંદ કરવાની વધુ સ્વતંત્રતા મળે છે. જ્યારે દક્ષિણ ભારતીય ફિલ્મોમાં લાંબા સમય સુધી ટકી રહેવા માટે અભિનેત્રીઓએ સ્ટાર-ઈમેજ અને ગ્લેમર બંનેનું સંતુલન જાળવવું પડે છે.

તેણે કહ્યું, "જ્યારે મેં સાઉથની ઈન્ડસ્ટ્રીમાં કામ શરૂ કર્યું ત્યારે મને સમજાયું કે લોકો શા માટે તેને અલગ-અલગ નામોથી ઓળખે છે. ત્યાં એક ખાસ પ્રકારનો દૃષ્ટિકોણ છે, જે પુરુષવાદી છે અને મહિલાઓ માટે બહુ સીરી કહી શકાય એવી સ્થિતિ નથી."

તાજેતરમાં ફિલ્મ પેડ્ડીનાં પ્રમોશનમાં જાહન્વીને જે રીતે રજૂ કરાઈ તેને લઈને સોશિયલ મીડિયા પર ચર્ચા અને ટીકા થઈ હતી. ત્યારબાદ ફિલ્મનાં ડિરેક્ટર બુચી બાબુ સનાએ માફી પણ માંગી હતી. ત્યારે તમન્નાનું આ નિવેદન મહત્વનું બની જાય છે. તમન્નાના આ નિવેદને ફરી એકવાર ભારતીય સિનેમામાં મહિલાઓના પ્રતિનિધિત્વ, ગ્લેમર અને સમાનતાને લઈને નવી ચર્ચા શરૂ કરી છે.

# બ્યુટી ટ્રેન્ડના નામે કોઈની નકલ બનવાને બદલે પોતાની ઓળખ બનાવો



**મુંબઈ, તા.24**

સોશિયલ મીડિયાના યુગમાં જ્યાં દરરોજ નવા ફેશન અને બ્યુટી ટ્રેન્ડ્સ શરૂ થાય છે અને ઝડપથી બદલાઈ જાય છે, ત્યાં શ્રીયા સરન માને છે કે વ્યક્તિએ પોતાની આગવી ઓળખ ગુમાવવી ન જોઈએ. તેનાં મતે ફેશનનો અર્થ ટ્રેન્ડ્સને અનુસરવું નથી, પરંતુ પોતાનાં વ્યક્તિત્વને વ્યક્ત કરવાની એક રીત છે.

તાજેતરમાં એક ખાસ ફોટોશૂટ દરમિયાન શ્રીયાએ પોતાની સ્ટાઈલ સેન્સ, ફેશન પ્રત્યેના અભિગમ અને ભારતીય હસ્તકલાપ્રત્યેના પ્રેમ અંગે વાત કરી હતી. તેણે જણાવ્યું કે વર્ષો દરમિયાન પોતાને વધુ સારી રીતે સમજવાનું અને પોતાની જાતને પ્રેમ કરવાનું શીખ્યું છે.

શ્રીયાએ કહ્યું, "સ્ટાઈલ એ તમે કોણ છો તેનું પ્રતિબિંબ છે. સમય સાથે હું વિકસતી ગઈ છું, નવી બાબતો શીખી છું અને લોકો શું વિચારે છે તેની ચિંતા ઓછી કરતી ગઈ છું. આજે મને લાગે છે કે મેં મારી પોતાની સ્ટાઈલ બનાવી છે."

શ્રીયાનું માનવું છે કે દરેક વ્યક્તિએ પોતાના માટે શું યોગ્ય છે તે સમજવું જોઈએ.શ્રીયાએ જણાવ્યું, "હું ટ્રેન્ડ્સને અનુસરવામાં માનતી નથી. હું એ સમજવામાં વિશ્વાસ રાખું છું કે મારા માટે શું કામ કરે છે. ફેશન મારા માટે પોતાને બદલવાનો પ્રયાસ નથી, પરંતુ હું જે છું તેને વ્યક્ત કરવાનો વિકલ્પ છે." ભારતીય પરંપરા અને હસ્તકલાપ્રત્યેનો પ્રેમ શ્રીયાની પસંદગીમાં સ્પષ્ટ જોવા મળે છે. ખાસ કરીને રાજસ્થાની હેન્ડપ્રિન્ટેડ કપડાં, પરંપરાગત કારીગરી અને હેન્ડલૂમ સાડીઓ તેને ખૂબ પસંદ છે. તેણે કહ્યું કે જ્યારે પણ તે સાડી પહેરે છે, ત્યારે પોતાનાં મૂળ સાથે ફરી જોડાયા હોવાની અનુભૂતિ થાય છે. સાડી વિશે વાત કરતાં શ્રીયાએ કહ્યું, "મારાં માટે સાડી કરતાં વધુ ગ્લેમરસ કે વધુ આકર્ષક કંઈ નથી. સાડી માત્ર એક કપડું નથી, પરંતુ તેમાં પરંપરા, કળા અને એક કલાકારની મહેનત છુપાયેલી હોય છે. દરેક સાડી પોતાની એક અલગ કહાની કહે છે."

ફાસ્ટ ફેશનના વધતા પ્રભાવ અંગે ચિંતા વ્યક્ત કરતાં લોકોને ગુણવત્તાસભર અને લાંબા સમય સુધી ટકી રહે તેવા કપડાં ખરીદવાની સલાહ આપી. "મને પાંચ સારા કપડાં રાખવા ગમે છે, પરંતુ તે વર્ષો સુધી ચાલે તેવા હોવા જોઈએ. આજકાલ લોકો ઝડપથી બદલાતા ટ્રેન્ડ્સ પાછળ દોડે છે, જેના કારણે પરંપરાગત કારીગરી અને હસ્તકલાઓ ધીમે ધીમે ગાયબ થઈ રહી છે."

તેમણે લોકોને હેન્ડવૂવન કોટન, હેન્ડમેડ એમ્બ્રોઈડરી અને ભારતીય હસ્તકલાને પ્રોત્સાહન આપવાની અપીલ પણ કરી. "નકલ ખરીદવાને બદલે અસલ કારીગરીને ટેકો આપો. આ રીતે જ આપણે આપણી પરંપરાગત કલાઓને જીવંત રાખી શકીશું."

અંતમાં આજકાલના બ્યુટી ટ્રેન્ડ્સ અંગે વાત કરતાં શ્રીયાએ ચિંતાજનક વલણ તરફ ધ્યાન દોર્યું. તેણે કહ્યું, "આજકાલ દરેક વ્યક્તિ સંપૂર્ણ દેખાવા માંગે છે અને એક સમયે એવું લાગે છે કે બધા લોકો એકબીજાની નકલ જેવાં દેખાવાં લાગ્યાં છે. ટ્રેન્ડ્સને અનુસરવું ખોટું નથી, પરંતુ તે પ્રક્રિયામાં પોતાની ઓળખ ગુમાવી દેવી યોગ્ય નથી."

# 'વેલકમ ટુ ધ જંગલ'નો મેગા પ્લાન: પેઈડ પ્રિવ્યૂઝ, દેશભરમાં વિશાળ રિલીઝની તૈયારી

**મુંબઈ, તા.24**

બોલિવૂડની સૌથી મોટી મલ્ટી-સ્ટારર કોમેડી ફિલ્મોમાંથી એક ગણાતી 'વેલકમ ટુ ધ જંગલ'ની રિલીઝને હવે ગણતરીના દિવસો બાકી છે. 26 જૂને રિલીઝ થનારી આ ફિલ્મ માટે નિર્માતાઓએ આક્રમક રિલીઝ સ્ટ્રેટેજી અપનાવી છે. ફિલ્મને માત્ર દેશભરમાં વિશાળ સ્ક્રીન કાઉન્ટ જ નહીં, પરંતુ રિલીઝના એક દિવસ પહેલાં પેઈડ પ્રિવ્યૂઝનો પણ ફાયદો મળશે.

તાજેતરમાં 'ધુરંધર: ધ રિવેન્જ' અને 'ભૂત બંગલા' જેવી ફિલ્મોને પેઈડ પ્રિવ્યૂઝનો સારો લાભ મળ્યા બાદ હવે 'વેલકમ ટુ ધ જંગલ' પણ એ જ રસ્તે આગળ વધી રહી છે. અહેવાલ મુજબ, ફિલ્મના પેઈડ પ્રિવ્યૂ શો ગુરુવાર, 25 જૂને સાંજે 7:30 વાગ્યાથી દેશભરના અનેક સિનેમાઘરોમાં શરૂ થશે. પ્રિવ્યૂ શોઝ માટે બુકિંગ શરૂ થઈ ચૂક્યું છે, જ્યારે દર્શકોને 23 જૂનથી શુક્રવાર, શનિવાર અને રવિવારના શોઝ માટે પણ ટિકિટ બુક કરવાની તક મળશે.

ફિલ્મના ડિસ્ટ્રિબ્યુટર સ્ટુડિયો 18એ દેશભરનાં થિએટર્સને મોકલેલાં સૂચનોમાં ફિલ્મને મહત્તમ સ્ક્રીન અને શોઝ ફાળવવાની માંગ કરી છે. સિંગલ સ્ક્રીન સિનેમાઘરોમાં તમામ શો 'વેલકમ ટુ ધ જંગલ'ને આપવાની માગ મુકવામાં આવી છે. 2 સ્ક્રીનવાળા સિનેમામાં 7થી 8 શો, 3 સ્ક્રીનવાળા મલ્ટિપ્લેક્સમાં 9થી 10 શો, 4 સ્ક્રીનવાળા મલ્ટિપ્લેક્સમાં 11થી 12 શો, 5 સ્ક્રીનવાળા મલ્ટિપ્લેક્સમાં 13થી 14 શો, 6 સ્ક્રીનવાળા કોમ્પ્લેક્સમાં 15થી 16 શો, 6થી વધુ સ્ક્રીન ધરાવતા મલ્ટિપ્લેક્સમાં દરેક સ્ક્રીન પર 3 શો ચલાવવાની માંગ




કરવામાં આવી છે.

ટ્રેડ નિષ્ણાતોના મતે, ફિલ્મની વિશાળ સ્ટારકાસ્ટ અને ફેમિલી એન્ટરટેઈનમેન્ટ ફેક્ટરને ધ્યાનમાં રાખીને વિતરકો ભવ્ય ઓપનિંગ મેળવવા માંગે છે.

હાલમાં 'કોકટેલ 2' બોક્સ ઓફિસ પર સ્થિર કમાણી કરી રહી છે, જ્યારે 'મૈં વાપસ આઉંગા' હજુ પણ મજબૂત પ્રદર્શન કરી રહી છે. સાથે જ કેટલીક ગુજરાતી અને મરાઠી ફિલ્મો પણ સારા દર્શકવર્ગને આકર્ષી રહી છે. આ ઉપરાંત આ જ સપ્તાહે હોલિવૂડની સુપરહીરો ફિલ્મ 'સુપરગર્લ' અને પંજાબી સિનેમાની ફિલ્મ 'કેરી ઓન જટ્ટા 4' પણ રિલીઝ થઈ રહી છે. તેથી આગામી 48 કલાકમાં શો વહેંચણીને લઈને પ્રદર્શકો અને વિતરકો વચ્ચે રસપ્રદ સ્થિતિ સર્જાઈ શકે છે. અહેમદ ખાનના દિગ્દર્શનમાં બનેલી 'વેલકમ ટુ ધ જંગલ'માં અક્ષય કુમાર, સુનીલ શેટ્ટી, જેકલીન ફર્નાન્ડિઝ, દિશા પટણી, અર્શદ વારસી, જેકી શ્રોફ, પરેશ રાવલ, રવિના ટંડન, લારા દત્તા, જોની લિવર, શ્રેયસ તળપદે, તુષાર કપૂર, રાજપાલ યાદવ, કૃષ્ણા અભિષેક, કિકુ શારદા, દલેર મહેંદી, ઉર્વશી રૌતેલા સહિત અનેક જાણીતાં કલાકારો જોવા મળશે. આ વિશાળ કાસ્ટની કોમેડી ફિલ્મને સેન્ટ્રલ બોર્ડ ઓફ ફિલ્મ સર્ટિફિકેશન દ્વારા 18 કટ્સ અને ફેરફારો બાદ રિલીઝ માટે મંજૂરી આપવામાં આવી છે. ફિલ્મને U/A સર્ટિફિકેટ આપવામાં આવ્યું હોવાનું જાણવા મળે છે. અહેવાલો અનુસાર, CBFCએ ફિલ્મનાં કેટલાક દ્રશ્યો, સંવાદો અને સંદર્ભોને લઈને વાંધો ઉઠાવ્યો હતો, જેના પગલે નિર્માતાઓને અનેક ફેરફારો કરવા સૂચના આપવામાં આવી હતી. માહિતી મુજબ, બોર્ડે કેટલાક બિકિની દ્રશ્યોમાં ફેરફાર, કેટલીક ડબલ મીનિંગ કોમેડી લાઈનમાં સુધારા, તેમજ કાશ્મીર સંબંધિત સંદર્ભો અને સંવાદોમાં ફેરફાર કરવાની ભલામણ કરી હતી. આ ઉપરાંત અમુક દ્રશ્યોને ટૂંકાવવાના અને કેટલાક શબ્દો બદલવાની સુચના પણ આપવામાં આવી છે.

# સેન્સેક્સ 791 પોઈન્ટ વધીને 76,991 પર બંધ

## નિફ્ટીમાં પણ 198 પોઈન્ટનો ઉછાળો રહ્યો, IT-બેંકિંગ અને રિયલ્ટી શેરોમાં સૌથી વધુ ખરીદી જોવા મળી

**મુંબઈ, તા.24**

આજના ભારતીય શેરબજારમાં ખૂબ જ આશ્ચર્યજનક અને શાનદાર રિકવરી જોવા મળી છે, જેણે રોકાણકારોના ચહેરા પર ફરી એકવાર ખુશી લાવી દીધી છે. મંગળવારના રોજ બજારમાં જે મોટો કડાકો બોલાયો હતો અને ચારેય તરફ વેચવાલીનો માહોલ જોવા મળતો હતો, તેની સામે આજે એટલે કે ૨૪ જૂનના રોજ ભારતીય શેરબજારે અદભૂત વળતો પ્રહાર કરીને જોરદાર વાપસી કરી છે. આજના ટ્રેડિંગ સેશનની શરૂઆતથી જ બજારમાં પોઝિટિવ સેન્ટિમેન્ટ જોવા મળ્યું હતું, જે દિવસના અંત સુધી જળવાઈ રહ્યું હતું. દિવસભર ચાલેલી ચારેતરફની મજબૂત લેવાલીને કારણે સેન્સેક્સ અને નિફ્ટી બંને ઈન્ડેક્સ પોતાના સર્વોચ્ચ સ્તરની આસપાસ બંધ થવામાં સફળ રહ્યા છે. બજારમાં આવેલી આ અચાનક તેજી પાછળ વૈશ્વિક અને સ્થાનિક સ્તરેથી મળેલા કેટલાક ખૂબ જ મહત્વપૂર્ણ, નિર્ણાયક અને સકારાત્મક સંકેતો જવાબદાર છે, જેણે રોકાણકારોના ડરને દૂર કરીને તેમના આત્મવિશ્વાસને બમણો મજબૂત બનાવ્યો છે.

આ આખીય તેજીમાં સૌથી મોટું આશ્વાસન અને રાહત આંતરરાષ્ટ્રીય બજારમાંથી ક્રૂડ ઓઈલના ભાવ ઘટવાને કારણે મળી છે. ઈરાન યુદ્ધની સ્થિતિ સર્જાયા બાદ હોર્મુઝની ખાડીમાં વૈશ્વિક સપ્લાય ચેઈનને લઈને મોટી ચિંતા ઊભી થઈ હતી, પરંતુ ત્યાં ફસાયેલા તેલના ટેન્કરો સુરક્ષિત રીતે બહાર નીકળવાના સકારાત્મક અહેવાલો સામે આવતા જ આંતરરાષ્ટ્રીય બજાર શાંત પડ્યું છે. આ રાહતના સમાચારને લીધે બ્રેન્ટ ક્રૂડ ઓઈલની કિંમતોમાં એક ટકા જેટલો સીધો ઘટાડો નોંધાયો છે, જેનાથી ભારતીય અર્થતંત્ર અને ખાસ કરીને મોંઘવારી પરનો બોજ ઓછો થવાની આશા પ્રબળ બની છે. ભારત પોતાની જરૂરિયાતનું મોટાભાગનું ક્રૂડ ઓઈલ આયાત કરે છે, તેથી તેલ સસ્તું થવું એ ભારતીય બજાર માટે બૂસ્ટર ડોઝ સમાન સાબિત થાય છે. આ સિવાય છેલ્લા ઘણા સમયથી ભારતીય બજારમાંથી સતત મોટા પાયે પૈસા પાછા ખેંચી રહેલા અને આક્રમક વેચવાલી કરી રહેલા વિદેશી સંસ્થાકીય રોકાણકારો એટલે કે એફઆઈઆઈ ફરી એકવાર ભારતીય બજાર તરફ આકર્ષાયા છે અને ખરીદદાર બન્યા છે, જેનાથી સ્થાનિક બજારના સેન્ટિમેન્ટને ખૂબ જ મોટો સપોર્ટ મળ્યો છે.

આ વૈશ્વિક સંકેતોની સાથે સાથે એક ખૂબ જ મહત્વપૂર્ણ ભૌગોલિક-



રાજકીય સમાચાર પણ સામે આવ્યા છે, જેણે બજારના ઉત્સાહને ચરમસીમાએ પહોંચાડી દીધો છે. ભારત અને અમેરિકા વચ્ચે એક મોટી અને ઐતિહાસિક દ્વિપક્ષીય વ્યાપાર સમજૂતી થવાની સંભાવનાઓ હવે અંતિમ તબક્કામાં હોવાનું લાગી રહ્યું છે. અમેરિકાના એક વરિષ્ઠ અને જવાબદાર અધિકારીએ સત્તાવાર સંકેત આપ્યો છે કે બંને દેશો આ વેપાર કરારની ખૂબ જ નજીક પહોંચી ગયા છે. આ સમાચારથી લાંબા ગાળાના રોકાણકારો અને મોટી વિદેશી કંપનીઓમાં ભારત પ્રત્યેનો ભરોસો ઘણો વધી ગયો છે. બીજી તરફ, વૈશ્વિક સ્તરે એશિયન બજારો તરફથી પણ ભારતીય બજારને પૂરતો સહયોગ મળ્યો હતો, જેમાં સાઉથ કોરિયા અને હોંગકોંગના મુખ્ય બજારોમાં પણ મજબૂતી સાથે કારોબાર થઈ રહ્યો હતો, જેની સીધી અને સકારાત્મક અસર ભારતીય ટ્રેડર્સના મૂડ પર પડી હતી. આજના આખા દિવસના કારોબારની આંતરિક વિગતો પર નજર કરીએ તો, આઈટી, બેન્કિંગ અને રિયલ્ટી સેક્ટરના શેરો આ તેજીના સાચા હીરો સાબિત થયા છે અને આ સેક્ટર્સમાં સૌથી વધુ ધૂમ ખરીદી જોવા મળી હતી. ખાસ કરીને આઈટી ક્ષેત્રની દિગ્ગજ કંપનીઓ જેવી કે ટેક મહિન્દ્રા, ઈન્ફોસિસ અને ટીસીએસના શેરમાં નીચલા મથાળેથી જોરદાર ખરીદી નીકળતા આ ઈન્ડેક્સે નિફ્ટીને ઉપર લઈ જવામાં મુખ્ય ભૂમિકા ભજવી હતી. આ ઉપરાંત, બજારની દિશા નક્કી કરનારા હેવીવેઈટ્સ ગણાતા આઈસીઆઈસીઆઈ બેંક અને એચડીએફસી બેંક જેવા પ્રાઈવેટ બેંકિંગ શેરોમાં સંસ્થાગત રોકાણકારોએ ભારે આકર્ષણ બતાવ્યું હતું, જેના લીધે બેંક નિફ્ટીમાં પણ દોઢ ટકાથી વધુનો તોતિંગ ઉછાળો નોંધાયો હતો અને બજારને નવી તાકાત મળી હતી.

આ બધાની વચ્ચે અદાણી ગ્રુપની વાર્ષિક સામાન્ય સભા એટલે કે એજીએમ પણ ખૂબ જ ચર્ચામાં રહી હતી, જેમાં ગ્રુપના ચેરમેન ગૌતમ અદાણીએ ભવિષ્યની ત્રણ મોટી અને મહત્વકાંક્ષી યોજનાઓ રજૂ કરીને રોકાણકારો અને બજારના નિષ્ણાતોનો ભરોસો જીતી લીધો છે. આ યોજનાઓનો મુખ્ય ઉદ્દેશ્ય ગ્રુપના તમામ કામકાજને આધુનિક અને મજબૂત બનાવવાનો, કંપનીઓની કાર્યક્ષમતામાં ધરખમ સુધારો કરવાનો અને પોતાના કર્મચારીઓના કલ્યાણને સર્વોચ્ચ પ્રાથમિકતા આપવાનો છે. ગૌતમ અદાણીએ ખૂબ જ આત્મવિશ્વાસ સાથે સ્પષ્ટ કર્યું છે કે તેમનું ગ્રુપ માત્ર વર્તમાન સમયના આર્થિક અને તકનીકી બદલાવો પર નજર નથી રાખી રહ્યું, પરંતુ આગામી દાયકાના પડકારો અને તકો માટે પોતાને સંપૂર્ણપણે સજ્જ કરી ચૂક્યું છે. તેમણે ગર્વ સાથે જણાવ્યું કે અદાણી ગ્રુપ હવે વિશ્વની એ પસંદગીની વૈશ્વિક કંપનીઓની યાદીમાં સામેલ થઈ ગયું છે, જેઓ માત્ર ભવિષ્યની રાહ જોતી નથી પરંતુ ભવિષ્યના ઘડતર માટે અગાઉથી જ સક્ષમ અને તૈયાર હોય છે. તેમના આ સકારાત્મક નિવેદનની અદાણી ગ્રુપના શેરો સહિત સમગ્ર બજાર પર ખૂબ જ સાનુકૂળ અસર જોવા મળી હતી.

જો વૈશ્વિક સ્તરે બજારોની સરખામણી અને વિશ્લેષણ કરીએ તો, ગઈકાલે અમેરિકી બજારોમાં મોટો ઘટાડો જોવા મળ્યો હતો જેમાં નાસ્ડેક અને એસએન્ડપી ૫૦૦ ઈન્ડેક્સ નોંધપાત્ર તૂટ્યા હતા, અને આજે પણ એશિયન બજારોમાં સાઉથ કોરિયાના કોસ્પી અને જાપાનના નિકેઈમાં નબળાઈ સાથે એક મિશ્ર પ્રવાહ જોવા મળ્યો હતો.

# સોના-ચાંદીના ભાવ તૂટ્યાં: ચાંદી 2 દિવસમાં 11 હજાર સસ્તી થઈ, સોનું આ મહિને 12,573 રૂપિયા સસ્તું થયું

**નવી દિલ્હી, તા.24**

ભારતીય બજારમાં કિંમતી ધાતુઓના ભાવમાં સતત ઉતાર-ચઢાવનો દોર જોવા મળી રહ્યો છે અને આ ક્રમમાં ૨૪ જૂનના રોજ સોના અને ચાંદી બંનેના ભાવમાં નોંધપાત્ર ઘટાડો નોંધાયો છે, જેનાથી ખરીદદારો અને રોકાણકારોને મોટી રાહત મળી છે. દેશની અગ્રણી સંસ્થા ઈન્ડિયા બુલિયન એન્ડ જ્વેલર્સ એસોસિએશન એટલે કે આઈબીજેએ દ્વારા જાહેર કરવામાં આવેલા સત્તાવાર આંકડાઓ અનુસાર, ૨૪ કેરેટ શુદ્ધ સોનાના ભાવમાં પ્રતિ દસ ગ્રામ એક હજાર એકસો પાંચ રૂપિયાનો મોટો ઘટાડો થયો છે. આ ઘટાડાને પગલે સોનાની કિંમત એક લાખ પિસ્તાલીસ હજાર રૂપિયાના અગાઉના સ્તરથી તૂટીને હવે એક લાખ ચૌમાલીસ હજાર રૂપિયા પર આવી ગઈ છે. સોનાની સાથે સાથે ચાંદીના ભાવમાં પણ નબળાઈ જોવા મળી છે અને તેમાં પ્રતિ કિલો સાતસો ચોરાણું રૂપિયાનો ઘટાડો નોંધાયો છે, જેને કારણે ચાંદીનો ભાવ ઘટીને બે લાખ સત્તાવીસ હજાર રૂપિયા પ્રતિ કિલોના સ્તરે પહોંચી ગયો છે. નોંધનીય બાબત એ છે કે ચાંદીના ભાવમાં આ ઘટાડો સતત બીજા દિવસે પણ ચાલુ રહ્યો છે, કારણ કે તેના આગલા દિવસે જ ચાંદીના ભાવમાં દસ હજાર રૂપિયાનો મોટો કડાકો બોલાયો હતો. જો આ ચાલુ મહિનાની એકંદર સ્થિતિ પર નજર



કરીએ તો, જૂન મહિના દરમિયાન સોના અને ચાંદીના ભાવોમાં ભારે ધોવાણ જોવા મળ્યું છે, જેમાં સોનાના ભાવમાં બાર હજાર પાંચસો તોતેર રૂપિયા અને ચાંદીના ભાવમાં છત્રીસ હજાર છસો એકસઠ રૂપિયાનો જંગી ઘટાડો થઈ ચૂક્યો છે. આ મહિનાની શરૂઆતમાં એટલે કે ૧ જૂનના રોજ સોનાનો ભાવ પ્રતિ દસ ગ્રામ એક લાખ છપ્પન હજાર રૂપિયા અને ચાંદીનો ભાવ પ્રતિ કિલો બે લાખ ત્રેસઠ હજાર રૂપિયાની આસપાસ મજબૂત સપાટી પર ટ્રેડ થઈ રહ્યો હતો.

ચાલુ વર્ષના સમગ્ર ગાળા દરમિયાન સોના અને ચાંદીના બજારે વૈશ્વિક અને સ્થાનિક સમીકરણોને કારણે રોકાણકારોને ભારે ચડાવ-ઉતારના મોજા બતાવ્યા છે. વિગતવાર વિશ્લેષણ કરીએ તો, ૩૧ ડિસેમ્બર ૨૦૨૫ના રોજ સોનાની કિંમત એક લાખ તેત્રીસ હજાર રૂપિયા પ્રતિ દસ ગ્રામ હતી, જે નવીનતમ તેજીના મોજામાં ૨૯ જાન્યુઆરીના રોજ ઉછળીને એક લાખ છોતેર હજાર રૂપિયાના અત્યાર સુધીના સર્વોચ્ચ ઐતિહાસિક સ્તરે પહોંચી ગઈ હતી. જોકે, તે ઓલ-ટાઈમ હાઈ સપાટી પર પહોંચ્યા બાદ બજારમાં પ્રોફિટ બુકિંગ અને વૈશ્વિક દબાણોને કારણે કિંમતો સતત ગગડતી રહી છે અને ત્યારથી અત્યાર સુધીમાં સોનાના ભાવમાં એકંદરે એકત્રીસ હજાર એકસો છવ્વીસ રૂપિયાનો મોટો ઘટાડો થઈ ચૂક્યો છે અને તે ઘણું સસ્તું બન્યું છે. આવી જ કંઈક સ્થિતિ ચાંદીના બજારમાં પણ જોવા મળી છે, જ્યાં ૩૧ ડિસેમ્બર ૨૦Target૫ના રોજ ચાંદીનો ભાવ બે લાખ ત્રીસ હજાર રૂપિયા પ્રતિ કિલો હતો, જે આગામી થોડા જ દિવસોમાં એટલે કે ૨૯ જાન્યુઆરીના રોજ વધીને ત્રણ લાખ છ્યાસી હજાર રૂપિયાના અત્યાર સુધીના સૌથી મોંઘા સ્તરે પહોંચી ગયો હતો. આ અસાધારણ તેજી બાદના છેલ્લા ૧૪૬ દિવસના સમયગાળામાં ચાંદીના ભાવમાં સતત કરેક્શન આવતું ગયું છે અને અત્યાર સુધીમાં ચાંદી તેના સર્વોચ્ચ સ્તરથી આશરે એક લાખ અઠ્ઠાવન હજાર રૂપિયા જેટલી જંગી માત્રામાં સસ્તી થઈ ગઈ છે. બજારમાં ચાલી રહેલા આ ઘટાડા વચ્ચે જ્યારે સામાન્ય ગ્રાહકો જ્વેલર્સ પાસેથી સોનાના દાગીના કે સિક્કા ખરીદવા જતા હોય ત્યારે તેમણે કેટલીક અત્યંત મહત્વપૂર્ણ બાબતોનું ખાસ ધ્યાન રાખવું જોઈએ જેથી તેઓ છેતરામણીથી બચી શકે. સૌથી પહેલી બાબત એ છે.

# મસ્કની નેટવર્થ એક અઠવાડિયામાં રેકોર્ડ ₹33.13 લાખ કરોડ ઘટી: આ દુનિયાના બીજા સૌથી ધનિક વ્યક્તિ લેરી પેજની કુલ સંપત્તિના 4 ગણા

**ન્યૂયોર્ક, તા.24**

દુનિયાના પહેલા ટ્રિલિયનેર બન્યાના થોડા દિવસો પછી જ ઈલોન મસ્કની નેટવર્થમાં અત્યાર સુધીનો રેકોર્ડ ઘટાડો આવ્યો છે. તેમની રોકેટ કંપની સ્પેસએક્સના શેરોમાં આવેલા 16%ના ઘટાડાને કારણે મસ્કની નેટવર્થ માત્ર એક અઠવાડિયામાં લગભગ 350 બિલિયન ડોલર એટલે કે 33.13 લાખ કરોડ રૂપિયા ઓછી થઈ ગઈ છે. ફોર્બ્સની રિયલ ટાઈમ બિલિયોનેર લિસ્ટ અનુસાર, સ્પેસએક્સના શેરોમાં આવેલા ઘટાડા પછી ઈલોન મસ્કની સંપત્તિ 1.45 ટ્રિલિયન ડોલરથી ઘટીને હવે 1.1 ટ્રિલિયન ડોલર એટલે કે 104.15 લાખ કરોડ પર આવી ગઈ છે. આ ઘટાડો એટલો મોટો છે કે તેનું કુલ કદ દુનિયાના બીજા સૌથી ધનિક વ્યક્તિ લેરી પેજની કુલ નેટવર્થ લગભગ 285 બિલિયન ડોલર એટલે કે 26.98 લાખ કરોડ રૂપિયા કરતાં લગભગ 4 ગણું વધારે છે. ઈલોન મસ્ક આ જ મહિને તેમની રોકેટ, સેટેલાઈટ અને આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (AI) કંપની સ્પેસએક્સની અમેરિકી બજારમાં લિસ્ટિંગ પછી દુનિયાના પહેલા ટ્રિલિયનેર બન્યા હતા. IPOના શરૂઆતના ત્રણ કારોબારી દિવસોમાં રોકાણકારોના સતત રોકાણને કારણે સ્પેસએક્સના



શેર 67% સુધી ઉછળ્યા હતા, જેનાથી કંપનીનું વેલ્યુએશન 1.8 ટ્રિલિયન ડોલર (170 લાખ કરોડ રૂપિયા) ને પાર પહોંચી ગયું હતું.

શરૂઆતની તેજી પછી સ્પેસએક્સના સ્ટોકમાં સતત ત્રણ સેશનમાં ઘટાડો જોવા મળ્યો. આ વેચવાલીથી કંપનીની માર્કેટ વેલ્યુ લગભગ 928 બિલિયન ડોલર એટલે કે લગભગ 87.84 લાખ કરોડ રૂપિયા ઘટી ગઈ. કંપનીનું કુલ વેલ્યુએશન પણ તેના ઉચ્ચ સ્તર 2.9 ટ્રિલિયન ડોલરથી ઘટીને હવે માત્ર 2 ટ્રિલિયન ડોલર એટલે કે 189 લાખ કરોડ રૂપિયાની આસપાસ આવી ગયું છે. ઈલોન મસ્ક માટે વ્યક્તિગત સંપત્તિનું આ પહેલું મોટું નુકસાન નથી. આ પહેલા વર્ષ 2022 માં ટેસ્લાના શેરોમાં આવેલા ઘટાડા દરમિયાન તેમણે લગભગ 165 બિલિયન ડોલર એટલે કે 15.62 લાખ કરોડ રૂપિયા ગુમાવ્યા હતા. તેમ છતાં, તેમના નામે કોઈ વ્યક્તિ દ્વારા ગુમાવવામાં આવેલી સૌથી મોટી વ્યક્તિગત સંપત્તિનો રેકોર્ડ નોંધાયો હતો. મસ્કની સંપત્તિનો મોટો હિસ્સો સ્પેસએક્સમાં તેમની 38% હિસ્સેદારી, ટેસ્લામાં 11% હિસ્સેદારી અને અન્ય સ્ટાર્ટઅપ્સમાં તેમની માલિકી હક સાથે જોડાયેલો છે. પબ્લિક કંપની બન્યા પછી સોમવારે સ્પેસએક્સને તેના સૌથી ખરાબ કારોબારી દિવસનો સામનો કરવો પડ્યો, જ્યારે તેના શેર 16.4% તૂટી ગયા.

આ ઘટાડો ત્યારે આવ્યો જ્યારે કંપનીએ તેના AI વિસ્તરણ યોજના માટે ઓછામાં ઓછા 20 બિલિયન ડોલર (લગભગ 1.89 લાખ કરોડ રૂપિયા) એકત્ર કરવાના ઉદ્દેશ્યથી પ્રથમ ઈન્વેસ્ટમેન્ટ-ગ્રેડ બોન્ડ ઓફરિંગની જાહેરાત કરી.

સ્પેસએક્સના આ ભંડોળ એકત્ર કરવાના પ્રયાસે ગ્લોબલ માર્કેટમાં આ ચિંતાને વધુ વધારી દીધી છે કે શું મોટી ટેકનોલોજી કંપનીઓ AI સેક્ટરમાં સ્પર્ધા કરવા માટે જરૂરી ભારે રોકાણને ચાલુ રાખી શકશે. સ્પેસએક્સએ કહ્યું કે તેની પાસે 100 બિલિયન ડોલર (9.46 લાખ કરોડ) થી વધુ રોકડ છે. આ વેચવાલી છતાં, કંપનીના શેર ગઈકાલે 156 ડોલર પર બંધ થયા, જે તેની IPO કિંમત 135 ડોલરથી હજુ પણ ઉપર છે. આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ અને સ્પેસએક્સના લિસ્ટિંગને લઈને જે ઉત્સાહ હતો.

# રાજેશ એક્સપોર્ટ્સના 9 ઠેકાણાઓ પર EDના દરોડા: ₹190 કરોડ વિદેશ મોકલવા અને 40% ઓછું સોનું મળવાનો આરોપ, સેબીએ માર્કેટમાંથી પ્રતિબંધિત કર્યું

**મુંબઈ, તા.24**

એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ એટલે કે ઈડી દ્વારા જ્વેલરી ક્ષેત્રની જાણીતી કંપની રાજેશ એક્સપોર્ટ્સ અને તેના પ્રમોટર્સ વિરુદ્ધ એક બહુ મોટી અને કડક કાર્યવાહી હાથ ધરવામાં આવી છે. ઈડીની અલગ-અલગ ટીમોએ આ કંપની સાથે સંકળાયેલા મુંબઈ અને બેંગલુરુ સ્થિત આશરે નવ જેટલા વ્યૂહાત્મક સ્થળો પર એકસાથે દરોડા પાડ્યા છે, જેને પગલે કોર્પોરેટ જગતમાં ભારે ખળભળાટ મચી ગયો છે. વિવિધ મીડિયા અહેવાલો દ્વારા પ્રાપ્ત વિગતો અનુસાર, કેન્દ્રીય તપાસ એજન્સીએ આ આકરી કાર્યવાહી ફેમા એટલે કે ફોરેન એક્સચેન્જ મેનેજમેન્ટ એક્ટના કડક નિયમોના ઉલ્લંઘન હેઠળ કરી છે. પ્રાથમિક તપાસ દરમિયાન જ એજન્સીને કંપનીના સત્તાવાર ચોપડા પર દર્શાવેલા આંકડા અને વાસ્તવિક સ્થિતિ વચ્ચે આકાશ-પાતાળનો તફાવત જોવા મળ્યો છે. કંપની પર લાંબા સમયથી વિદેશી મુદ્રાના નિયમોને નેવે મૂકવાના, નાણાકીય ગેરરીતિઓ આચરવાના અને રોકાણકારોને ગેરમાર્ગે દોરવાના ગંભીર આક્ષેપો થઈ રહ્યા હતા. આ અગાઉ મૂડી બજારના નિયમનકાર સેબીએ પણ આ જ પ્રકારની ગેરરીતિઓને ધ્યાનમાં રાખીને રાજેશ એક્સપોર્ટ્સ કંપની તેમજ તેના ચેરમેન પર શેરબજારમાં ટ્રેડિંગ કરવા સામે કડક પ્રતિબંધ મૂકી દીધો હતો, જે દર્શાવે છે કે કંપનીની મુશ્કેલીઓ ઘણી જૂની અને ઊંડી છે.

ઈડીની આ સર્ચ ઓપરેશન દરમિયાન જે સૌથી ચોંકાવનારો ખુલાસો થયો છે તે સોનાના ભૌતિક સ્ટોકને લઈને છે. તપાસ અધિકારીઓએ જ્યારે કંપનીના ગોડાઉન અને લોકર્સમાં રહેલા અસલી સોનાની ચકાસણી કરી, ત્યારે જાણવા મળ્યું કે કંપનીના સત્તાવાર ખાતાપોથીમાં જેટલા સોનાનો જથ્થો હોવાનો દાવો કરવામાં આવ્યો હતો, તેની સરખામણીએ વાસ્તવિક સ્થળ પર અસલી સોનું આશરે ચાલીસ ટકા જેટલું ઓછું મળી આવ્યું છે. આટલી મોટી માત્રામાં સોનાનો જથ્થો ગાયબ હોવો એ એક બહુ મોટા કૌભાંડ તરફ ઈશારો કરે છે. આ ઉપરાંત તપાસમાં એ વાત પણ બહાર આવી છે કે કેટલાક અજ્ઞાત અને બેનામીદારોના માધ્યમથી રાજેશ એક્સપોર્ટ્સ લિમિટેડના શેરોની બજારમાં વારંવાર શંકાસ્પદ લેણદેણ કરવામાં આવતી હતી, જેનો હેતુ શેરના ભાવ સાથે ચેડાં કરવાનો હોઈ શકે છે. આ સમગ્ર ભ્રષ્ટાચાર અને નાણાકીય



ગેરરીતિઓના નેટવર્ક દ્વારા દેશની બહાર આશરે વીસ મિલિયન ડોલર એટલે કે ભારતીય ચલણમાં લગભગ એકસો નેવું કરોડ રૂપિયા જેટલી માતબર રકમ ગેરકાયદેસર રીતે હવાલા મારફતે મોકલી દેવામાં આવી હોવાની પાકી આશંકા સેવાઈ રહી છે. હાલના તબક્કે ઈડી મુખ્યત્વે ત્રણ અત્યંત શંકાસ્પદ બાબતો પર પોતાની તપાસ કેન્દ્રિત કરી રહી છે, જેમાં કરોડો રૂપિયાના ટ્રાન્ઝેક્શન સામેલ છે. કંપનીએ પોતાના હિસાબોમાં એવું દર્શાવ્યું હતું કે તેણે આશરે ત્રણ હજાર કરોડ રૂપિયાનું મોટું દેવું ચૂકવવાના હેતુથી વિદેશમાંથી સોનાની આયાત કરી હતી, પરંતુ ઈડીના અધિકારીઓને પ્રબળ શંકા છે કે આ સોનું વાસ્તવમાં ક્યારેય ભારત આવ્યું જ નથી અને આખોય વ્યવહાર માત્ર કાગળ પર ઊભો કરીને કૌભાંડ આચરવામાં આવ્યું છે. બીજી શંકાસ્પદ બાબત એ છે કે કંપનીએ આફ્રિકા ખંડની સોનાની ખાણોમાં એક હજાર કરોડ રૂપિયાથી વધુનું જંગી રોકાણ કર્યું હોવાના પુરાવા મળ્યા છે, પરંતુ આશ્ચર્યની વાત એ છે કે કંપનીએ આટલા મોટા રોકાણની સત્તાવાર માહિતી પોતાની કોઈ પણ પેટાકંપનીના ચોપડામાં નોંધી જ નથી, જેનો અર્થ એ થાય કે આ આખીય રકમ ગુપ્ત રીતે સરકાવી દેવાઈ હતી. ત્રીજી બાબત એ છે કે કંપનીએ ચાર-પાંચ એવી વિદેશી શંકાસ્પદ શેલ કંપનીઓ સાથે ત્રણ હજાર કરોડ રૂપિયાના વ્યવહારોને એકબીજા સાથે સરભર કરીને સેટલમેન્ટ બતાવ્યું છે, જેમનો પોતાનો ટ્રેક રેકોર્ડ અને વ્યવસાયિક ઈતિહાસ અત્યંત નબળો અને શંકાના દાયરામાં છે. આ બધી બાબતોની વચ્ચે માર્કેટ રેગ્યુલેટર સેબીએ કંપની પર વર્ષ ૨૦૨૧ થી લઈને ૨૦૨૫ ના સમયગાળા દરમિયાન કાગળો પર પોતાની કુલ કમાણીને આશરે પંદર લાખ પંદર હજાર કરોડ રૂપિયા જેટલી કૃત્રિમ રીતે વધારીને બતાવવાનો સનસનાટીભર્યો આરોપ લગાવ્યો છે. આનો સીધો અર્થ એ થાય કે જે કરોડો-અબજો રૂપિયાની આવક કંપનીને ક્યારેય થઈ જ ન હતી, તેને માત્ર કાગળ પર નફો અને રેવન્યુ બતાવીને રોકાણકારોને છેતરવામાં આવ્યા હતા. કંપનીએ બજાર સમક્ષ એવો દાવો કર્યો હતો કે આ અસાધારણ અને જંગી કમાણી તેની સ્વિટ્ઝર્લેન્ડ ખાતે આવેલી વિદેશી પેટાકંપનીમાંથી થઈ રહી છે, પરંતુ જ્યારે તપાસ એજન્સીઓએ તે વિદેશી કંપનીના અસલી ઓડિટ રેકોર્ડ્સ અને બેંક ખાતાઓની તીક્ષ્ણ તપાસ કરી, ત્યારે ત્યાં માત્ર નજીવી કમાણી હોવાનું સામે આવ્યું હતું. રાજેશ એક્સપોર્ટ્સ કંપનીએ પોતાની કમાણીનો સિંહફાળો એવી અજ્ઞાત વિદેશી કંપનીઓના નામે ટ્રાન્સફર થયેલો દર્શાવી દીધો હતો, જેમના માલિકો કોણ છે અથવા તેમની અસલી સ્થિતિ શું છે તેની કોઈ પણ માહિતી સામાન્ય જનતા, ઓડિટર્સ કે શેરબજારના રોકાણકારો પાસે ઉપલબ્ધ નથી. જો કંપનીની છેલ્લા છ વર્ષની આવક અને નફાના નાણાકીય આંકડાઓ પર નજર કરીએ તો, વર્ષ ૨૦૨૦-૨૧ થી લઈને વર્ષ ૨૦૨૫-૨૬ સુધી કંપનીની કામગીરીમાં રહસ્યમય ચડાવ-ઉતાર જોવા મળ્યા છે. કંપનીની કન્સોલિડેટેડ ઓપરેશન્સ એટલે કે તમામ સબસિડિયરીઝ સહિતની કુલ રેવન્યુ વર્ષ ૨૦૨૦-૨૧ માં બે લાખ અઠ્ઠાવન હજાર કરોડ રૂપિયા હતી, જે આગામી વર્ષોમાં ક્રમશઃ વધીને વર્ષ ૨૦૨૪-૨૫ માં ચાર લાખ ત્રેવીસ હજાર કરોડ અને વર્ષ ૨૦૨૫-૨૬ માં સાત લાખ ઈઠ્યોતેર હજાર કરોડ રૂપિયા સુધી પહોંચી હોવાનું ચોપડે દર્શાવાયું છે.

# ટેલિગ્રામ 7 દિવસ પછી ચાલુ, પ્લે સ્ટોર પર પરત: NEET પરીક્ષામાં ગડબડી પછી લાગ્યો હતો પ્રતિબંધ, મેસેજ એડિટ પર 30 જૂન સુધી પ્રતિબંધ રહેશે

**નવી દિલ્હી, તા.24**

વિશ્વભરમાં લોકપ્રિય અને અત્યંત પ્રચલિત એવી ઈન્સ્ટન્ટ મેસેજિંગ એપ્લિકેશન ટેલિગ્રામ સાત દિવસના લાંબા ગાળા બાદ ભારતમાં ફરી એકવાર સત્તાવાર રીતે ચાલુ થઈ ગઈ છે, જેનાથી દેશના કરોડો યુઝર્સે મોટી રાહત અનુભવી છે. નેશનલ એલિજિબિલિટી-કમ-એન્ટ્રન્સ ટેસ્ટ એટલે કે નીટ પરીક્ષાના નકલી અને લીક થયેલા પ્રશ્નપત્રો આ પ્લેટફોર્મ પર ખૂબ જ ઝડપથી ફરતા થવાને કારણે દેશભરમાં એક મોટો વિવાદ ઊભો થયો હતો. આ ગંભીર બાબતની નોંધ લઈને કેન્દ્ર સરકારે કડક વલણ અપનાવતા ટેલિગ્રામ એપ તેમજ તેની સાથે સંકળાયેલી તમામ પ્રકારની વેબ સર્વિસિસ પર ૨૨ જૂન સુધી સંપૂર્ણપણે અસ્થાયી પ્રતિબંધ લગાવી દીધો હતો અને તેને સર્વર સ્તરેથી બ્લોક કરી દીધી હતી. ત્યારબાદ, ૨૧ જૂનના રોજ દેશભરમાં નીટની પરીક્ષા ફરીથી યોજાયા પછી સરકાર દ્વારા લાદવામાં આવેલો આ અસ્થાયી પ્રતિબંધ સત્તાવાર રીતે સમાપ્ત થઈ ગયો હતો. પ્રતિબંધ હટ્યા બાદ ૨૩ જૂનની સવારથી જ આ એપ્લિકેશન ગૂગલ પ્લે સ્ટોર પર ફરીથી ડાઉનલોડ કરવા માટે દેખાવા તો




લાગી હતી, પરંતુ શરૂઆતના કલાકોમાં ઘણા યુઝર્સે ટેકનિકલ ખામીઓને કારણે એપ ડાઉનલોડ ન થઈ શકવાની વ્યાપક ફરિયાદો કરી હતી. આ મુશ્કેલીઓ માત્ર ડાઉનલોડિંગ પૂરતી મર્યાદિત નહોતી, કારણ કે ઘણા યુઝર્સે એવું પણ જણાવ્યું હતું કે સક્સેસફુલી એપ ડાઉનલોડ કર્યા પછી પણ તેઓ નવું એકાઉન્ટ બનાવવા માટે સાઈન અપ કરી શકતા નહોતા અને જૂના યુઝર્સ પોતાની ચેટ એક્સેસ કરવામાં અસમર્થ રહ્યા હતા. આ પ્રકારની નેટવર્ક પ્રોબ્લેમ જિયો અને એરટેલ બંને અગ્રણી ટેલિકોમ ઓપરેટર્સના ગ્રાહકોને સમાન રીતે નડી હતી, જ્યારે બીજી તરફ આઈફોન વાપરતા યુઝર્સ માટે ટેલિગ્રામ એપ્લિકેશન એપ સ્ટોર પરથી તદ્દન ગાયબ થઈ ગઈ હતી. જોકે, મંગળવારે મોડી રાત્રે કંપનીએ સત્તાવાર રીતે સોશિયલ મીડિયા પર એક પોસ્ટ શેર કરીને દેશના તમામ યુઝર્સને માહિતી આપી હતી કે ભારતમાં તેમની તમામ પ્રકારની સેવાઓ અને સર્વર સંપૂર્ણ ક્ષમતા સાથે પુનઃ કાર્યરત કરી દેવામાં આવ્યા છે.

જોકે, ભલે ટેલિગ્રામની ભારતીય બજારમાં વાપસી થઈ ગઈ હોય, પરંતુ કેન્દ્ર સરકારે રાષ્ટ્રીય સુરક્ષા અને કાનૂની વ્યવસ્થા જાળવી રાખવા માટે કંપની પર એક કડક શરત લાગુ કરી છે. સરકારે આપેલા કડક નિર્દેશો અનુસાર આગામી 30 જૂન સુધી ટેલિગ્રામ પ્લેટફોર્મ પર સૌથી લોકપ્રિય એવા 'મેસેજ-એડિટિંગ' ફીચરની સુવિધા સંપૂર્ણપણે બંધ રાખવી પડશે, જેનો સીધો અર્થ એ થાય કે કોઈપણ યુઝર એકવાર મોકલેલા મેસેજમાં પાછળથી કોઈ પણ પ્રકારનો સુધારો કે ફેરફાર કરી શકશે નહીં. સરકારના આ આદેશ પાછળનું મુખ્ય કારણ એ હતું કે નીટ પરીક્ષાના કથિત લીક અને નકલી પ્રશ્નપત્રો, ભ્રામક માહિતી તેમજ પરીક્ષામાં થતી અન્ય ગેરરીતિઓ રોકવામાં આ પ્લેટફોર્મ સંપૂર્ણપણે નિષ્ફળ સાબિત થયું હતું. આ પ્રતિબંધ ખાસ કરીને ૨૧ જૂનની રી-એક્ઝામિનેશન દરમિયાન કોઈ નવી ગરબડ ન થાય તે માટે જ લાદવામાં આવ્યો હતો અને સરકારી અધિકારીઓના જણાવ્યા અનુસાર આ રણનીતિ સફળ રહી છે કારણ કે આ વખતે પરીક્ષા દરમિયાન કોઈ પણ અનિચ્છનીય ઘટના કે પેપર લીકના સમાચાર સામે આવ્યા નથી.

આ સમગ્ર મામલો દિલ્હી હાઈકોર્ટના દરવાજે પણ પહોંચ્યો હતો, જ્યાં ટેલિગ્રામે કેન્દ્ર સરકારના બ્લોકિંગ ઓર્ડરને કાનૂની પડકાર આપ્યો હતો. જોકે, ગયા અઠવાડિયે આ કેસની તીક્ષ્ણ સુનાવણી કરતા દિલ્હી હાઈકોર્ટે સરકારના આ આકરા નિર્ણયને સંપૂર્ણપણે વ્યાજબી અને યોગ્ય ઠેરવ્યો હતો. માનનીય અદાલતે પોતાના અવલોકનમાં સ્પષ્ટપણે જણાવ્યું હતું કે દેશની આટલી મોટી અને લાખો વિદ્યાર્થીઓના ભવિષ્ય સાથે જોડાયેલી રાષ્ટ્રીય સ્તરની મેડિકલ એન્ટ્રન્સ પરીક્ષાની ગરિમા, ગોપનિયતા અને નિષ્પક્ષતા જાળવી રાખવા માટે સરકાર દ્વારા આવા કડક આઈટી પ્રતિબંધો મૂકવા અત્યંત જરૂરી અને અનિવાર્ય બની ગયા હતા. તેની સાથે જ કોર્ટે ટેલિગ્રામની એ દલીલને પણ સદંતર ફગાવી દીધી હતી જેમાં કંપનીએ દાવો કર્યો હતો કે પ્રતિબંધ લાદતી વખતે દેશની નિર્ધારિત કાનૂની પ્રક્રિયાઓનું યોગ્ય પાલન કરવામાં આવ્યું નહોતું.

# અદાણી ગ્રુપનું ₹1.53 લાખ કરોડનું રેકોર્ડ રોકાણ: મોર્ગન સ્ટેનલીએ ₹3,638નો શેર ટાર્ગેટ આપ્યો, અદાણી ગ્રુપની 34મી AGM

**મુંબઈ, તા.24**

અદાણી ગ્રુપના ચેરમેન ગૌતમ અદાણીએ આજે 24 જૂને ગ્રુપની 34મી વાર્ષિક સામાન્ય સભામાં ભવિષ્યનો રોડમેપ રજૂ કર્યો છે. ગ્રુપે નાણાકીય વર્ષ 2026માં કોઈપણ ભારતીય કોર્પોરેટ દ્વારા સૌથી વધુ 1.53 લાખ કરોડનો રેકોર્ડ કેપિટલ એક્સપેન્ડિચર કર્યો છે. ચેરમેને આ વર્ષની AGMની થીમ 'એક્સિલરેટિંગ ઈન્ફ્રાસ્ટ્રક્ચર, લેવરેજિંગ ઈન્ટેલિજન્સ' નક્કી કરી છે. ગૌતમ અદાણીએ પોતાના સંબોધનની શરૂઆત ગયા વર્ષની સફરને યાદ કરીને કરી. તેમણે કહ્યું કે ગયું વર્ષ દુનિયા માટે વધુ વિખરાયેલું રહ્યું, જ્યાં ઊર્જા સુરક્ષાના મોડેલ રાષ્ટ્રીય રણનીતિના કેન્દ્રમાં પાછા ફર્યા અને ટેકનોલોજી સાર્વભૌમત્વ સાથે જોડાઈ ગઈ.

અદાણીએ જણાવ્યું કે આ અસાધારણ તપાસ અને પડકારો છતાં અદાણી ગ્રુપ આ દૃઢ વિશ્વાસ સાથે ટકી રહ્યું કે ભારતનું ભવિષ્ય રાહ જોઈ શકે નહીં. ગ્રુપે FY26માં 1.53 લાખ કરોડથી વધુનું કેપેક્સ રોકાણ કર્યું, જે આ વર્ષે ભારતના કુલ નવા ખાનગી ક્ષેત્રના કેપેક્સના 30% થી વધુ છે. શેરધારકો પાસેથી મળેલ 25,000 કરોડનો રાઈટ્સ ઈશ્યૂ આ વાતનો પુરાવો છે.



**માર્કેટ કેપ અને એબિટડા:** અદાણી ગ્રુપનું માર્કેટ કેપ 20 લાખ કરોડની નજીક પહોંચી ગયું છે, જેમાં એકલા વર્ષ 2026માં 5 લાખ કરોડનો વધારો થયો છે. ગ્રુપે FY26 માટે 94,834 કરોડનો રેકોર્ડ એબિટડા નોંધાવ્યો છે, જે ગયા વર્ષ કરતાં 5.6% વધુ છે. આમાં કોર ઈન્ફ્રાસ્ટ્રક્ચર બિઝનેસનું યોગદાન 87% રહ્યું.

**એસેટ બેઝ અને કેશ બેલેન્સ:** ગ્રુપનો કુલ એસેટ બેઝ વધીને 7.85 લાખ કરોડ થઈ ગયો છે કારણ કે એનર્જી, યુટિલિટીઝ, ટ્રાન્સપોર્ટ અને લોજિસ્ટિક્સમાં રોકાણ વધારવામાં આવ્યું છે. કુલ ખર્ચનો લગભગ 80% કોર ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્લેટફોર્મ પર ખર્ચ થયો. ગ્રુપ પાસે FY26 ના અંતે 55,852 કરોડનું કેશ બેલેન્સ હતું, જે કુલ દેવાના 15% છે.

**દેવાની કિંમતમાં ઘટાડો:** રેટિંગ અપગ્રેડ અને કેપિટલ સુધી વધુ સારી પહોંચને કારણે ગ્રુપની સરેરાશ ઉધાર ખર્ચ (બોરોઈંગ કોસ્ટ) ઘટીને 7.8% પર આવી ગઈ છે, જે બે વર્ષ પહેલાં 9% હતી. અમેરિકી કેસ બંધ થવાથી ગ્રુપના બોરોઈંગ પ્રોફાઈલમાં વધુ સુધારો થશે અને વધુ લેન્ડર્સ આકર્ષિત થશે.

ગ્લોબલ બ્રોકરેજ ફર્મ મોર્ગન સ્ટેનલીએ AGM પહેલાં અદાણી એન્ટરપ્રાઈઝિસને 'ઓવરવેટ' રેટિંગ આપી છે અને 3,638નો ટાર્ગેટ પ્રાઈસ નક્કી કર્યો છે. મોર્ગન સ્ટેનલીએ અદાણી એન્ટરપ્રાઈઝિસને ભારતનું મુખ્ય ઈન્ક્યુબેટર ગણાવ્યું છે.


**પશ્ચિમ રેલવે**
**ભાવનગર ડિવિઝન**

**LC ગેટ્સના ઈન્ટરલોકિંગના સંબંધમાં TRD કામો**

**ટેન્ડર નં. ૦૧-ટીઆરડીબીવીપી-૨૦૨૬-૨૭-R૧**

ભારતના રાષ્ટ્રપતિ માટે અને વતી ડિવિઝનલ રેલવે મેનેજર (TRD) પશ્ચિમ રેલવે, ભાવનગર પરા નીચે જણાવેલ કામ માટે ઈ-ટેન્ડર આમંત્રિત કરે છે. **કામનું નામ:** ભાવનગર ડિવિઝનમાં ૧૦,૦૦૦ થી વધારે ATVU ધરાવતા LC ગેટ્સના ઈન્ટરલોકિંગના સંબંધમાં TRD કામો. **ટેન્ડર રકમ:** ₹ ૨,૩૭,૫૭,૭૪૪.૯૯/- **ટેન્ડર ફી:** શૂન્ય, **ઈએમડી રકમ:** ₹ ૪,૭૫,૨૦૦/- **સરનામું:** ડીઆરએમ (ટ્રેક્શન) બીવીપી, ડીઆરએમ ઓફીસ, ભાવનગર પરા-૩૬૪૦૦૩. બીડર્સે માત્ર ઓનલાઈન લીંક એટલે કે www.ireps.gov.in મારફતે અરજી કરવાની રહેશે. વધુ વિગતો માટે કૃપા કરી વેબસાઈટ www.ireps.gov.in જુઓ. ઉપરોક્ત દર્શાવેલા ટેન્ડરો માટે ઓનલાઈન અરજી કરવાની છેલ્લી તારીખ: **૧૬-૦૭-૨૦૨૬ ના ૧૫:૦૦** કલાક સુધી છે. BVP-066

અમને લાઇક કરો: facebook.com/WesternRly

**પશ્ચિમ રેલવે – અમદાવાદ ડિવિઝન**

**ફ્યૂલ પંપ, રેડિયેટર અને એમ્પલીફાયરની આપૂર્તિ**

ભારતના રાષ્ટ્રપતિ માટે અને વતી ડેપ્યુ. સીએમએમ-સાબરમતી, પશ્ચિમ રેલવે સામગ્રીઓની આપૂર્તિ માટે નીચે જણાવ્યા મુજબ ઈ-ટેન્ડર આમંત્રિત કરે છે.

**અનું. નં. ૦૧** | **ટેન્ડર નં.** | **૭૧૨૬૫૫૫૨**

| સામગ્રીઓનું ટૂંકુ વર્ણન | જથ્થો |
|---|---|
| ૧) ફ્યૂલ પંપ ૨૪V [પાર્ટ નં. : ૯૫૮૦૨૩૪૦૦૫] બનાવટ: PLASSER, BOSCH | ૧૮ નંગ |
| ૨) રેડિયેટર [પાર્ટ નં. : ૩૮૭૮૧૪૧] બનાવટ : Plasser, Cummins | ૦૩ નંગ |
| ૩) એમ્પલીફાયર [પાર્ટ નં. : PCB ૯૪૨૬૦૦ સહિત VT૩૦૦૫G-SO૩૨- A૮૨૨] બનાવટ : PLASSER, REXROTH | ૦૫ નંગ |

**ઈ-ટેન્ડર બંધ થવાની તારીખ અને સમય:** ૨૦-જુલાઈ-૨૬, ૧૧.૦૦ કલાકે, **ઈએમડી રકમ:** ₹ ૧,૪૮,૮૪૦/- ખરીદીના નિયંત્રણો અને વિગતવાર ટેન્ડરની શરતો સહિતની વિગતવાર ટેન્ડર નોટીસ અંગે કૃપા કરીને વેબસાઈટ www.ireps.gov.in ની મુલાકાત લેશો. મેન્યુઅલ ઓફરો ધ્યાનમાં લેવામાં આવશે નહીં. ADI-078

અમને લાઇક કરો: facebook.com/WesternRly • અમને ફોલો કરો: twitter.com/WesternRly

# ગુજરાતમાં ચોમાસાની એન્ટ્રી, 2-3 દિવસમાં રાજ્યભરમાં જમાવટ કરશે

## સૌરાષ્ટ્ર-દક્ષિણ ગુજરાતમાં ગાજવીજ સાથે ભારે વરસાદની આગાહી, 6 વર્ષમાં બીજી વાર ચોમાસું અઠવાડીયું લેટ

**ગાંધીનગર, તા.24**

હવામાન વિભાગે આગામી સાત દિવસ માટે આગાહી જાહેર કરી છે. જેમાં આજે 24 જૂને ગુજરાતમાં ચોમાસું પ્રવેશી ચૂક્યું છે, અને 2-3 દિવસમાં રાજ્યભરમાં જમાવટ કરશે. જ્યારે આજે 24 જૂને સૌરાષ્ટ અને દક્ષિણ ગુજરાતમાં ગાજવીજ સાથે ભારે વરસાદની આગાહી કરવામાં આવી છે. 24 જૂનના રોજ દક્ષિણ-પશ્ચિમ ચોમાસું આગળ વધીને ઉત્તર-પૂર્વીય અરબી સમુદ્ર, ગુજરાત, મધ્ય પ્રદેશના કેટલાક ભાગો, મહારાષ્ટ્રના બાકીના ભાગો તેમજ છત્તીસગઢ અને ઉત્તરાખંડના કેટલાક વિસ્તારોમાં પ્રવેશી ચૂક્યું છે. આગામી બે-ત્રણ દિવસમાં ચોમાસું ઉત્તર અરબી સમુદ્ર, ગુજરાત અને મધ્ય પ્રદેશના વધુ વિસ્તારો તેમજ છત્તીસગઢ, ઝારખંડ, બિહાર અને ઉત્તર પ્રદેશ તરફ આગળ વધવા માટે સાનુકૂળ પરિસ્થિતિ બનેલી છે.

હવામાન વિભાગના મતે ગુજરાતમાં 15 જૂને સત્તાવાર ચોમાસું બેસી જતું હોય છે. છેલ્લા બે વર્ષની વાત કરીએ તો, 2025માં 16મી જૂને બેસ્યું હતું. જ્યારે 2024માં 3 દિવસ વહેલા એટલે કે 12મી જૂને જ ચોમાસું બેસી ગયું હતું. 2023માં 25 જૂને ચોમાસાનું આગમન થયું હતું. એટલે કે 6 વર્ષમાં બીજી વાર ચોમાસું અઠવાડીયું લેટ થયું છે.

સાયક્લોનિક સર્ક્યુલેશન અને ટ્રફ લાઈન સક્રિય હોવાને કારણે દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્રના વિસ્તારોમાં ચેતવણી યેલો એલર્ટ આપવામાં આવી છે. ખાસ કરીને દક્ષિણ ગુજરાતના સુરત, તાપી, નવસારી, વલસાડ, ડાંગ અને દમણ-દાદરા નગર હવેલી તેમજ સૌરાષ્ટ્રના અમરેલી અને ભાવનગર જિલ્લામાં ભારે વરસાદની સંભાવના છે. 24થી 30 જૂન દરમિયાન રાજ્યમાં હળવાથી મધ્યમ વરસાદી માહોલ રહેશે.

આ ઉપરાંત, મેઘગર્જના અને વીજળીના કડાકા-ભડાકા સાથે વાવાઝોડાની પણ સંભાવના છે, જેમાં પવનની ગતિ 40થી 50 કિમી પ્રતિ કલાક રહી શકે છે. દક્ષિણ ગુજરાતના દરિયાકાંઠાના વિસ્તારોમાં પવનની ગતિ વધીને 60 કિમી પ્રતિ કલાક સુધી પહોંચવાની અને દરિયામાં મોજા ઉછળવાની શક્યતા હોવાથી માછીમારોને દરિયો ન ખેડવા માટે ખાસ ચેતવણી આપવામાં આવી છે. અમદાવાદ શહેરની વાત કરીએ તો ત્યાં સામાન્ય રીતે વાદળછાયું વાતાવરણ રહેશે અને વાવાઝોડા સાથે હળવાથી મધ્યમ વરસાદી ઝાપટાં પડી શકે છે, જ્યારે મહત્તમ તાપમાન 41 ડિગ્રી સેલ્સિયસની



આસપાસ રહેવાની સંભાવના છે.

નર્મદા જિલ્લાના 6 તાલુકામાંથી સાગબારા તાલુકામાં 23 જૂને મધરાત્રીથી ધોધમાર વરસાદ વરસતા ચારેકોર પાણી જ પાણી જોવા મળ્યું. ભારે વરસાદને કારણે જંગલ વિસ્તારની નદી નાળાઓ છલકાયા છે. એ સાથે જ ચોમાસાની સત્તાવાર એન્ટ્રી પહેલા અનેક વિસ્તારોમાં પુર જેવી સ્થિતિ સર્જાઈ છે. આજે 24 જૂને અમદાવાદ, ગાંધીનગર, મહેસાણા, અરવલ્લી, ખેડા અને દાહોદ સહિતના જિલ્લાઓમાં છૂટાછવાયા સ્થળોએ હળવાથી મધ્યમ વરસાદની શક્યતા છે. દક્ષિણ ગુજરાતના વડોદરા, ભરુચ, સુરત, નવસારી, વલસાડ, ડાંગ અને તાપી જિલ્લામાં અનેક સ્થળોએ વરસાદ પડી શકે છે.

રાજ્યમાં નોંધાયેલા તાજેતરના વરસાદી આંકડા અનુસાર છેલ્લા 24 કલાકમાં દક્ષિણ ગુજરાતના વિસ્તારોમાં મેઘરાજા મન મૂકીને વરસ્યા છે, જેમાં ખાસ કરીને વલસાડ જિલ્લો મોખરે રહ્યો છે. વલસાડના ઉમરગામ તાલુકામાં સૌથી વધુ 4.33 ઈંચ વરસાદ ખાબક્યો છે, જ્યારે કપરાડામાં 1.46 ઈંચ અને વાપીમાં 1.42 ઈંચ વરસાદ નોંધાયો છે.

આ ઉપરાંત, ડાંગ જિલ્લાના આહવા-ડાંગમાં 3.07 ઈંચ અને તાપીના ઉકાઈમાં 1.1 ઈંચ જેટલો નોંધપાત્ર વરસાદ પડ્યો છે. દક્ષિણ ગુજરાતના અન્ય જિલ્લાઓ જેવા કે સુરત (માંડવી, અરેઠ, માંગરોળ, ઉમરપાડા) અને નવસારી (ચીખલી, ગણદેવી, નવસારી, જલાલપોર) ના વિવિધ તાલુકાઓમાં પણ હળવાથી મધ્યમ ઝાપટાં સ્વરૂપે સતત વરસાદી માહોલ જળવાઈ રહ્યો છે.

બીજી તરફ, સૌરાષ્ટ્ર અને મધ્ય ગુજરાતના કેટલાક વિસ્તારોમાં પણ વરસાદની સારી હાજરી જોવા મળી છે. સૌરાષ્ટ્રના રાજકોટ જિલ્લાના ગોંડલ તાલુકામાં 2.13 ઈંચ જેટલો સારો વરસાદ નોંધાયો છે, જ્યારે કોટડા સાંગાણીમાં 0.79 ઈંચ વરસાદ પડ્યો છે.

નર્મદાના સાગબારામાં 0.75 ઈંચ તેમજ પંચમહાલના જાંબુઘોડા અને છોટા ઉદેપુરના કવાંટમાં સરખો એટલે કે 0.51 ઈંચ વરસાદ નોંધાયો છે. આ સિવાય બોટાદ, રાણપુર, અમરેલીના સાવરકુંડલા અને જાફરાબાદ જેવા વિસ્તારોમાં 0.04 ઈંચથી લઈને 0.31 ઈંચ સુધીના હળવા વરસાદી ઝાપટાં પડ્યા છે, જેનાથી વાતાવરણમાં ઠંડક પ્રસરી ગઈ છે.

અમદાવાદમાં છેલ્લા 24 કલાકમાં મહત્તમ તાપમાન 40.4 ડિગ્રી સેલ્સિયસ નોંધાયું છે. શહેરમાં સામાન્ય રીતે વાદળછાયું આકાશ રહેવાની સાથે એકથી બે વખત વરસાદી ઝાપટાં અથવા ગાજવીજ સાથે વરસાદ પડવાની શક્યતા છે. આજે 40 આસપાસ ડિગ્રી રહેવાની શકયતા છે.

આવતીકાલે 25 જૂને હવામાન વિભાગે દક્ષિણ ગુજરાતના સુરત, નવસારી, વલસાડ, ડાંગ તેમજ દમણ, દાદરા અને નગર હવેલીમાં ભારે વરસાદની ચેતવણી જાહેર કરી છે. ઉપરાંત અમરેલી અને ભાવનગર જિલ્લામાં પણ ભારે વરસાદની શક્યતા વ્યક્ત કરવામાં આવી છે. સાથે જ દક્ષિણ ગુજરાત અને સૌરાષ્ટ્રના અનેક વિસ્તારોમાં 40 થી 50 કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે પવન, વીજળીના કડાકા અને ગાજવીજ સાથે વરસાદ પડવાની આગાહી કરવામાં આવી છે.

### બે રાજ્યોની હદ વટાવી દારૂ ગુજરાત આવ્યો

## ચંદીગઢથી ફર્નિચરની આડમાં અમદાવાદ લવાતો દારૂ નારોલ પાસેથી ઝડપાયો, ડ્રાઈવર સહિત બેની ધરપકડ

**અમદાવાદ, તા.24**

અમદાવાદ શહેરમાં વિદેશી દારૂની હેરાફેરી દિન પ્રતિદિન વધી રહી છે ત્યારે પોલીસ કમિશનરની પીસીબી સ્ક્વોડ દ્વારા દરોડા પાડી દારૂ પકડવામાં આવી રહ્યો છે. ઘાટલોડીયા અને કાગડાપીઠ બાદ હવે નારોલ વિસ્તારમાંથી ચંદીગઢથી ટ્રક ભરીને લવાતા વિદેશી દારૂના જથ્થાને પીસીબીની ટીમે ઝડપી પાડ્યો છે. આરોપીઓ જૂના અને તૂટી ગયેલા ફર્નિચરની ખોટી બિલ્ટી બનાવી ફર્નીચરની આડમા ટ્રકમાં વિદેશી દારૂ ભરીને લાવ્યા હતા. પોલીસે 28.24 લાખના દારૂ સહિતનો 38 લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો છે. બે આરોપીની ધરપકડ કરી વધુ તપાસ શરૂ કરી છે. મળતી માહિતી મુજબ પોલીસ કમિશનરની પીસીબી સ્ક્વોડના પીઆઈ જે.પી. જાડેજાને બાતમી મળી હતી કે શહેરના નારોલ પોલીસ સ્ટેશન વિસ્તારમાં નારોલ રંગોલી નગર તરફ જવાના રસ્તે નારોલ ટોરેંટ પાવર પાસે રોડથી વિદેશી દારૂ ભરેલો ટ્રક પસાર થવાનો છે. જેના આધારે ટીમ દ્વારા વોચ ગોઠવવામાં



આવી હતી. ટ્રક આવતાની સાથે જ પોલીસે તેને રોકીને તપાસ કરતા તેમાં જૂનું તથા તૂટી ગયેલ ફર્નીચર મળી આવ્યું હતુ અને જેની આડમાં મોટા પુઠાના બોક્સ હતા જે ખોલીને જોતા તેમા નાની મોટી વિદેશી દારુની 177 પેટીઓમાં વિદેશી દારુની નાની મોટી સીલબંધ બોટલો 5868 કિ.રુ.28,24,944ની મળી આવી હતી. પોલીસે ટ્રક ચાલકની પૂછપરછ કરતાં તેનું નામ રમેશચંદ રામલાલ ઝુલાહા (કબીરપંથી)( રહે.ગામ-વાલમ તા.રામશહેર પોસ્ટ-લુનસ જિ.સોલન હિમાચલપ્રદેશ) અને જીતેંદ્ર સ/ઓ. હરીરામ રામબરન ચોરસીયા (રહે.પોપટ લાલની ચાલી સત્યમનગર અમરાઈવાડી) હોવાનું જણાવ્યું હતું.

## અમદાવાદમાં હનીટ્રેપ જેવો જ નવો કીમિયો: Grinder એપથી સમલૈંગિક યુવકને અવાવરું જગ્યાએ બોલાવી પટ્ટાથી માર્યો

**અમદાવાદ, તા.24**

ઓનલાઈન ડેટિંગ એપ્લિકેશનના માધ્યમથી મિત્રતા કરીને નિર્દોષ લોકોને ફસાવતી અને બળજબરીપૂર્વક લૂંટ આચરતી એક ખતરનાક ગેંગનો નારોલ પોલીસે પર્દાફાશ કર્યો છે. પોલીસે ગુનામાં સંડોવાયેલા બે રીઢા ગુનેગારોની ગણતરીના કલાકોમાં ધરપકડ કરી સોનાની વીંટી સહિતનો મુદ્દામાલ જપ્ત કર્યો છે. આ આરોપીઓ Grinder એપ મારફતે સમલૈંગિક યુવકો સાથે વાતચીત કરીને મિત્રતા કેળવતા હતા અને ત્યારબાદ તેમને અવાવરું જગ્યાએ એકલા મળવા બોલાવી માર મારી લૂંટી લેતા હતા.

આ ચકચારી ઘટનાની વિગત એવી છે કે, કાલુપુરની એક ટેક્સ્ટાઈલ કંપનીમાં સામાન્ય નોકરી કરીને પરિવારનું ગુજરાન ચલાવતો એક સમલૈંગિક યુવક ગત મહિને પોતાના ઘરે હાજર હતો. આ દરમિયાન ગે ડેટિંગ એપ્લિકેશન પર એક અજાણ્યા આઈડી ધારકે તેની સાથે વાતચીત



શરૂ કરી હતી. આરોપીએ યુવકને વિશ્વાસમાં લઈને રાત્રે 8.30 વાગ્યે બહાર મળવા બોલાવ્યો હતો. ત્યાંથી આરોપીઓ યુવકને પોતાની એક્ટિવા પર બેસાડી નારોલ વિસ્તારમાં કર્ણાવતી-06 ફ્લેટની સામે કેનાલ રોડ પાસે એક અવાવરું જગ્યા પર લઈ ગયા હતા. ત્યાં પહોંચતા જ બંને આરોપીઓમાંથી એકે યુવકને બેલ્ટ (પટ્ટા) વડે બેરહેમીથી માર મારવાનું શરૂ કર્યું હતું અને ડરાવી-ધમકાવીને તેના હાથમાં પહેરેલી 3 ગ્રામની સોનાની વીંટી છીનવી લીધી હતી.

બીજા આરોપીએ યુવકને લાફા મારીને વધુ પૈસાની માંગણી કરી હતી, પરંતુ યુવક પાસે રોકડ ન હોવાથી તેને ફરી માર મારવામાં આવ્યો હતો. અંતે, પીડિત યુવકે ગભરાઈને પોતાના એક મિત્રને ફોન કરી ઓનલાઈન 5 હજાર મંગાવ્યા હતા. આ ઓનલાઈન આવેલા રૂપિયા બંને લૂંટારુઓએ નજીકની એક કરિયાણાની દુકાનમાં સ્કેનર QR કોડ મારફતે ટ્રાન્સફર કરાવી વેપારી પાસેથી રોકડા મેળવી લીધા હતા અને ત્યારબાદ યુવકને મુક્ત કર્યો હતો.

નારોલ પોલીસ સ્ટેશનના પીઆઈ જે.બી. અગ્રાવતે જણાવ્યું હતું કે, 'ભોગ બનનાર યુવકે વટવા કેનાલ પાસે માર મારીને સોનાની વીંટી તેમજ ઓનલાઈન પૈસા પડાવ્યા હોવાની ફરિયાદ નોંધાવતા જ પોલીસે ટેક્નિકલ સર્વેલન્સ અને હ્યુમન સોર્સના આધારે ગણતરીના કલાકોમાં બે આરોપીઓની ધરપકડ કરી લીધી છે.'

જય ઉર્ફે જેક ચાવડા (ઉ.વ. 22, રહે. વટવા): આ આરોપી વિરૂદ્ધ અગાઉ ગોમતીપુર પોલીસ સ્ટેશનમાં હત્યા અને મારામારી સહિતની ગંભીર કલમો હેઠળ ગુનો નોંધાઈ ચૂક્યો છે.

રોહિત ઉર્ફે રિસ્કી યાદવ (ઉ.વ. 26, રહે. નારોલ): આ આરોપી વિરૂદ્ધ પણ વસ્ત્રાપુર પોલીસ મથકમાં જાનથી મારી નાખવાની ધમકી અને મારામારીના ગુના અગાઉ નોંધાયેલા છે.

પોલીસે આ બંને રીઢા ગુનેગારો સામે લૂંટ અને મારામારીનો ગુનો નોંધી જેલના સળિયા પાછળ ધકેલી દીધા છે અને આ એપ દ્વારા તેઓએ અન્ય કેટલા લોકોને શિકાર બનાવ્યા છે તે દિશામાં તપાસ શરૂ કરી છે.

## ખોખરામાં યુવકને માથામાં પથ્થર મારી પતાવી દીધો...

### માનવતા દાખવી નશામાં રહેલા યુવકને રસ્તાની સાઈડમાં બેસાડ્યો, ગાળો આપી તો ઉશ્કેરાયોને હત્યા કરી નાખી, ક્રાઈમ બ્રાંચે દબોચ્યો

**અમદાવાદ, તા.24**

શહેરના ખોખરામાં મળી આવેલા યુવકના મૃતદેહની તપાસ દરમિયાન પોલીસે હત્યાનો ભેદ ઉકેલી આરોપીની ધરપકડ કરી છે. સમગ્ર ઘટના 'ધરમ કરતાં ધાડ પડી' કહેવતને સાચી ઠેરવતી હોય તેવી સામે આવી છે. રસ્તા પર નશાની હાલતમાં પડેલા યુવકને એક રાહદારીએ માનવતા દાખવી રોડની સાઈડમાં બેસાડવાનો પ્રયાસ કર્યો હતો, પરંતુ ત્યારબાદ થયેલા ઝઘડામાં યુવકની હત્યા થઈ ગઈ હતી. આ કેસમાં ક્રાઈમ બ્રાન્ચે હત્યા કરનાર આરોપીની ધરપકડ કરી છે.

થોડા દિવસ પહેલા ખોખરા વિસ્તારમાંથી એક યુવકનો મૃતદેહ મળી આવ્યો હતો. પોલીસની પ્રાથમિક તપાસમાં મૃતકની ઓળખ અમરાઈવાડી વિસ્તારમાં રહેતા દીપક કોસ્ટી તરીકે થઈ હતી. શરૂઆતમાં કુદરતી મોત લાગી રહ્યું હતું પરંતુ પીએમ રિપોર્ટમાં માથામાં ઈજા હોવાનું સામે આવ્યું હતું. ત્યારબાદ દીપકની હત્યા કોણે અને શા માટે કરી તેની તપાસ શરૂ કરવામાં આવી હતી.

ક્રાઈમ બ્રાન્ચના PI એસ.જે. જાડેજાની ટીમે આસપાસના CCTV ફૂટેજ અને બાતમીદારોની મદદથી તપાસ શરૂ કરી હતી. ત્યારે તપાસ દરમિયાન હત્યામાં સંડોવાયેલા સ્થાનિક વ્યક્તિ મંગલ બાબા બોકડે સુધી પોલીસ પહોંચી હતી. પોલીસે મંગલની અટકાયત કરી તેની પૂછપરછ કરતા સમગ્ર ઘટનાક્રમ બહાર આવ્યો હતો.

મંગલે પોલીસને જણાવ્યું હતું કે, ઘટનાની રાત્રે તે રસ્તા પરથી પસાર થઈ રહ્યો હતો ત્યારે એક અજાણ્યો યુવક નશાની હાલતમાં રસ્તાની વચ્ચે પડ્યો હતો. કોઈ અકસ્માત ન સર્જાય તે માટે માનવતા દાખવી તેણે યુવકને રસ્તાની સાઈડમાં બેસાડવાનો પ્રયાસ કર્યો હતો. જોકે, સાઈડમાં લઈ જતાં જ યુવકે મંગલને ગાળો આપવાનું શરૂ કર્યું હતું અને તેની સાથે ઝઘડો કર્યો હતો.

## પોલીસવડા અને AMC કમિશનરની વિઝીટ: એસ.જી. હાઇ-વે પર પેલેડિયમ મોલ પાસે ડિવાઈડર કટ બંધ થવાથી ટ્રાફિકની સમસ્યા હળવી

**અમદાવાદ, તા.24**

અમદાવાદમાં ટ્રાફિકની સમસ્યા દિન-પ્રતિદિન વધી રહી છે ત્યારે એસ.જી.હાઈ-વે પર ટ્રાફિકની સમસ્યા દૂર કરવા માટે પેલેડિયમ મોલ પાસે ડિવાઈડર કટ બંધ કરીને નવા યુ ટર્ન શરૂ કરવામાં આવ્યા છે, જેને લઈને ટ્રાફિક સમસ્યા હળવી થઈ છે. રાજ્ય પોલીસવડા અને અમદાવાદ પોલીસ કમિશનર જી.એસ. મલિક અને મ્યુનિસિપલ કમિશનર બંછાનિધિ પાની દ્વારા પેલેડિયમ મોલ પાસે વિઝીટ કરીને ટ્રાફિકની સમસ્યા અંગે નિરીક્ષણ કર્યું હતું.

પેલેડિયમ મોલ પાસે જે સર્વિસ રોડ તરફથી આવતા ડિવાઈડર કટ કામચલાઉ બંધ કરવામાં આવ્યા છે તેને સંપૂર્ણપણે બંધ કરવામાં આવશે. જેનાથી વધારે ટ્રાફિક હળવો થઈ શકશે. ડિવાઈડર કટ બંધ કર્યા હોવાના કારણે 108 એમ્બ્યુલન્સના પણ રિસ્પોન્સ ટાઈમમાં ઘટાડો જોવા મળ્યો છે અને સોશિયલ મીડિયામાં પણ ઘણો એવો સારો પ્રતિસાદ મળી રહ્યો છે.

રાજ્ય પોલીસ વડા જી. એસ. મલિકે જણાવ્યું હતું કે, અમદાવાદ મ્યુનિસિપલ કમિશનર અને તેમની ટીમ સાથે એસ.જી. હાઈ-વે પર પેલેડિયમ મોલ અને કારગીલ પેટ્રોલ પંપ ચાર રસ્તા ખાતે ટ્રાફિકની સમસ્યા દૂર કરવા અંગે સ્થળ પર નિરીક્ષણ



કરવામાં આવ્યું હતું. વચ્ચેના ડિવાઈડર કટ બંધ કરી અને 100 મીટર દૂર વળાંક આપવામાં આવ્યો છે, તેનાથી ટ્રાફિકની સમસ્યા દૂર થઈ છે. ટ્રાફિકજામની સ્થિતિ જોવા મળતી નથી. કારગિલ પેટ્રોલ પંપ પર પણ સ્થળ વિઝિટ કરી ટ્રાફિક સમસ્યાને દૂર કરવા અંગે કોર્પોરેશન સાથે મળીને કામગીરી કરવામાં આવશે એસ.જી. હાઈ-વે પર ટ્રાફિકની સમસ્યાને દૂર કરવા માટે પેલેડિયમ મોલ ખાતે ચાર રસ્તા પર વચ્ચેના ડિવાઈડર કટ બંધ કરી બંને તરફ 100 મીટર વળાંક આપવામાં આવ્યા છે જેનાથી ટ્રાફિકની સમસ્યા હળવી થઈ છે ત્યારે મ્યુનિસિપલ કમિશનર સાથે પોલીસ કમિશનરે પણ ટ્રાફિક ડીસીપી અને કોર્પોરેશનના ટ્રાફિક વિભાગ સાથે સ્થળ પર વિઝીટ કરી હતી. જેમાં ટ્રાફિકના વળાંક માટે જ્યાં પણ જરૂરિયાત હોય તો રોડ થોડો પહોળો કરવા માટે થઈને પણ વિચારણા કરવામાં આવી શકે છે.

એસજી હાઈવે પર સર્વિસ રોડ તરફ પેલેડિયમ મોલ બાજુથી બે જેટલા ડિવાઈડર કટ બંધ કરવામાં આવ્યા છે તે હાલ કામ ચલાવી રીતે બંધ કરવામાં આવ્યા છે તેને સંપૂર્ણપણે પણ બંધ કરવામાં આવશે જેથી ટ્રાફિકની સમસ્યા વધારે હળવી થઈ શકશે. કારગિલ પેટ્રોલ પંપ ઉપર પણ વિઝિટ કરીને ટ્રાફિકની સમસ્યા હળવી કરી શકાય તેના માટે કેવી રીતે ડિવાઈડર કટ બનાવવા તેના માટે પણ કમિશનર સાથે વિઝીટ કરી અને નિર્ણય લેવામાં આવશે. તબક્કા વાર અલગ અલગ જગ્યાના ડિવાઈડર કટ આપણે બંધ કરી રહ્યા છીએ અને તેનાથી ટ્રાફિકની સમસ્યા ખૂબ હળવી થઈ છે.

ચેનલ નાઈન નેટવર્ક ગુજરાત
આપે છે તક...
બનો સોશિયલ જર્નાલિસ્ટ
આપના વિસ્તારની સમસ્યાઓ, રસ્તા, પાણી, ગટર, લાઈટ વગેરેના પ્રશ્નો, રોજિંદી ઘટનાઓ, સામાજિક પ્રસંગો તેમજ આપની આસપાસ કંઈક વિશેષ કે નવું બની રહ્યું હોય તો તેની વિગતો, શૈક્ષણિક સંસ્થાઓ, NGO સહિતની સેવાભાવી સંસ્થાઓ પણ ફોટોગ્રાફ્સ સાથે કાર્યક્રમની વિગતો અમને મોકલી આપો.
વોટ્સએપ નંબર - 8980070599




